

# કીર્તન માધુરી

## ભાગ-૨

• કાવ્ય પ્રસંગ • કાવ્ય કૃતિ • આસ્વાદ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૬૦

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :**

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ- સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# કીર્તન માધુરી

## ૨

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૬૦

: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

### સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

❋ પ્રકાશન સમિતિ ❋

*: પ્રેરક - માર્ગદર્શક :*

**❋ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ❋**

©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

*પ્રથમ આવૃત્તિ*
પ્રત : ૨૦૦૦
૨૦૦૭, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૬૩, મહા વદ ચૌદશ

*સેવા મૂલ્ય* : રૂ.૨૫/-

*પ્રકાશક*
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦


*મુદ્રક*
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના
સ્વામી અને સદા સાકાર
દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ
**શ્રી સ્વામિનારાયણ ભગવાનના**
ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ
મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું
સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની
સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા
—આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ
પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ
**અનાદિ મહામુક્તરાજ**
પ. પૂ. શ્રી અબજીબાપાશ્રીના
ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના
સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત
કરી આધ્યાત્મિક, સામાજીક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,
અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને
ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઉર્ધ્વીકરણ
કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ
સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન'**નું
સ્થાપન કરનાર કરૂણામૂર્તિ સદ્‌ગુરુવર્ય
**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈના**
ચરણકમળમાં શતકોટિ વંદન!

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત -સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક

દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

# નિવેદન

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલિન એમના અંતેવાસી નંદ પંક્તિના મૂર્ધન્ય સંતકવિઓએ સંસ્કૃત વાઙ્મય અને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જે ખેડાણ કર્યું છે તે મધ્યકાલિન સાહિત્યાકાશમાં ધ્રુવતારક સમાન લેખાય છે. એમની એ અમર રચનાઓ માત્ર સાહિત્યિક જ નથી, એમાં ભારોભાર ભક્તિ અને અતલ ઊંડાણને સ્પર્શે એવું અધ્યાત્મ ભરેલું છે. પરંતુ ખરેખર ખેદની વાત તો એ છે કે એમાંની ઘણી કૃતિઓ હજી અપ્રગટ છે. આ ક્ષેત્રે જેટલું સંશોધન થવું જોઈએ એટલું હજી થયું નથી.

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનો હંમેશાં એ નમ્ર પ્રયાસ રહ્યો છે કે આ વણખેડાયેલ ક્ષેત્રમાં શક્ય એટલું અનોખું પ્રદાન આપવું. આપણા સિદ્ધહસ્ત નંદ સંતકવિઓએ જેટલું લખ્યું છે તે બધું જ જો યથાયોગ્ય લોકભોગ્ય સ્વરૂપમાં સાંપ્રત માનવ સમાજ સમક્ષ મૂકવામાં આવે તો એ અનોખી આધ્યાત્મિક ક્રાંતિ આણીને આજની અને આવનારી પેઢીને આત્યંતિક કલ્યાણના ઉચ્ચતમ ધ્યેય પ્રતિ લઈ જઈ શકે તેમ છે.

'કીર્તનમાધુરી'નો પહેલો ભાગ ઈ.સ. ૧૯૮૮માં જ્યારે પ્રકાશિત થયો ત્યારે ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાંથી જ નહિ પરંતુ સમગ્ર ગુજરાત અને પરદેશમાં વસતા હજારો ગુજરાતીઓ તરફથી પણ એને જબરદસ્ત આવકાર મળ્યો હતો. અનોખું બિલ્વપત્રમાં ડૉ. લવકુમાર દેસાઈએ

પ્રાસ્તાવિકના અંતમાં એવો સંકેત આપ્યો હતો કે આ પુસ્તકને સાનુકૂળ પ્રતિભાવ સાંપડશે તો અન્ય બિલ્વપત્રની લાક્ષણિક ભેટ અવશ્ય મળશે.

આજે શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની રજત જયંતી મહોત્સવના ઉપલક્ષે કીર્તનમાધુરીના દ્વિતીય ભાગનું પ્રકાશન કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ, અનાદી મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી, દયાળુ સદ્ગુરુઓ તથા વાત્સલ્યમૂર્તિ ગુરુવર્ય અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની કૃપાવર્ષા આ પુણ્યકાર્યમાં સર્જક તેમ જ સહભાગી થનાર સૌ કોઈ ઉપર સદાય વરસતી રહે એ જ અભ્યર્થના.

સં. ૨૦૬૩, મહા વદ-૧૪<br>ઈ. સ. ૨૦૦૭, ૧૬ ફેબ્રુઆરી

**પ્રકાશન સમિતિ**<br>**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# કાવ્યાનુક્રમ


| ક્રમ | કાવ્ય | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્... | સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી | ૧ |
| ૨. | નવમેઘમેચકવિગ્રહમ્... | સદ્ગુરુ શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી | ૧૭ |
| ૩. | સબહી બરનમેં વોહી બડે જીન... | સદ્ગુરુ શ્રી શ્વેતવૈકુંઠાનંદ સ્વામી | ૩૩ |
| ૪. | પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયમ્ શરણમ્ હરિં ત્વામ્... | સદ્ગુરુ શ્રી અખંડાનંદ બ્રહ્મચારી | ૪૦ |
| ૫. | શ્રી વાસુદેવ! વિમલામૃત ધામવાસમ્... | સદ્ગુરુ શ્રી શતાનંદ સ્વામી | ૫૭ |
| ૬. | પૂર્વેનું પુણ્ય પ્રગટ થયું જ્યારે... | સદ્ગુરુ શ્રી જેરામ બ્રહ્મચારી | ૭૩ |
| ૭. | ત્વદ્રૂપે નિશ્ચલા મે મતિઃ । | સદ્ગુરુ શ્રી યોગાનંદ સ્વામી | ૭૮ |
| ૮. | યાચે ત્વામિતિ સતતં કૃતનસ્તિસ્તદ્રેહિ મે શ્રીહરે... | સદ્ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી | ૯૨ |
| ૯. | વ્હાલો અક્ષરધામના વાસી... | સદ્ગુરુ શ્રી ઈશાનંદ બ્રહ્મચારી | ૧૦૬ |
| ૧૦. | સ્વામિન્પરાત્પર વિભો પુરુષોત્તમાદ્ય... | સદ્ગુરુ શ્રી શુકાનંદ સ્વામી | ૧૧૨ |
| ૧૧. | શ્રી નિલકંઠ! હરિકૃષ્ણ! હરે! દયાલો!... | સદ્ગુરુ શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારી | ૧૨૮ |

૧૨. અનિહાંરે ખેલત રંગ હોરી રે...
સદ્‌ગુરુ શ્રી અવિનાશાનંદ બ્રહ્મચારી ૧૪૦
૧૩. હર હર ગોપીનાથ મમ કષ્ટમ્...
સદ્‌ગુરુ શ્રી નિષ્કામાનંદ બ્રહ્મચારી ૧૪૮
૧૪. ભવસંભવ ભીતિભેદનં...
પંડિત દીનાનાથ ભટ્ટ ૧૫૪
૧૫. ધર્મકુંવર ક્યારે આવશો...
સદ્‌ગુરુ શ્રી જગદીશાનંદ બ્રહ્મચારી ૧૬૪

સંદર્ભગ્રંથ-સૂચિ ૧૬૮

સર્વજીવહિતાવહ
બ્રહ્મયજ્ઞના
૨૫ વર્ષ
* રજત પર્વે અમૃત સમીપે *
૧૯૮૧ - ૨૦૦૬

# કીર્તન માધુરી - ૨

# ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્

## ૧

## સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી

સનાતન હિન્દુધર્મમાં પરંપરાગત એક એવી માન્યતા પ્રવર્તે છે કે દશ મુખ્ય ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા - આ ત્રિપુટી કે જેને 'પ્રસ્થાનત્રયી' કહેવામાં આવે છે તેના ઉપર જે ભાષ્યની રચના કરે તેને ધર્માચાર્યનું ગૌરવવંતું બિરુદ પ્રાપ્ત થાય. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, મધ્વાચાર્ય ઇત્યાદિ ધર્માચાર્યોએ પોતપોતાના જ્ઞાનમતો જેવા કે અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈત વગેરેનું સમર્થન આ પ્રસ્થાનત્રયીને આધારે તેના પર ભાષ્યો રચીને કર્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને અનુમોદન આપી એમાં પોતાની આગવી લાક્ષણિકતા ઉમેરી એક અભિનવ જ્ઞાનમત સ્વરૂપાદ્વૈત પ્રસ્થાપિત કર્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંત શિરોમણી સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ પ્રસ્થાનત્રયી પર વિદ્વતાપૂર્ણ ભાષ્યો રચી આપણા જ્ઞાનમત સ્વરૂપાદ્વૈતનું સુપેરે સમર્થન કર્યું છે. એ દૃષ્ટિએ વિચારીએ તો સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને સ્વામિનારાયણ સંપ્રદાયના અદ્વિતીય ધર્માચાર્ય કહી શકાય. પરંતુ સ્વામીશ્રીએ ક્યારેય પોતાને ધર્માચાર્ય કહેવડાવવાની ખેવના

કરી નથી, એ જ એમની મહાનતાને સમ્યક્પણે સિદ્ધ કરે છે. અદ્વૈત વેદાંતમાં જે સ્થાન સર્વેશ્વરાચાર્યનું છે તેમ જ રામાનુજ વેદાંતમાં જે સ્થાન દેશિકાચાર્યનું છે, તે સ્થાન સ્વામિનારાયણ સંપ્રદાયના તત્ત્વજ્ઞાનમાં મહામુનિ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનું છે.

સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનો જન્મ સં. ૧૮૩૭માં મહા સુદ આઠમે સોમવારે પ્રાતઃકાળે સૂર્યોદય સમયે સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં બુઢેલી નદીના કાંઠે વસેલા ટોરડા ગામમાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ ખુશાલ હતું. પિતા મોતીરામ ઠાકર અને માતા જીવીબા બંને ઉચ્ચ કોટીના દૈવી જીવ હતા. ‘પુત્રના લક્ષણ પારણામાં’ એ લોકોક્તિ પ્રમાણે બાલ્યકાળના પ્રત્યેક પ્રસંગો ખુશાલનું જન્મસિદ્ધ યોગેશ્વર તરીકેનું અપાર સામર્થ્ય પ્રગલ્ભપણે પ્રગટ કરે છે. ખુશાલ ત્રણ વરસના થયા ત્યારે એમની બાળલીલામાં સહભાગી થવા સ્વયં શામળાજી એમની સાથે રમવા આવતા. પાંચમા વરસે ખુશાલને યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યા. ઉપવિત સંસ્કારથી સાતમે દિવસે મોતી ઠાકરે ખુશાલને મુડેટીના ભોળાનાથ શુકલને ત્યાં વિદ્યાભ્યાસ માટે મોકલ્યા. ખુશાલે બાર વરસ ગુરુગૃહે રહીને વ્યાકરણ, ન્યાય, મીમાંસા, વેદાંત અને તર્કશાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. સત્તર વરસની કિશોર વયે ખુશાલ અત્યાર સુધી કરેલા અધ્યયનની પરીક્ષા આપવા માટે કાશી ગયા. કાશીમાં મણિકર્ણિકા ઘાટ પર લગભગ દોઢ વરસ જેટલું રહીને ખુશાલભાઈ પરીક્ષામાં ઉચ્ચ ગુણે ઉત્તિર્ણ થઈ વેદવેદાંતપારંગત અને વ્યાકરણકેસરી જેવી પદવીથી

વિભૂષિત થયા.

કાશીથી નીકળી બદરિકેદાર ઇત્યાદિ ચાર ધામોની યાત્રા કરી ટોરડા પરત આવ્યા બાદ ખુશાલભાઈએ પાઠશાળાનો પ્રારંભ કર્યો. હવે તેઓ ખુશાલ ભટ્ટ તરીકે ઓળખાવા લાગ્યા. ખુશાલ ભટ્ટ વિદ્યાર્થીઓને ભણાવવાની સાથે સાથે ભજન પણ કરાવતા. ખુશાલ ભટ્ટની પાઠશાળા એ ફક્ત વ્યાકરણની વિદ્યાપીઠ જ નહોતી, પરંતુ અધ્યાત્મની આધારશીલા પણ હતી. ત્યાં સાહિત્યની ઉપાસનાની સાથે સાથે સમાધિના વિરલ અનુભવોનો પણ સઘન અભ્યાસ કરાવાતો.

પચ્ચીસ વરસની વયે ખુશાલ ભટ્ટના લગ્ન ચિત્રોડા ગામના વ્યાસ કુટુંબની કન્યા કુશળબા સાથે થયા. લગ્નના એક વરસ બાદ એમને ત્યાં કોમળ કળી સમી સુંદર કન્યા અનુપનો જન્મ થયો. છતાં પણ ખુશાલ ભટ્ટનું અંતર હંમેશાં સંસાર પ્રતિ અનાસક્ત જ રહ્યા કરતું. તેથી તેઓ ટોરડાની પૂર્વ દિશામાં આવેલા ધારેશ્વરના ડુંગરોમાં દિવસો સુધી અન્નજળ લીધા વિના વાઘ અને અજગર જેવાં વિકરાળ પ્રાણીઓના સાનિધ્યમાં ધ્યાનમગ્ન બનીને બેસી રહેતા. સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણિ'માં એમના વિશે લખે છે:

**'એવા ભક્ત તે ખરા ખુશાલ,**
**જેને ન ગમી સંસારી ચાલ.**
**બાળપણામાં રાચ્યા ભજને,**
**બીજું કાંઈ ગમ્યું નહિ મને.'**

એક વાર ખુશાલ ભટ્ટ નભોઈ ગયા હતા ત્યારે ત્યાં

તેમનો ભેટો સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ સર્વેશ્વરાનંદ સાથે થતાં એ સંતો સાથે ડભાણ જઈને તેમણે શ્રીજીમહારાજના દર્શન કર્યા. શ્રીહરિએ તેમને આશીર્વાદ આપીને કહ્યું : ‘હમણાં તમે ઘરે જાઓ, સમય આવ્યે તમને બોલાવી લઈશું.’ ખુશાલ ભટ્ટ ટોરડા પાછા ફર્યા, પરંતુ એમનું અંતર તો હંમેશાં ઝંખ્યા જ કરતું કે ક્યારે મને મહારાજ પોતાની પાસે બોલાવી લે.

થોડો સમય વિત્યા બાદ એક વાર ખુશાલ ભટ્ટ પોતાની પાઠશાળામાં વિદ્યાર્થીઓને ભણાવતા હતા ત્યારે એક વિદ્યાર્થીએ સમાધિમાંથી જાગૃત થઈને કહ્યુંઃ ‘ગુરુજી, એક વટેમાર્ગુ વિપ્ર અચલેશ્વર મહાદેવની જગ્યામાં આપની વાટ જોઈને બેઠો છે.’ ભટ્ટજી સમજી ગયા કે આ તો મારા વ્હાલીડાનું તેડું આવી ગયું છે. તત્કાળ તેઓ ઘરબાર, માતા-પિતા, પત્ની તથા બાળકીને છોડીને વટેમાર્ગુ વિપ્ર સાથે જેતલપુર ભણી ચાલી નીકળ્યા.

જેતલપુરમાં દેવસરોવરના કાંઠે મહોલ પાસે આસોપાલવના વૃક્ષ નીચે શ્રીજીમહારાજ ગાદી તકીયે વિરાજમાન હતા. શ્રીજી સન્મુખ સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. એ સભામાં ખુશાલ ભટ્ટે આવીને શ્રીજીમહારાજને ચરણસ્પર્શ કર્યા. મહારાજે ઊભા થઈને પ્રગાઢ આલિંગનમાં લેતાં ભટ્ટજીને પૂછ્યું : ‘અહો... તમે આવી ગયા? બોલો હવે તમારે શું કરવું છે?’ બે હાથ જોડીને ખુશાલ ભટ્ટ બોલ્યાઃ ‘મહારાજ, બસ હવે તો આપના ચરણોમાં રહીને બ્રહ્મવિદ્યા શીખવી છે અને બ્રહ્મભોજન કરવું છે!’ મહારાજે પ્રસન્નતાપૂર્વક કહ્યુંઃ

'બ્રહ્મવિદ્યા તો તમારા વિશે અનાદિકાળથી છે! હા, બ્રહ્મભોજન તૈયાર છે... ચાલો આપણે સાથે... બ્રહ્મભોજન કરીએ.' શ્રીજીમહારાજ ખુશાલ ભટ્ટને પોતાની સાથે ગંગામાને ત્યાં લઈ ગયા અને પોતાની સાથે જ જમવા બેસાડ્યા.

જેતલપુરથી બીજે દિવસે શ્રીજીમહારાજ ખુશાલ ભટ્ટને સાથે લઈ ગઢપુર ગયા. થોડા દિવસ ગઢપુરમાં પોતાની સાથે રાખ્યા બાદ મહારાજે ખુશાલ ભટ્ટને સત્સંગના પ્રચાર અને પ્રસાર અર્થે વડોદરા મોકલ્યા. વડોદરામાં પાંચ વરસ જેટલા પોતાના રોકાણ દરમ્યાન ખુશાલ ભટ્ટે સત્સંગનો બહુ બહોળો પ્રચાર કર્યો. શ્રીનાથ પટેલ (નાથભક્ત), સદાશિવ પાઠક, શોભારામ શાસ્ત્રી, લક્ષ્મીરામ વૈદ્ય વગેરે અનેક મહાનુભાવો ખુશાલ ભટ્ટની પ્રખર વિદ્વત્તા અને દિવ્ય પ્રભાવને પરિણામે સત્સંગમાં આવ્યા.

એક વાર કોઈકે શ્રીજીમહારાજને પૂછ્યું: 'મહારાજ, છેલ્લા પાંચ વરસથી ખુશાલ ભટ્ટ સત્સંગનો પ્રચાર-પ્રસારરૂપ સેવા કરી રહ્યા છે, એમને પરમહંસની દીક્ષા આપ ક્યારે આપશો?' મહારાજે કહ્યું: 'ખુશાલ ભટ્ટનું પરમહંસપણું તો સ્વયંસિદ્ધ છે, છતાં લોકવ્યવહારે તેમને થોડા સમયમાં જ દીક્ષા આપીશું.'

સં. ૧૮૬૪ના કાર્તિક વદી આઠમના દિવસે શ્રીજીમહારાજે ખુશાલ ભટ્ટને ગઢપુરમાં અક્ષર ઓરડીમાં ભાગવતી દીક્ષા આપી તેમનું નામ 'ગોપાળાનંદ સ્વામી' પાડ્યું.

શ્રી હરિચરિત્રામૃતમ્ (અ.૬૪, શ્લો.૫૨)માં સ. ગુ.

શ્રી કૃષ્ણાનંદ સ્વામી સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનો યથાર્થ પરિચય આપતાં લખે છે:

**'ધ્યાન કરાવે ભક્તને, તેને થાય સમાધિ તે વાર.**
**ગોલોકાદિક લોકમાં, પહોંચાડે કરીને પ્યાર.**
**સ્વતંત્ર યોગી સિદ્ધ તે, કહે જનના મનની વાત;**
**એવા ચમત્કાર સિદ્ધમાં, મહા મોટા મુનિ વિખ્યાત.**
**મહિમા જાણે મહારાજનો, સર્વોપરી સુખકંદ;**
**અપાર ગુણે ઓપતા, જેનું નામ ગોપાળાનંદ.**
**અવતાર સમ અવતારીના, છે સંતનૃપ સુખકંદ,**
**તારા છુપાયે સૂર્યથી, કવિ કહે છે કૃષ્ણાનંદ.'**

દીક્ષા પછી શ્રીજીમહારાજે સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને મંડળ બાંધીને સત્સંગના પ્રચાર અને પ્રસાર અર્થે ફરી વડોદરા મોકલ્યા. વડોદરાના વસવાટ દરમ્યાન સ્વામીશ્રીએ ઘણાં મહત્ત્વના નોંધપાત્ર કાર્યો કર્યા, જેવા કે સત્સંગના દ્વેષી તાંત્રિક ઢુંઢુરાવનો પરાજય, ઢુંઢુરાવની પાંચ વર્ષની પુત્રી મથુરાને સમાધિ, મહારાજા સયાજીરાવ (બીજા)ને સત્સંગ, ભાઉ પુરાણિક તથા નારુપંત નાનાનો સત્સંગમાં પ્રવેશ, બાપુરામ ગાર્દીની સત્સંગ-દીક્ષા અને વડોદરામાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય. શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડના ભાવભીના નિમંત્રણનો સ્વીકાર કરી શ્રીજીમહારાજ સં. ૧૮૮૨ના કારતક વદ પાંચમે વડોદરા પધાર્યા. આમ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ વડોદરામાં સત્સંગના વટવૃક્ષરૂપી બીજનું સિંચન કરી એને પાળી પોષી વિરાટ વડલામાં પરિવર્તિત કર્યું.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખમાં યોગેશ્વર

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના પરમ દિવ્ય ઐશ્વર્યના જે પ્રસંગો નોંધાયેલા છે તે ન ભૂતો ન ભવિષ્યતિ જેવા અજોડ છે. તેનું સંપૂર્ણ વિવરણ કરવા બેસીએ તો ગ્રંથોના ગ્રંથો ભરાય, માટે એ પૈકી થોડાં પ્રસંગોનો કિંચિત્ ઉલ્લેખ કરી સંતોષ માનીએ. બોટાદમાં જૈન મુનિ નેમીવિજયજીનો પરાભવ, સુંદરિયાણાના શેઠ હેમરાજશાની સત્સંગમાં શરણાગતિ, સારંગપુરમાં શ્રી કષ્ટભંજન હનુમાનજીની પ્રતિષ્ઠા, વડોદરામાં યજ્ઞનારાયણના પ્રત્યક્ષ દર્શન ઇત્યાદિ અનેક પ્રસંગોમાં શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામી દ્વારા અપાર ઐશ્વર્યદર્શન કરાવ્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતોનું સંપાદન સંપ્રદાયના પાંચ અગ્રગણ્ય સંતો - સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, સ. ગુ. શ્રી શુકાનંદ સ્વામી તથા સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ કરેલું છે. પરંતુ શ્રીજીમહારાજના એ અમૃત વચનોનો ગૂઢાર્થ તો એ સર્વે મોટેરા સંતોને પણ જ્યારે ગોપાળાનંદ સ્વામીએ સમજાવ્યો ત્યારે જ તે સંતો સમજ્યા હતાં.

શ્રીજીમહારાજે સં. ૧૮૮૬ના જેઠ સુદ દશમે દેહોત્સવ કર્યો તે પહેલાં, એ દિવસે સવારે અક્ષર ઓરડીમાં બંને આચાર્યો તથા સર્વે અગ્રગણ્ય સંતો, હરિભક્તોને બોલાવી ભલામણ કરતાં સર્વેને કહ્યું: 'આ ગોપાળાનંદ સ્વામી બહુ મોટા સાધુ છે. એમને અમે બંને દેશના મધ્યસ્થી તરીકે સ્થાપીએ છીએ. અમારા આશ્રિત એવા તમો સર્વેએ એમની આજ્ઞામાં રહેવું અને જે એ રીતે નહિ રહે તે અમારો ભક્ત

નથી.' આમ કહી મહારાજે બંને દેશના આચાર્યોના કાંડા પકડીને સ્વહસ્તે સ્વામીશ્રીને સોંપ્યા. પછી શ્રીજીમહારાજે સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સંતો, મૂળજી બ્રહ્મચારી ઇત્યાદિ બ્રહ્મચારી સંતો તથા દાદાખાચર, ભગુજી વગેરે હરિભક્તોને વ્યક્તિગત બોલાવીને સર્વેને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાની ખાસ ભલામણ કરી. આ આખોય પ્રસંગ સ્વામીશ્રીનું સર્વોત્કૃષ્ટ પરમહંસપણું બહુ સમ્યક્ રીતે સિદ્ધ કરે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં નંદસંતો પૈકી જે સંસ્કૃત વાઙ્મયમાં નિપુણ કવિઓ હતા તેમાં સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનું નામ સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. સ્વામીશ્રીએ શ્રીમદ્ ભાગવતના દ્વિતીય, દશમ તથા એકાદશ સ્કંધની વિશદ તાત્પર્યદર્શક ટીકાઓ, શ્રીહરિસ્વરૂપ નિર્ણય, વિવેકદીપ, વેદસ્તુતિ પર ભાષ્ય, શ્રીભક્તિ સિદ્ધિ તથા વિષ્ણુયાગ પદ્ધતિ જેવા સંસ્કૃત ભાષામાં કુલ ૧૯ ગ્રંથો રચ્યાં છે. તેમ જ ગુજરાતીમાં પાંચ અને શિક્ષાપત્રીનું મરાઠી ભાષાંતર એમ બીજા છ પુસ્તકો લખ્યાં છે. સ્વામીશ્રીએ સંસ્કૃતમાં અનેક સ્તોત્રોની રચના પણ કરી છે. એમની લેખનશૈલી અર્થગંભીર છતાં સરળ, સ્વતંત્ર અને તાત્પર્યને સ્પષ્ટપણે પ્રકાશિત કરનારી છે.

સં. ૧૯૦૮માં સ્વામીશ્રી ઉમરેઠ હતા ત્યારે તેમને ધ્યાનમાં મહારાજનો મહાસંદેશ મળ્યો: 'આત્મકલ્યાણ તો અમારા દિવ્ય સાકાર સ્વરૂપને યથાર્થ ઓળખવાથી જ થાય છે. માટે ભલે ગમે તેટલાં વિઘ્ન આવે, અમારા સર્વોપરી સ્વરૂપની ઉપાસના પ્રગલ્ભપણે સર્વત્ર પ્રવર્તાવો. આજે એમ

નહિ કરો તો બીજાં હજાર વર્ષ સુધી તમારે જ તે કરવાનું રહેશે.' સ્વામીશ્રીએ મહારાજનો એ મહાસંદેશ અંતરમાં ઝીલી લીધો અને અનેક વિરોધ વંટોળ સામે સર્વોપરી ઉપાસનાના પ્રવર્તનની જેહાદ જગાવી. પછી તો સ્વામીશ્રીએ સંતો, આચાર્યો અને હરિભક્તોની સભાઓમાં બેધડક બોલવા માંડ્યું: 'સચરાચર વિશ્વમાં એક માત્ર પરબ્રહ્મ પરમાત્માની શક્તિ જ તારતમ્યતા પ્રમાણે સર્વમાં પ્રકાશે છે. સર્વે અવતારો, તીર્થંકરો, પયગંબરો, પ્રભુ-પુત્રો એ બધાં જ એ એકમાત્ર સ્વરૂપમાંથી જ પ્રગટે છે અને અંતે એમાં જ લીન થાય છે. એ પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ આ યુગમાં મનુષ્ય સ્વરૂપે શ્રી સહજાનંદ સ્વામી યા ને ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટ થયા છે અને એ જ આપણા ઇષ્ટદેવ છે.' એકેશ્વરવાદના અજોડ સિદ્ધાંતનો આ અર્ક હતો. સત્સંગમાં કુસંગરૂપ કેટલાક અનિષ્ઠ તત્ત્વોએ સ્વામીશ્રીની વાતોનો વિરોધ કર્યો, પરંતુ સાચને આંચ ન આવે એ પ્રમાણે સ્વામીશ્રીએ પ્રભુના આદેશ અનુસાર પોતાનું કાર્ય પૂર્ણ કર્યું.

સં. ૧૯૦૮ના વૈશાખ વદ પાંચમે વડતાલમાં સ્વામીશ્રીએ દેહોત્સવ કર્યો. એ વખતે દિવ્ય દૃષ્ટિવાળા અનેક સંત મુક્તોએ નજરે નિહાળ્યું કે ચારેકોર દિવ્ય તેજના અંબાર ઊભરાતા હતા. એમાં શ્રીજીમહારાજ અસંખ્ય મુક્તો સાથે દિવ્ય વિમાનમાં બેસી સ્વામીશ્રીને ધામમાં તેડી જવા સારુ પધાર્યા અને મહા ઐશ્વર્ય જણાવી સ્વામીશ્રી શ્રીહરિના દિવ્ય સાકાર સ્વરૂપમાં રસલીન થઈ ગયા. સ્વામીશ્રીના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર જ્ઞાનબાગમાં જ્યાં કરવામાં આવેલો ત્યાં

આજે પણ એની સ્મૃતિરૂપે છત્રી વિદ્યમાન છે.

કાવ્યકૃતિ : (શ્રી હરિમહિમાષ્ટકમ્)

શ્રીધર્મસદ્મન્યવતીર્ય વિષ્ણુઃ ।
યો વાસુદેવો હરિકૃષ્ણ ઈશઃ ॥
શ્રી નીલકંઠોડત્રપુનાતિ મર્ત્યાન્ ।
ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૧॥
યસ્ય સ્વરૂપે તિલલક્ષણાનિ ।
સ્વભક્તચેતાંસિ હરંતિ યદ્વત્ ॥
અયાંસિચાકર્ષમણિપ્રવેકાઃ ।
ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૨॥
યસ્યાક્ષરે ધામનિયત્પ્રસક્તાઃ ।
ક્રીડંતિ દિવ્યેડક્ષરસંજ્ઞમુક્તાઃ ॥
સમ્રાટતનૂજા ઈવ સર્વમાન્યાઃ ।
ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૩॥
યસ્યાસ્યપદ્મેડદ્ભુતભૂરિશોભે ।
વસંતિ નેત્રભ્રમરા જનાનામ્ ॥
હંસાયથા માનસપદ્મવૃન્દે ।
ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૪॥
યઃ પોષયત્યત્ર નિજાન્ સ્વકીય ।
જ્ઞાનોપદેશેન સુધોપમેન ॥
વત્સાન્ સુશીલા પયસા યથા ગૌઃ ।
ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૫॥
પાષંડધર્માદ્યુધ્યને યસ્ય ।
શાકતા વ્યલીયન્ત યથોદિતેડર્કે ॥
ઘૂકા વૃષદ્વેષિણ એવ ચાન્યે ।

ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૬॥
યત્પાદપદ્મેઽક્ષરમુક્તચેતો ।
ભૃંગા રમન્તે સરસીવમીનાઃ ॥
આસેવ્યમાને ભુવિ ભૂરિભક્તૈઃ ।
ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૭॥
યદીયસૌંદર્યગુણાદિપારં ।
શેષાદયો યાન્તિ ન યસ્ય ભક્તાઃ ॥
વાંછન્તિ નાપ્યક્ષરસૌખ્યમન્તઃ ।
ધ્યાયે હરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૮॥

(સ્રગ્ધરાવૃત્તમ્)

ગોપાલાનન્દનામ્ના રચિતમતિશુભંવષ્ટકં સન્મયેદમ્ ।
પ્રીત્યૈ શ્રીધર્મસૂનોઃ પ્રકટભગવતઃ સ્વામિનારાયણસ્ય ॥
તન્માહાત્મ્યાવબોધં ય ઈદમિહ જનઃ શ્રાવયેત્કીર્તયેત્ વા ।
સ સ્યાદ્બ્રહ્મરૂપો હરિસ્તુલમુદં ચાપ્નુયાતત્ર ધાર્મિઃ ॥૯॥

**આસ્વાદ :**

સ્વામિનારાયણ સંપ્રદાયના શિરમોર સમા સંત શિરોમણિ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી રચિત સુંદર શબ્દમાધુર્ય, પદલાલિત્ય અને અર્થગાંભીર્ય ધરાવતું પ્રસ્તુત અષ્ટક અગિયાર માત્રાના ઉપજાતિ છંદમાં રચવામાં આવેલું છે. મંદિરોમાં સંધ્યા આરતી પછી જ્યારે આ અષ્ટકનું સમૂહ સંકીર્તનગાન થાય છે ત્યારે ગાનારા અને સાંભળનારાના અંતરમાં દિવ્ય આનંદના ઓઘ ઉતરે છે.

કવિ કહે છે : જે શ્રીધર્મદેવના ત્યાં પ્રગટ થયા છે, જે વિષ્ણુ છે, વાસુદેવ છે, હરિકૃષ્ણ છે, ઈશ છે, શ્રી નીલકંઠ છે, જે મન અને વાણીને અગોચર હોવા છતાં અનેક

જીવોના કલ્યાણાર્થે સૌ કોઈને નયનગોચર વર્તે છે એવા ધર્મપુત્ર શ્રીહરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનું હું ધ્યાન કરું છું.

ઉપરોક્ત ચરણમાં કવિએ શ્રીહરિ માટે જે વિશિષ્ટ વિશેષણો પ્રયોજ્યા છે તેનું ગહન ચિંતન અનિવાર્ય છે. અહીં કવિએ વિષ્ણુ શબ્દ અતિ વ્યાપક અર્થમાં વાપર્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ સચરાચર વિશ્વની જડચેતન સૃષ્ટિ, જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી તથા માયા એ સર્વમાં પોતાની અન્વયશક્તિ દ્વારા નિરંતર વ્યાપીને રહેલા છે તેથી કવિ તેમને વિષ્ણુ કહે છે. વાસુદેવ એટલે સર્વ અવતાર સ્વરૂપો તથા સર્વ શક્તિસ્વરૂપોનું મુખ્ય સ્રોતરૂપ પરબ્રહ્મ પરમાત્મ સ્વરૂપ. શ્રીજીમહારાજનું જન્મ સમયનું એક નામ છે હરિકૃષ્ણ, તેનો તાત્ત્વિક અર્થ પણ સમજવા જેવો છે.

પોતાના આશ્રિતમાત્રના ત્રિવિધ તાપને હરી લઈ પોતાના રસાત્મક સ્વરૂપમાં ભાવુક ભક્તના અંતરને આકર્ષિત કરે તે હરિકૃષ્ણ. શ્રીજીમહારાજ સાચા અર્થમાં હરિકૃષ્ણ છે. જે અક્ષરબ્રહ્મ પર્યંત સૌ કોઈના નિયામક સ્વામી છે તેથી કવિ શ્રીહરિને ઈશ કહે છે. વળી વનવિચરણ દરમ્યાન શ્રીજીમહારાજનું નામ નીલકંઠ વર્ણી હતું. તાત્ત્વિક દૃષ્ટિએ જે તપસ્વી, ત્યાગી, જ્ઞાની અને યોગીઓમાં શ્રેષ્ઠ હોય તેને નીલકંઠ કહે છે. શ્રીજીમહારાજનું નીલકંઠ નામ પણ એમની વનવિચરણલીલાની દૃષ્ટિએ યથાર્થ જ છે! આ શ્લોક દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વવ્યાપક, સર્વસમર્થ અને સર્વતંત્ર સ્વતંત્ર છે, જ્યારે અક્ષરબ્રહ્મ પર્યંત સૌ કોઈ વ્યાપ્ત,

અસમર્થ અને આધીન છે એ સિદ્ધાંત ફલિત થાય છે.

દ્વિતીય શ્લોકમાં કવિ શ્રીહરિના ભુવનમનોહર સ્વરૂપમાં રહેલાં ચિહ્નોનું પ્રગલ્ભ સ્વરે ગાન કરે છે. સ્વભક્તજનોના લાલનપાલન કરવાના હેતુથી ભગવાને ધારણ કરેલા માનુષી સ્વરૂપમાં જેમ લોહચુંબક મણિ ઇત્યાદિ રત્નોને આકર્ષે તેમ ભક્તના મનને હરી લે એવાં તલ અને સામુદ્રિક ચિહ્નો રહેલાં છે. કવિ કહે છે - આ ચિહ્નો જેમના અંગમાં સ્વાભાવિકપણે રહેલાં છે એવા ધર્મપુત્ર શ્રીહરિનું હું ધ્યાન કરું છું.

ભગવાન સદાય દ્વિભુજ દિવ્ય સાકારમૂર્તિ છે. અક્ષરધામમાં રહેલું દિવ્ય વ્યતિરેક સ્વરૂપ અને પૃથ્વી ઉપર અવતરેલું માનુષી સ્વરૂપ બંને અભિન્ન છે એ સિદ્ધાંત ઉપરોક્ત શ્લોકમાં ગર્ભિત રીતે સમજાવેલો છે.

યસ્યાક્ષરે...થી પ્રારંભાતા તૃતીય શ્લોકમાં કવિ ભગવાન્ શ્રી સ્વામિનારાયણનું ધામ કેવું છે અને ત્યાં કેવા ભક્તો રહેલા છે તેનું વિવરણ કરતા કહે છેઃ જેમના ધામનું નામ અક્ષર છે, જેટલા લોક કહેવાય છે- ધામ કહેવાય છે એ સર્વ લોક અને ધામથી પર અક્ષરધામ છે. એવા અક્ષરધામમાં ભગવાનનું સાધર્મ્ય પામેલા અક્ષરમુક્તો રહેલા છે અને એ સર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવારૂપી ક્રિડા કરી રહ્યા છે. જેમ કોઈ ચક્રવર્તી સમ્રાટ હોય તેના પુત્રોને બીજા ખંડિયા રાજાઓ તથા પ્રજા આદરપૂર્વક સન્માનતા હોય તેમ જીવકોટીથી માંડીને અક્ષરકોટી પર્યંત સર્વે અક્ષરમુક્તોનું પ્રેમ અને આદરથી સન્માન કરે છે. કવિ કહે છે એવા અક્ષરધામને ધારી રહેલા તથા અક્ષરમુક્તો

દ્વારા સેવાયેલા શ્રીહરિનું હું ધ્યાન કરું છું. આ શ્લોક દ્વારા ભગવાન શ્રીહરિ સર્વ કારણના કારણ છે, સર્વ અવતારના અવતારી છે. અક્ષરધામમાં ભગવાનના સાધર્મ્ય પામેલા અક્ષરમુક્તો પરમાત્માના સ્વરૂપનો આનંદ લેવા રૂપી ક્રિડામાં અહોનિશ કિલ્લોલ કરે છે - એ તાત્ત્વિક રહસ્ય સમજાવવામાં આવેલું છે.

ભગવાનને હંમેશાં પોતાના ભક્તજનો જ પ્રિય હોય છે, તેથી ભક્તવત્સવ ભગવાન સદાય ભક્તોને જ વશ વર્તે છે. આ સિદ્ધાંત સમજાવતાં કવિ ચતુર્થ શ્લોકમાં કહે છેઃ જેમ માનસરોવરમાં હંસો શોભી રહ્યા છે તેમ જેમના અદ્ભુત મુખારવિંદની કમનીય કાંતિનો અપૂર્વ આલ્હાદ્ ભક્તોરૂપી ભ્રમરો માણી રહ્યા છે એવા શ્રી ધર્મદેવના પુત્ર શ્રીહરિનું હું ધ્યાન કરું છું. ભગવાનને પોતાનો ભક્ત પોતાની આંખની કીકી (Apple of eyes) સમાન પ્રિયતમાદપિ પ્રિયતર હોય છે, જેમ મનુષ્ય પોતાની આંખો દ્વારા જગતને નિરખે છે તેમ ભગવાન પોતાના ભક્તો દ્વારા આ જગતને જુએ છે અને જગતને જો ભગવાનના દર્શન કરવા હોય તો પ્રભુના પ્યારા ભક્તોની આંખોમાં એની ઝાંખી અવશ્ય થઈ શકે છે.

હવે પંચમ શ્લોકમાં ભગવાન પોતાના લાડીલા ભક્તોનું જતન કેવી રીતે કરે છે તે સમજાવતાં કવિ ગાય છેઃ જેમ સુશીલ ગાય પોતાના વાછરડાંને પયપાન કરાવી તેનું પાલન પોષણ કરે છે એ રીતે જે પોતાના જ્ઞાનોપદેશરૂપી વચનામૃતોથી સ્વભક્તજનોનું સદા પોષણ અને રક્ષણ કરે છે એવા શ્રી ધર્મદેવના પુત્ર શ્રીહરિનું હું ધ્યાન કરું છું.

જગતના જીવો પોતાના કર્મ અને પ્રારબ્ધ પ્રમાણે જીવન જીવે છે, જ્યારે ભગવાનના ભક્તોનું કર્મ અને પ્રારબ્ધ ભગવાન જ હોય છે. ભક્તોના યોગ અને ક્ષેમનું વહન હંમેશાં ભગવાન કરે છે એ માર્મિક સિદ્ધાંત અહીં કવિને અભિપ્રેત છે.

ભગવાન ભક્તોનું રક્ષણ કરે છે તે સાથે એમને ત્રાસ આપનારા અનિષ્ટ તત્ત્વોનો નાશ પણ આપોઆપ જ કરે છે. ભક્ત પ્રહ્‌લાદનું શ્રીહરિએ દુષ્ટ હિરણ્યકશિપુથી રક્ષણ કર્યું, એટલું જ નહિ સાથે સાથે એ દુષ્ટાત્માનો તત્કાળ નાશ પણ કર્યો. આ હકીકતને સમજાવતાં કવિ ગાય છેઃ જેમ સૂર્ય ઉદય થતાં જ અંધકાર આપોઆપ નાશ પામે છે તેમ ભગવાનનું પ્રાગટ્ય થતાં જ પાખંડધર્મ, શાક્તધર્મ અને ધર્મના દ્વેષી અધર્મી તત્ત્વો આપોઆપ નાશ પામે છે. જીવનમાં સુખ, શાંતિ અને પ્રકાશના પ્રદાતા એક માત્ર પરમાત્મા જ છે, અને અધર્મીઓ ગમે તેટલો ઉત્પાત મચાવે પરંતુ અંતે તો તેમનો નાશ નિશ્ચિત જ છે એ રહસ્ય ઉપરોક્ત શ્લોકમાં સ્ફૂટ થાય છે.

સપ્તમ શ્લોકમાં મહામુનિ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી ગાય છેઃ જેમ પુષ્પની આસપાસ ભ્રમરો ભમે છે, જેમ જળમાં માછલાં રમે છે તેમ અક્ષરધામમાં અક્ષરમુક્તોથી જે સદાય સેવાયેલા છે એ જ પરાત્પર પરમાત્મા જ્યારે પૃથ્વી ઉપર મનુષ્યરૂપે વિચરે છે ત્યારે અનેક ભક્તજનોથી અહોનિશ સેવાયેલા રહે છે એવા શ્રી ધર્મદેવના પુત્ર શ્રીહરિનું હું ધ્યાન કરું છું.

આપણાં શાસ્ત્રો કહે છે કે ભક્તો ભક્તિ ઉપાસનાની

ફળશ્રુતિ સ્વરૂપે પ્રાપ્ત થતી પરમાત્મકૃપાના પરિણામે ભગવાનનું પરમ સાધર્મ્ય પામે છે. પરમાત્માનું સાધર્મ્ય એટલે પરમાત્મા જેવા જ રૂપ, ગુણ, સ્વરૂપ, સામર્થ્યની પ્રાપ્તિ. પરંતુ કવિ કહે છેઃ ભગવાન શ્રીહરિના અપ્રતિમ સૌંદર્ય અને અપરંપાર ગુણોનું અહોનિશ ગાન શેષાદિક કરે છે છતાં તેનો પાર તેઓ પામી શકતા નથી. એવા અનંત ગુણોથી વિભૂષિત ભક્તો પણ અક્ષરબ્રહ્મનું સૌખ્યસુખ કે સાધર્મ્ય ઇચ્છતા નથી, એમની એકમાત્ર ઇચ્છા રહે છે હજૂરની સેવા- ભગવત્સ્વરૂપની સેવા. એ સિવાય એ બીજું કાંઈ ઇચ્છતા નથી. એવા જેમના ભક્તો છે તેવા શ્રી ધર્મદેવના પુત્ર શ્રીહરિનું હું સદા ધ્યાન કરું છું. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો પરમ ભક્ત ભગવાનના સ્વરૂપની સેવા સિવાય મુક્તિ યા ઐશ્વર્ય ક્યારેય નથી ઇચ્છતો એ જ આ શ્લોકનું તાત્પર્ય છે.

અંતે અષ્ટકનો ઉપસંહાર કરતાં કવિ કહે છે કે શ્રીજીમહારાજની પ્રસન્નતાર્થે મેં આ શુભ અષ્ટકની રચના કરી છે. શ્રીહરિનો મહિમા દાખવતા આ અષ્ટકનું જે મનુષ્ય ભક્તિભાવથી શ્રવણકીર્તન કરશે તે બ્રહ્મરૂપ થશે અને જે બ્રહ્મરૂપ થઈને આનું શ્રવણકીર્તન કરશે તેના ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણની અત્યંત પ્રસન્નતા ઉતરશે.

## ૨

## સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી

સદ્‌ગુરુ વાસુદેવાનંદ બ્રહ્મચારીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના મોડાસા પાસેના માલપુર ગામમાં સં. ૧૮૫૫ના અરસામાં ત્રવાડી મેવાડા બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ જીવતરામ શર્મા હતું. બાલ્યકાળથી જ તેઓમાં નિર્માનીપણું, સરળતા અને વિદ્યા પ્રત્યેની અદમ્ય અભિરૂચિ ઇત્યાદિ ઉમદા ગુણો દૃષ્ટિગોચર થતા હતા.

કિશોર અવસ્થા પ્રાપ્ત થતાં જીવતરામ દહેગામ પાસેના નાંદોલના વિદ્વાન શાસ્ત્રી લક્ષ્મીરામ પાસે વિદ્યા પ્રાપ્તિ અર્થે રહ્યા. પોતાની અદ્‌ભુત ગ્રહણ શક્તિ અને તીવ્ર જિજ્ઞાષા વૃત્તિથી તેમણે શાસ્ત્રીજીનું દિલ જીતી લીધું. લક્ષ્મીરામને થયુંઃ આ તો કોઈ પૂર્વનો યોગભ્રષ્ટ આત્મા લાગે છે!

સં. ૧૮૬૭ની સાલમાં એક દિવસ લક્ષ્મીરામે બહારગામ જવાની તૈયારી કરતા જીવતરામને કહ્યું : 'વત્સ, હું થોડા દિવસ માટે બહારગામ જાઉં છું, એ દરમ્યાન તારે માલપુર જવું હોય તો જઈ આવ.'

'ગુરુદેવ, આપ શીદ પ્રયાણ કરી રહ્યા છો?' બ્રહ્મકુમારે જિજ્ઞાષાવશ પૂછયું.

'વત્સ, હું જેતલપુર જાઉં છું. ત્યાં મારા ગુરુ સહજાનંદ સ્વામી આવ્યા છે. તેં એમનું નામ સાંભળ્યું છે? તેઓ

અવતારી પુરુષ છે, એમના પતિતપાવન દર્શન કરી અંતરને અજવાળવા....' આટલું બોલતાં તો શાસ્ત્રીજી ભાવુક થઈ ગયા, નેત્ર સજળ થયાં અને ગળે ડૂમો ભરાયો. ગુરુના આ ભાવભીના શબ્દોએ જીવતરામના ઋજુ અંતરને ભીંજવી નાંખ્યું.

'ગુરુદેવ, આપ મને પણ સાથે લઈ જાઓ ને! મારે પણ એમના દર્શન કરવા છે...' બ્રહ્મકુમારે ગુરુને પ્રાર્થના કરી.

ગુરુ-શિષ્ય બંને સાથે જેતલપુર આવ્યા.

જેતલપુરમાં હજારોની મેદની વચ્ચે ભરાયેલી સભામાં એક ખૂણામાં પાછળ ઊભા રહીને બેઠીદડી ને નમણાં મુખાકૃતિવાળા જીવતરામે શ્રીજીમહારાજને અનિમેષ નયને મનભરીને માણ્યાં. પ્રથમ દર્શને જ બાર વર્ષના એ બાળકના અંતરમાં સહજાનંદ પ્રભુ માટે પૂર્વનો પ્રીતિયોગ જાગી ઉઠ્યો. શ્રીજીમહારાજે આંગળીને ઇશારે પોતાની પાસે બોલાવી એને પૂછ્યું : 'બ્રહ્મકુમાર, શું વિચારો છો?'

'મહારાજ, આપની સેવામાં રહેવું છે...' જીવતે પોતાની મનિષા વ્યક્ત કરી.

'હજી તો અભ્યાસ કરવાની ઉંમર છે...' મહારાજે વાત્સલ્યભાવે કુમારના ખભે હાથ પ્રસારતા કહ્યું.

'એ પણ કરીશ... મહારાજ! પણ આપની સેવામાં રહીને...' કુમારે આજીજી કરી.

એ સાંભળી મહારાજ ખડખડાટ હસી પડ્યા. મહારાજની અનુમતિ મળી જતાં તેઓ નાંદોલ કે માલપુર પરત ન જતાં જેતલપુરથી સીધા જ સંતો સાથે ગઢપુર આવ્યા.

જીવતરામનો તીવ્ર વૈરાગ્ય અને ઊંડી આધ્યાત્મિક

અભિરુચિ જોઈ મહારાજે થોડા સમયમાં જ તેમને બ્રહ્મચારી સાધુની ભાગવતી દીક્ષા આપી ગોપાળાનંદ બ્રહ્મચારી નામ આપ્યું. દીક્ષા આપ્યા બાદ મહારાજે મૂળજી બ્રહ્મચારીને આ નવા વર્ણીને સોંપતા ભલામણ કરી : 'આ બાળવર્ણીનો અભ્યાસ આગળ વધારજો.' મૂળજી બ્રહ્મચારીએ પોતાના આ બાળશિષ્યને સંસ્કૃત વાઙ્મયના પ્રારંભિક અભ્યાસ માટે મુક્ત મુનિ પાસે મૂક્યા. ગોપાળાનંદ વર્ણી વિદ્યાવ્યાસંગી હતા. મુક્ત મુનિએ વર્ણીની તીવ્ર બુદ્ધિમત્તા જોઈ મહારાજને કહ્યું : 'મહારાજ! આ તો અણમોલ રતન છે!' સંસ્કૃતનો પ્રારંભિક અભ્યાસ પૂરો થતાં મહારાજે તેમને વધુ ગહન શિક્ષણ અર્થે વિદ્યાવારિધિ પ્રકાંડ પંડિત સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીની નિશ્રામાં રાખ્યા. નિત્ય મુનિ પાસે વેદ, શાસ્ત્ર, પુરાણ, ઇતિહાસ વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કરીને વર્ણી સકલ શાસ્ત્રોના મર્મજ્ઞ જ્ઞાતા ને વંદનીય વિદ્વાન બન્યા.

સં. ૧૮૭૭ના કારતક મહિનામાં શ્રીજીમહારાજ લોયા પધાર્યા હતા. મહારાજ સાથે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, ગોપાળાનંદ વર્ણી તથા અસંખ્ય સંતહરિભક્તો પણ આવ્યા હતા. એક દિવસ શ્રીજીમહારાજ સુરાખાચરના દરબારમાં ભવ્ય સભા ભરીને બેઠા હતા ત્યારે મુક્તાનંદ સ્વામીએ ગોપાળાનંદ વર્ણીના વખાણ કરતાં મહારાજને કહ્યું : 'મહારાજ! આ બ્રહ્મચારીની પ્રખર વિદ્વત્તા એમના અત્યંત વિનયશીલ સ્વભાવને કારણે અતિ શોભે છે... અને પ્રભુ! એમને આપના પ્રત્યે અનન્ય ભક્તિભાવ છે.' આ સાંભળી મહારાજે રાજી થઈ બ્રહ્મચારીને પાસે બોલાવી કહ્યું :

'બ્રહ્મચારી મહારાજ, આજે સભામાં અમે તમારા મુખે કથા સાંભળીશું.' બ્રહ્મચારી કદમાં વામન હોવાથી મહારાજે તેમને ઊભા ઊભા કથા કરવાની આજ્ઞા કરી. વર્ણીએ શ્રીજીમહારાજને વંદન કરી કથાનું મંગલાચરણ કર્યું. પછી તો કલાકો સુધી અસ્ખલિતપણે વહેતા સંસ્કૃતમય મધુર વૈખરીના અમૃતપ્રવાહમાં શ્રીજી સહિત સર્વે શ્રોતાઓ રસલીન બન્યા. કથાની સમાપ્તિ થતાં શ્રીજીમહારાજ ગાદી ઉપરથી ઊભા થઈ અત્યંત પ્રસન્નતા જણાવી બ્રહ્મચારીને પોતાની ગાદી ઉપર બેસાડવા માંડ્યા. આખી સભા સ્તબ્ધ થઈ આ જોઈ રહી. અત્યંત શરમાળ સ્વભાવના બ્રહ્મચારી બે હાથ જોડી શ્રીજીમહારાજને પ્રાર્થતા બોલ્યા : 'પ્રભો! આ બેઠા એ મોટા મોટા સંતો આગળ હું શા લેખામાં? હું વય અને જ્ઞાનમાં અતિ નાનો છું. આ મોટા પરમહંસો સામે આપની ગાદી ઉપર બેસવું મને અજુગતું લાગે છે.'

શ્રીજીમહારાજે વર્ણીરાટ્‌ને સમજાવતા કહ્યું : 'અમે જે કહીએ તે સત્સંગના હિતનું છે. અમારી ઇચ્છા છે કે અમારા પછી અમારી ગાદી ઉપર સૌ જગત જાણે તેવો કોઈ ત્યાગી વર્ણી રહે. તમે એવા છો તેથી તમને અમે મોટા કરીએ છીએ.' મહારાજની આ પ્રમાણે આજ્ઞા થતા બ્રહ્મચારી શ્રીહરિ તથા સંતોને પગે લાગી શ્રીહરિનું વચન મસ્તકે ચડાવી ગાદી પર બેઠા. શ્રીહરિએ બ્રહ્મચારીના કપાળે ચંદન ચર્ચી, ગળામાં પુષ્પહાર પહેરાવી તેમની પૂજા કરી. ત્યાર બાદ આરતી ઉતારી મહારાજે બ્રહ્મચારીના ચરણ ધોઈને એ ચરણામૃત પોતે પીધું તથા અન્ય સંતોને પીવડાવ્યું. શ્રીહરિ જે કરતા હોય તેમાં કોઈ અગમ્ય હેતુ અવશ્ય હોય એમ

સમજી મુક્તાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી ઇત્યાદિ મોટા મોટા સંતોએ પણ ઊભા થઈ બ્રહ્મચારીની પૂજા કરી. પછી શ્રીજીમહારાજે સર્વ સભાને પ્રગલ્ભ સ્વરે કહ્યું : 'આ નાના બ્રહ્મચારી તો શ્વેતદ્વીપવાસી વાસુદેવબ્રહ્મ સ્વરૂપ છે, માટે આજથી એમનું નામ વાસુદેવાનંદ બ્રહ્મચારી રાખીએ છીએ. આજથી અમે તેમને તમારા સર્વેના ગુરુપદે સ્થાપીએ છીએ. એમની પાસેથી સૌ ગુરુમંત્ર લેજો તથા એ સભામાં આવે ત્યારે સૌએ ઊભા થઈને એમનું સન્માન કરવું, એમના ચરણનો સ્પર્શ કરવો તથા વંદન કરી એમને આગળ આસન આપવું.' સૌ સંત હરિભક્તોએ મહારાજની આજ્ઞા વધાવી લીધી. સભામાં વાસુદેવાનંદ બ્રહ્મચારીનો જયજયકાર થઈ રહ્યો! (શ્રીહરિચરિતામૃતસાગર-પૂર : ૨૩, તરંગ : ૮૩)

સદ્‌ગુરુ કૃષ્ણાનંદ સ્વામીએ શ્રીહરિચરિત્રામૃતમ્‌માં આ પ્રસંગનું અત્યંત રોચક શૈલીમાં ચિત્રાત્મક આલેખન કરતાં ગાયું છે :

**હતો વિકટ ભૂમિમાં ઠામ, દ્વિજ જ્ઞાતી જીવતરામ નામ.**
**થઈ અંતરમાં અતિ તાણ, પ્રભુ મળવા પ્રગટ પ્રમાણ.**
**ઘર ત્યાગીને ભણવા કાજ, આવ્યા તીયાં મળ્યા મહારાજ.**
**હરિકૃપાનું પાત્ર કહેવાય, બીજા ગુણ કહ્યા નવ જાય.**
**શ્વેતધર્મી ને શાંત સુધીર, જેને મળે તેની હરે પીર.**
**નહિ માયાનો લેશ વિકાર, ગુણાતીત એ ગુણભંડાર.**
**એવા જોઈ મનોહર અંગ, કરે નહિ વચનનો ભંગ.**
**એવા જાણીને અંતરજામી, લોયાગામ માંહી સુખધામી.**
**નિજગાદીએ તેને બેસાડી, કર્યા સત્સંગના અધિકારી.**
**કરી પૂજા શ્રીહરિએ પોતે, આરતી ઉતારી સભા જો તે.**

**પાદ ધોઈ ચરણામૃત પીધું, પછી સર્વે સભામાંય દીધું.**
**નામ પાડ્યું વાસુદેવાનંદ, સભામાંહી શ્યામ સ્વચ્છંદ.**
(શ્રી હરિચરિતામૃતમ્, અ-૬૪)

શ્રીજીમહારાજની આ અકળ લીલાથી વાસુદેવાનંદ બ્રહ્મચારી તો સ્તબ્ધ થઈ ગયા. એમની અકળામણનો પાર ન રહ્યો. પોતાના આસને જઈ એકાંતમાં તેઓ ખૂબ રડ્યા. સાંજે બહાર પણ ન નીકળ્યા ને વાળુ પણ ન કર્યું. મૂળજી બ્રહ્મચારીએ મહારાજને જાણ કરતા કહ્યું : ‘ઓલ્યા વાસુદેવાનંદની તમે પૂજા કરી એટલે બાપડો બહુ દુઃખી થઈ ગયો છે. આખો દિ’ રડ્યા કરે છે ને ખાતોપીતો પણ નથી.’ મહારાજે રાજી થઈને કહ્યું : ‘વાસુદેવાનંદ વયમાં હજી નાના છે પણ સમજણમાં બહુ મોટા છે. એમને મુક્તાનંદ સ્વામી પાસે લઈ જાઓ એટલે સ્વામી તેમને શાંતિ પમાડશે.’ મૂળજી બ્રહ્મચારી વાસુદેવાનંદ વર્ણીને મુક્ત મુનિ પાસે લઈ ગયા. મુક્તાનંદ સ્વામી તો સત્સંગની મા સમાન હતા, તેમણે નાના બ્રહ્મચારીને સમજાવતા કહ્યું : ‘મહારાજ તો આપણા માબાપ સમાન છે. તેઓ આપણને ગમે તેવા લાડ લડાવે એમાં આપણે મૂંઝાવું નહિ. પિતા પુત્રને પ્રેમથી ખભે બેસાડે એનાથી કાંઈ પુત્ર દ્વારા પિતાનો અપરાધ નથી થતો! આપણે તો મહારાજના ગમતામાં જ રાજી રહેવું.’ સ્વામીના અમૃતવચનો સાંભળી વર્ણીના અંતરમાં શાંતિ થઈ. એમણે તત્કાળ શ્રીજીમહારાજની વંદના કરતું એક પ્રશસ્તિ કાવ્ય રચીને ‘**नवमेघमेचकविग्रहम्**’ એ સ્તોત્ર સભામાં શ્રીહરિ સમક્ષ આર્તનાદે ગાઈ એમની અપરંપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી.

બ્રહ્મચારીએ આજીવન ઘુંઘટા વર્તમાન પાળ્યાં હતાં. તેઓ

સંપૂર્ણ ઊર્ધ્વરેતા બ્રહ્મચારી હતા, તેથી જ સત્સંગમાં તેઓ 'શ્વેતધર્મધારી' એવા ગૌરવપ્રદ ઉપનામથી ઓળખાતા હતા. વ્રતપાલનમાં તેમણે જીવનભર અત્યંત દઢતા દાખવી હતી. પોતાના સ્વાનુભવના આધારે તેઓ હંમેશાં કહેતા કે, 'સર્વ સાધનમાં શ્રેષ્ઠ એવા દઢ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત દ્વારા જ શ્રીહરિનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય અને એમની અનન્ય પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.' વર્ણી શ્રીજીમહારાજના હજૂરી સેવક હતા, તેઓ મહારાજની નિત્ય સેવામાં રહેતા હતા. શ્રીજીમહારાજની પૂજાના વાસણો માંજી આપવાની સેવા તેમણે લીધી હતી.

શ્રીજીમહારાજના અંતર્ધાન પછી બ્રહ્મચારી મોટેભાગે અમદાવાદ, વેલાણ, પેથાપુર, શિયાણી, કપડવંજ, ઝાલાવાડ, કચ્છ, હાલાર, હળવદ, વાંટાવદર વગેરે પ્રદેશમાં ખાસ કરીને જ્યાં એકાંત મળે ત્યાં વધુ રહેતા હતા. અમદાવાદમાં નરનારાયણના મંદિરની સામે જે ધર્મકુળનો મેડો છે ત્યાં બ્રહ્મચારીનું આસન (રહેવાની જગ્યા) હતું. એકવાર શ્રીજીમહારાજે બ્રહ્મચારીને દર્શન દઈ કહ્યું : 'બ્રહ્મચારી, આપણાં સંપ્રદાયનું ધર્મશાસ્ત્ર 'શ્રી સત્સંગિજીવન' તો શતાનંદ મુનિએ રચ્યું છે, વળી વચનામૃત એ આપણું અધ્યાત્મશાસ્ત્ર છે. માટે હવે તમે સંપ્રદાયના ભક્તિશાસ્ત્રની ભવ્ય રચના કરો.' શ્રીજીમહારાજની પ્રત્યક્ષ પ્રેરણા મળતાં જ વાસુદેવાનંદ બ્રહ્મચારીએ 'સત્સંગિભૂષણ' નામના મહાગ્રંથની સંસ્કૃત ભાષામાં રચના કરી. આ ગ્રંથ બ્રહ્મચારીની નિષ્ઠા અને કાવ્યશક્તિનો ઉત્તમ નમૂનો છે. તેમાં શ્રીહરિના લીલાચરિત્રોનું અત્યંત રસાળ ને પ્રાસાદિક

શૈલીમાં સાંગોપાંગ નિરૂપણ છે. આ ગ્રંથના લેખન દરમ્યાન ક્યારેક બ્રહ્મચારીની કલમ અટકી જતી ત્યારે તેમના શિષ્યો પૂછતાઃ 'ગુરુ, આપ અચાનક લખતા કેમ અટકી ગયા?' ત્યારે બ્રહ્મચારી કહેતાઃ 'હું તો મહારાજના હાથની કલમ માત્ર છું, લખનારા તો સ્વયં શ્રીહરિ જ છે! એ લખાવે તેમ લખું છું.' કેટલી નમ્રતા! નિર્વિકલ્પ શરણાગતિનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત બ્રહ્મચારીનું આ કથન પૂરું પાડે છે.

વાસુદેવાનંદ વર્ણી વચનસિદ્ધ વિભૂતિ હતા. એમના મુખમાંથી નીકળેલા વચન અવશ્ય ફળતા. મુળીના દરબાર વખતસિંહજી અવારનવાર વર્ણી પાસે સત્સંગ સમાસ અર્થે આવતા. એકવાર બ્રહ્મચારીએ બાપુને કહ્યુંઃ 'દરબાર, તમે રઘુરાજાનો અવતાર છો. પરંતુ પ્રગટ પુરુષોત્તમનારાયણની ઉપાસના ન મળવાથી તમારે આટલા જન્મ લેવા પડ્યા. તો હવે પ્રગટ શ્રીહરિની ઉપાસના દૃઢ કરી સર્વ ઠેકાણેથી વાસના તોડી ભગવાનમાં વૃત્તિ જોડો, મહારાજ તમને ધામમાં તેડી જશે.' બ્રહ્મચારીનો ઉપદેશ સાંભળી દરબારને વૈરાગ્ય આવ્યો. તેઓ અંતર્વૃત્તિ કરી ભગવદ્ ભક્તિમાં જોડાઈ ગયા અને બ્રહ્મચારીના વચન પ્રમાણે મહારાજ તેમને ધામમાં તેડી ગયા.

સં. ૧૮૨૦ના કારતક વદ ૧૩ના દિવસે સદ્‌ગુરુ વાસુદેવાનંદ બ્રહ્મચારીએ અમદાવાદના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધ. ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિમાં સંતહરિભક્તોની મોટી સભા બોલાવી. એ પ્રસંગે સૌને સત્સંગ સાચવવાની લાખેણી ભલામણ કરી એ જ દિવસે બ્રહ્મચારીમહારાજ ધામમાં પધાર્યા. વર્ણીના

પાર્થિવ શરીરના જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં હતાં ત્યાં સાબરમતી નદીના તટે નારાયણઘાટ ઉપર આજે પણ એ મહત્પુરુષની પુણ્યસ્મૃતિમાં છત્રી વિદ્યમાન છે.

કાવ્યકૃતિઃ

**નવમેઘમેચકવિગ્રહમ્, ધૃતપુષ્પહારમનોહરમ્**
**જયકારિણમ્ ભયહારિણમ્, તમસઃ પરં શિશિરોદરમ્ ।**
**નિજમોદિતમ્ નિગમોદિતમ્, જગદીશ્વરૈઃ કૃતવન્દનમ્**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ, નમામ્યહમ્ વૃષનન્દનમ્ ॥૧॥**
**જનતાપપાપવિનાશિતમ્, ક્ષિતિભક્તિધર્મવિકાસિતમ્**
**જિતદેવદાનવદૈત્યમાનવાકામગર્વવિપાટિતમ્ ।**
**દ્વિજસાધુદૈવતમંડનમ્, કૃતકૌલનાસ્તિ ખંડનમ્**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ, નમાન્યહમ્ વૃષનન્દનમ્ ॥૨॥**
**પરિપૂર્ણચન્દ્રસમાનનમ્, તપસે મુદાશ્રિતકાનનમ્**
**હયવાહનમ્ રિપુગાહનમ્, કુલદેવમારુતિમાનનમ્ ।**
**કરુણાલયમ્ જગદાલયમ્, ધૃતપીતકેશરચંદનમ્**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ, નમામ્યહમ્ વૃષનન્દનમ્ ॥૩॥**
**શરદબ્જપત્રવિલોચનમ્, નિજભક્તકષ્ટવિમોચનમ્**
**વનમાલિનમ્ સુરશાલિનમ્, જવલનાર્કસોમવિરોવચનમ્ ।**
**કલિભૂરિસારવિભંજનમ્, નિજદાસહાસવિરંજનમ્**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ, નમામ્યહમ્ વૃષનન્દનમ્ ॥૪॥**
**મૃદુપલ્લવારુણપત્તલમ્, વ્રતતીર્થદાનતપઃફલમ્**
**પદપાવનમ્ લઘુધાવનમ્, ભુવનાવનમ્ ગગનામલમ્ ।**
**તિલપુષ્પસન્નિભનાસિકમ્, જનતાન્તરાહિતગંજનમ્**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ, નમામ્યહમ્ વૃષનન્દનમ્ ॥૫॥**
**કરિપુષ્કરોપમદોર્યુગમ્, સુહૃદાંખલાન્તરભેદનમ્**

**પૃથુભાલકુંકુમચન્દ્રકમ્, ભુવિ બોધિતાત્મનિવેદનમ્ ।**
**ભગવન્તમચ્યુતમવ્યયમ્, પ્રકૃતીશ્વરાન્તકકંપનમ્**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ, નમામ્યહમ્ વૃષનન્દનમ્ ॥૬॥**
**યમદૂતભૂતનિવારણમ્, સકલાગમોભ્દવકારણમ્**
**સિતવાસસમ્ રવિભાસસમ્, નરકાતિકષ્ટવિતારણમ્ ।**
**શ્રુતદુર્ગપત્તનવાસિનમ્, સુકૃતારિબંધુનિકન્દનમ્**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ, નમામ્યહમ્ વૃષનન્દમ્ ॥૭॥**
**કવિવાસુદેવપરિષ્ઢુતમ્, યથસોજવલેન ભુવિશ્રુતમ્**
**ગુણસાગરમ્ સુહૃદાહરમ્, બહુમૂલ્યભૂષણસંયુતમ્ ।**
**વૃષવંશિવાડવમંગલમ્, સમિતૌ તુ વિપ્રસદરનનમ્**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તીમીશ, નમાભ્યહમ્ વૃષનન્દનમ્ ॥૮॥**

**આસ્વાદ :**

સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીજીસમકાલિન સંસ્કૃત દેવભાષામાં પ્રકાંડ પાંડિત્ય ધરાવતા સંતકવિઓમાં બ્રહ્મચારી વાસુદેવાનંદજીનું નામ શિરમોર સમાન છે.

પ્રસ્તુત અષ્ટક સ્તોત્ર એના અપ્રતિમ શબ્દમાધુર્ય, પ્રાસાદિક પદલાલિત્ય, અનુપમ અર્થગાંભીર્ય તથા મધુરગેયતાને લીધે અત્યંત આસ્વાદ્ય બન્યું છે. એના શબ્દે શબ્દે કવિની પોતાના ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની ઉત્તમ નિર્વિકલ્પ નિષ્ઠા અને અનન્ય એકાંતિક ભક્તિ પ્રગલ્લપણે પ્રગટે છે. આ અષ્ટક વીસમાત્રાના હરિગીત છંદમાં રચાયેલું છે.

કવિ એમના ભાવુક અંતરમાં પ્રગટતા ઉન્મત્તઉમંગથી શ્રીહરિની વિબોધ વંદના કરતા પ્રાર્થે છેઃ 'જેમનું શરીર જળથી સભર નવિન મેઘ સમાન શ્યામ છે, જેમણે પોતાના

કંઠમાં સુંદર પુષ્પહાર ધારણ કરેલો છે, જે સદાય જયકારી પ્રર્વતે છે, જે સર્વ પ્રકારના ભયનું નિવારણ કરનારા છે, જેમનું ઉદર અતિ શીતળ અને શાંત છે તથા જે અજ્ઞાનરૂપી અંધકારથી પર છે, પોતાના ભક્તજનોને જે આનંદ આપનારા છે, સર્વ સત્શાસ્ત્રો જેમના સ્વરૂપનું અહોનિશ ગાન કરે છે, બ્રહ્માદિક ઈશ્વરો જેમની વંદના કરી રહ્યા છે એવા સર્વ ઈશ્વરોના અધિપતિ જે હરિ, કૃષ્ણ તથા હરિકૃષ્ણ નામે ઓળખાય છે એવા શ્રી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું નમન કરું છું.'

શ્રીહરિની મનોરમ્ય મૂર્તિના વિશિષ્ટ વર્ણન સાથે થતો સ્તોત્રનો ઉપાડ આકર્ષક છે. ઈશ્વરકોટી, બ્રહ્મકોટી અને અક્ષરકોટીના પણ જે આત્મા યા ને ભગવાન છે એવા સ્વેષ્ટ સ્વામી શ્રી સહજાનંદજીના ચરણકમળોમાં જ કવિની સર્વ શ્રદ્ધાભક્તિ સમર્પિત છે. શ્રીહરિનું ગૌરવપૂર્ણ મહિમાગાન કરતા કવિ આગળ ગાય છેઃ 'ભક્તજનોના ત્રિવિધ તાપ તથા સર્વ પ્રકારના પાપનો નાશ કરનારા, જગતમાં ધર્મયુક્ત ભક્તિમાર્ગનું પ્રતિપાદન તેમ જ પ્રવર્તન કરનારા, દેવ-દાનવ, દૈત્ય-માનવ સર્વ કોઈને જીતનારા, કામદેવના ગર્વનો નાશ કરનારા, બ્રાહ્મણ અને સાધુ યા ને સત્પુરુષના મહિમાનું પ્રતિપાદન કરનારા તથા વામમાર્ગી, ચાર્વાક, શુષ્કવેદાંતી અને નાસ્તિકોના મતનું ખંડન કરનારા એવા હરિ, કૃષ્ણ તથા હરિકૃષ્ણ નામે ઓળખાતા શ્રી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું નમન કરું છું.'

હિન્દુ ધર્મમાં પૂર્વે જે ધર્માચાર્યો થઈ ગયા તે બધાએ

લગભગ એકબીજાના સિદ્ધાંતોની કડક આલોચના કરી છે. રામાનુજાચાર્યે શંકરાચાર્યના માયાવાદનું ખંડન કર્યું છે. પ્રાચીન આચાર્યોએ દ્વૈત મતનું ખંડન કરીને નિરાકાર અદ્વૈત મતનું પ્રવર્તન કર્યું હતું, તેથી વિષ્ણુસ્વામીએ સાકારદ્વૈત મત પ્રવર્તાવ્યો. વળી વલ્લભાચાર્યજીએ જુદા જુદા પૂજાના ઉપચારો વડે પ્રેમલક્ષણા ભક્તિ વૃદ્ધિ પામે તેવો શુદ્ધાદ્વૈત મતનો પ્રચાર કર્યો. જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે અમુક અપવાદ બાદ કરતા ક્યારેય હિન્દુધર્મના કોઈ પણ મતનું ખંડન કર્યું નથી. એમનો અભિગમ હંમેશાં સર્વ વૈદિક મતોનો સમન્વય કરી એક સનાતન સત્ય સિદ્ધ કરવા પ્રત્યેનો રહ્યો હતો. પરંતુ જે જ્ઞાનમતો અવૈદિક હતા તેવા વામમાર્ગી, ચાર્વાક, શુષ્કવેદાંતી અને નાસ્તિક - આ ચારેયનું શ્રીજીમહારાજે કડક શબ્દોમાં ખંડન કર્યું છે. તેથી જ ગ.પ્ર.૪૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજ પોતાના સમસ્ત આશ્રિત સત્સંગીઓને પ્રાતઃકાળે પૂજા કર્યા પછી ચાર પ્રકારના કુસંગથી પોતાની રક્ષા માટે ભગવાનને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરવાની ભલામણ કરતા કહે છેઃ 'જો કુંડાપંથીનો સંગ થાય તો વર્તમાનમાં ચુકાડે અને શક્તિપંથીનો સંગ થાય તો દારુ-માટી ખવડાવીને ભ્રષ્ટ કરે અને જો વેદાંતીનો સંગ થાય તો આકારમાત્ર ખોટા કરે અને ભગવાનનાં ધામ તથા ભગવાનની મૂર્તિઓ ખોટી કરી દેખાડીને ભ્રષ્ટ કરે અને નાસ્તિક હોય તે કર્મને જ સાચા કરીને ઈશ્વરને ખોટા કરી દેખાડીને ભ્રષ્ટ કરે, માટે એવા કુસંગથી તથા ક્રોધ - લોભાદિકથી રહિત થવા વાસ્તે નરનારાયણનું સ્તવન કરવું.' ચાર્વાક મતમાં એમ માનવામાં આવે છે કે, આ શરીરની

ઉત્પત્તિ સાથે જ જીવની ઉત્પત્તિ અને શરીરના નાશ સાથે જ જીવનો નાશ થાય છે. માટે જ્યાં સુધી જીવવું ત્યાં સુધી સુખેથી જીવવું. ઘરમાં ન હોય તો માથે દેવું કરીને પણ આનંદ કરવો. શ્રીહરિએ ચાર્વાક મતની પણ કડક આલોચના કરી છે.

તૃતીય ચરણમાં વાસુદેવાનંદ બ્રહ્મચારી કહે છેઃ 'પૂર્ણેન્દુ સમાન મુખારવિંદવાળા, જે પોતાના આશ્રિતોના શ્રેયાર્થે તપ કરી રહ્યા છે, અશ્વના વાહનવાળા, જે પોતાના આશ્રિતોના શત્રુઓનો નાશ કરનારા છે, જેમણે હનુમાનજીને કુળદેવ તરીકે સ્વીકાર્યા છે, જે કરુણાના સાગર છે, જે જગદાધાર છે, અને જેમણે અંગે પિતામ્બર અને લલાટે કેશરની અર્ચના ધારણ કરેલા છે એવા સર્વ ઈશ્વરોના ઈશ જે હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ નામે ઓળખાય છે એવા શ્રી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું.'

શ્રીજીમહારાજે વનવિચરણ દરમ્યાન નેપાળના પુલહાશ્રમમાં કઠોર તપશ્ચર્યા કરી હતી. અડવાણે પગે પગપાળા ભારત ભ્રમણ કર્યું હતું. આ બધું શા વાસ્તે શ્રીહરિએ કર્યું? પોતાના આશ્રિતોના શ્રેયાર્થે યા ને આત્યંતિક કલ્યાણ અર્થે જ પ્રભુએ આટઆટલા કષ્ટ સહન કર્યા હતાં. ભગવાનની પ્રત્યેક ક્રિયા ભક્તના હિતાર્થે જ હોય છે. વળી વર્ણી વાસુદેવાનંદજી પ્રભુને પ્રાર્થે છે : 'જેમના નેત્રો શરદઋતુનાં ખીલેલા કમળ સમાન છે, જે પોતાના ભક્તજનોને સર્વ પ્રકારના કષ્ટથી છોડાવનારા છે, જે જીવો, ઈશ્વરો, માયા, અક્ષરબ્રહ્મ અને મુક્તોરૂપી વનના માળી છે, જે દૈવી જીવોને સુખ આપનારા છે, જેમની દેહાકૃતિ અગ્નિ,

સૂર્ય અને ચંદ્ર સમાન તેજસ્વી છે, જે કળિયુગના સર્વ દોષરૂપી પાપોને નષ્ટ કરનારા છે અને જે પોતાના ભક્તજનોને રમૂજ કરી આનંદ આપનારા છે એવા સર્વ ઈશ્વરોના ઈશ જે હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ નામે ઓળખાય છે એવા શ્રીધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું.'

પુંડરિકાક્ષ પ્રભુની રૂપમાધુરીમાં મગ્ન થઈને કવિ શ્રીહરિની અપરંપાર લીલા-ચરિત્રોનું સ્મરણ કરે છે. શ્રીજીમહારાજનો સ્વભાવ અત્યંત રમૂજી હતો. અવનવી રમૂજ કરીને તેઓ આશ્રિતોને આનંદ આપતા. શ્રીહરિના ચરિત્રવિહારનું ચિંતવન માનસિક પરિતાપને પળમાં પલાયન કરી નાંખે એવું અદ્‌ભુત છે. પ્રભુના અંગો-અંગનું ખૂબ જ સૂક્ષ્મ નિરૂપણ કરતા કવિ પ્રાર્થે છેઃ 'જેમના ચરણનાં તળ મૃદુ અને નલિની સમાન લાલ છે, જે સર્વ પ્રકારનાં વ્રત, તીર્થ, દાન અને તપના ફળસ્વરૂપ છે, જેમના ચરણારવિંદ પાવનકારી છે, જેઓ ઝડપથી ચાલે છે, જે જગદાધાર છે, જેઓ આકાશ સમાન નિર્દોષ, નિર્લેપ અને નિર્ગુણ છે, જેમની નાસિકા તલના પુષ્પ સમાન સુંદર છે અને જે પોતાના ભક્તજનોના અંતઃશત્રુઓના ગર્વને હણનારા છે, એવા સર્વ ઈશ્વરોના ઈશ જે હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ નામે ઓળખાય છે એવા શ્રી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું.'

શ્રીજીમહારાજની રસરૂપ માધુરી મૂરતનું વધુ ગહન વિવરણ કરતા કવિ ગાય છેઃ 'હાથીની સૂંઢ સમાન દીર્ઘ અને સુદૃઢ જેમના સાથળ છે, જે ભક્તોને પીડતા કામ,

ક્રોધ, લોભ ઇત્યાદિ અંતઃશત્રુઓનો નાશ કરે છે, જેમના ઉન્નત ભાલમાં કુમકુમનો ચાંલ્લો શોભે છે, જેમણે કૃપા કરીને પોતાના આશ્રિતોને પોતાના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપેલું છે, જે સકળ ઐશ્વર્યો તથા કલાના સ્વામી છે, જે અચ્યુત અને અવ્યય છે તેમ જ જેમના ભયથી ઈશ્વરો પણ કંપે છે એવા સર્વ ઈશ્વરોના ઈશ - હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ નામે ઓળખાય છે એવા શ્રી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું.'

શ્રીજીમહારાજે આ લોકમાં પ્રગટ થઈને જો સૌથી મોટો ઉપકાર પોતાના આશ્રિત ભક્તજનો ઉપર કોઈ કર્યો હોય તો તે છે પોતાના સ્વરૂપના યથાર્થ જ્ઞાનનું અમોઘ અનુદાન. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણને એ જેવા છે તેવા ઓળખવા એ આકાશકુસુમવત્ છે. પ્રભુએ અપાર કરુણા કરીને પોતાના દિવ્ય વ્યતિરેક તથા સર્વાન્તર્યામી અન્વય સ્વરૂપનું જ્ઞાન સૌ કોઈને સમજાય એવા સરળ શબ્દોમાં આપ્યું છે, તેથી જ અનંત મુક્તો એમના અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયને પામ્યા છે.

કવિ શ્રીજીમહારાજની પ્રગલ્લભસૂરમાં સ્તુતિ કરતાં કહે છેઃ 'યમદૂત તથા ભૂતપ્રેતથી જે પોતાના ભક્તજનોનું રક્ષણ કરે છે, સર્વશાસ્ત્રોની ઉત્પત્તિનું જે કારણ છે, જે સદાય શ્વેત વસ્ત્રો ધારણ કરે છે, જેમની શોભા કોટી સૂર્ય સમાન તેજસ્વી છે, જે પોતાના આશ્રિતોને નર્કની યાતનાઓમાંથી છોડાવનારા છે, જે પ્રસિદ્ધ રીતે દુર્ગપત્તન (ગઢપુર)માં નિવાસ કરીને રહેલા છે અને જે સત્કર્મોના શત્રુ એવા અસત્ તત્ત્વોનો નાશ કરનારા છે એવા સર્વ ઈશ્વરોના ઈશ જે હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ

નામે ઓળખાય છે એવા શ્રી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું.'

પરમાત્મા સર્વ શાસ્ત્રોની ઉત્પત્તિનું કારણ છે. સત્શાસ્ત્રો જેનું પ્રતિપાદન કરે એ પરમાત્મા છે એમ નથી. પરંતુ પરમાત્મા જે કાંઈ બોલે, લખે, કહે અને આચરે એ જ સત્શાસ્ત્ર છે. અંતે અષ્ટકનું સમાપન કરતા કવિરાજ વાસુદેવાનંદ વર્ણી પ્રાર્થે છેઃ 'હું કવિ વાસુદેવાનંદ બ્રહ્મચારી જેના ગુણગાન ગાઈ રહ્યો છું, પોતાના પ્રોજ્જવળ યશને લીધે જે સુપ્રસિદ્ધ છે, જે ગુણોના નિધિ છે, જે પોતાના ભક્તજનોને આનંદ આપનારા છે, જેમણે બહુમૂલ્ય આભૂષણો ધારણ કરેલાં છે, જે ધર્મદેવના વંશના બ્રાહ્મણોનું સદામંગળ કરનારા છે અને જે પંક્તિમાં બ્રાહ્મણોને સારી રીતે જમાડનારા છે, એવા સર્વ ઈશ્વરોના ઈશ જે હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ નામે ઓળખાય છે એવા શ્રી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું.'

ઉપરોક્ત અષ્ટકમાં ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે પ્રત્યેક શ્લોકમાં અંતે શ્રીહરિની વંદના કરતા કવિ એ હકીકતનું વારંવાર પુનરાવર્તન કરીને કહે છે કે જેમના નામ શ્રીહરિ, શ્રીકૃષ્ણ તથા શ્રીહરિકૃષ્ણ છે એવા શ્રી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું. શ્રીકૃષ્ણ એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ અનાદિ નામ છે, માટે એ નામને કારણે શિક્ષાપત્રી તથા નંદસંતોના કીર્તનો બાબતમાં જે ગેરસમજ પ્રવર્તે છે તે સત્ત્વરે દૂર કરવાની જરૂર છે.

# સબહી બરનમેં વોહી બડે જીન...

## ૩

## સદ્‌ગુરુ શ્રી શ્વેતવૈકુંઠાનંદ સ્વામી

વર્ષો પહેલાંની વાત છે. રાજસ્થાનના જોધપુર ગામના એક મારવાડી કુટુંબમાં એક વાર અચાનક એક ગોઝારી ઘટના બની ગઈ. એક નાનકડા કુમળા કળી સમા બાળકની જનેતા એને નોંધારો મૂકીને સ્વધામે સિધાવી જતાં બાળકના પિતાને માથે તો જાણે આભ ફાટી પડ્યું. છતાં પણ હૈયે હિંમત ધરીને એ અકિંચન બાપે પેટે પાટા બાંધીને પણ પુત્રને જતન કરીને ઉછેર્યો. પરંતુ તૂટેલું ગાડું તાણી-તૂસીને ખેંચવા જતાં કેટલું ચાલે? પુત્ર ૨૨ વર્ષનો થયો ત્યારે તેના પિતાનું એક દિવસ અચાનક અવસાન થયું. પુત્ર સદાચારી હતો - સંસ્કારી હતો - ગુણિયલ હતો. તેણે પિતાની અંતિમક્રિયા, શ્રાદ્ધ, સરવણું સંપૂર્ણ શ્રદ્ધા સાથે કર્યા. છતાંય પુત્રમાં અતિશય આસક્તિ ધરાવતા પિતાનો જીવ પુત્રમાં અટકી ગયો, એમની અસદ્‌ગતિ થઈ. ભૂત થઈને ભટકતો પિતા તેના પુત્રને વારંવાર દેખાયા કરતો. પુત્ર ભારે વિમાસણમાં મૂકાયો. તેણે પિતાની સદ્‌ગતિ માટે શાસ્ત્રોમાં સૂચવાયેલા સઘળા ઉપાયો તેમ જ વિધિ-વિધાનો કર્યા, પરંતુ તેના સર્વ પ્રયત્નો વ્યર્થ નિવડ્યા.

અંતે પિતાના કલ્યાણ માટે તેણે તીર્થાટન કરવાનું નક્કી કર્યું. ઘરબાર વેચી સાથે લીધેલા ધનની સુરક્ષા માટે ભગવી

કંથા ધારણ કરી તે ચાલી નીકળ્યો. કાશી, મથુરા, ગોકુળ, અયોધ્યા વગેરે તીર્થોમાં ભટકતો ભટકતો તે ગિરનારની ગરવી કંદરાઓમાં આવી પહોંચ્યો. ત્યાં આવી તેણે દામોદર કુંડમાં સ્નાન કર્યું, દેવના દર્શન કર્યા, બાવા-જતિ-જોગીઓના આશીર્વાદ લીધા પરંતુ કેમેય કરીને તેના પિતાની સદ્‌ગતિ ન થઈ. યુવાનને તેનો બાપ સતત પડછાયાની જેમ પાછળ ને પાછળ આવતો દેખાયા કરતો, તેથી રાત્રે પણ નિરાંતે નિદ્રા આવતી નહિ. અંતે એ કંટાળ્યો. એને થયું, પિતાનું પ્રેત મારો પીછો છોડે એમ લાગતું નથી, એના કરતાં આ દેહ જ છોડી દઈ જીવન ટૂંકાવી દઉં તો જ આમાંથી છૂટાય. બીજે દિવસે સવારે ઊઠીને આત્મહત્યા કરીશ એવા મનસૂબા સાથે તે સૂઈ ગયો. એ રાત્રે સ્વપ્નમાં એને દ્વારિકાધીશના દર્શન થયા. દ્વારિકાધીશે તેને કહ્યું: 'સૌરાષ્ટ્રના પાંચાળ પ્રદેશમાં ગઢપુર ગામ છે, ત્યાં પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજે છે. તું શીઘ્ર ત્યાં જા અને એમનો આશ્રય કર. એ તારા પિતાનો અવશ્ય ઉદ્ધાર કરશે.'

બીજે દિવસે વહેલી સવારે ઊઠીને એ યુવાન ગઢપુર તરફ ચાલી નીકળ્યો. સતત ચાલતા ત્રણ દિવસે એ ગઢપુરની સીમમાં આવેલી ઘેલા નદીના કાંઠે પહોંચ્યો. ઘેલામાં ડૂબકી દેતાં જ યુવાને પરમ શાંતિ અનુભવી. વર્ષોથી દેખાતું તેના પિતાનું પ્રેત એકાએક દેખાતું બંધ થઈ ગયું. સ્નાન-સંધ્યા આટોપી તેણે મંદિરમાં આવી ગોપીનાથજી મહારાજના દર્શન કર્યા. મંદિરની સામે આવેલી સાધુઓની જાયગામાં તે સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીને મળ્યો. મીઠો આવકાર આપીને સ્વામીએ એને પૂછ્યું: 'મહાત્માજી, આપનું

નામ શું છે? આપ ક્યાંથી પધારી રહ્યા છો?'

સ્વામીના મધુર વચનો સાંભળતાં જ યુવાન જાણે સ્વપ્નભંગ થતો હોય એમ ચમક્યો. એનું ધ્યાન હવે પોતે પહેરેલા ભગવા વસ્ત્રો પર જતાં એણે સહેજ ભોંઠપ અનુભવી. તરત જ તે નિખાલસભાવે બોલ્યોઃ 'સ્વામીજી, હું કોઈ સાધુ-સંત કે મહંત-મહાત્મા નથી. હું તો એક સામાન્ય ગૃહસ્થનો પુત્ર છું. મારા પિતાની સદ્‌ગતિ માટે હું તીર્થાટને નીકળ્યો છું. મેં જે ભગવા વસ્ત્રો પહેર્યાં છે તે તો મુસાફરીમાં સલામતી અને અનુકૂળતા અર્થે જ છે. મારે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરવા છે!'

મુક્તાનંદ સ્વામીએ કહ્યુંઃ 'તમને શ્રીજીમહારાજના દર્શન જરૂર થશે. થોડી ધીરજ રાખો, ભગવાનશ્રી આજે જ કારિયાણીથી અહીં પધારવાના છે...'

બપોર પછી શ્રીજીમહારાજ કારિયાણીથી ગઢપુર પધારી અક્ષર ઓરડીમાં બિરાજ્યા હતા. મુક્ત મુનિ એ મુમુક્ષુ યુવાનને લઈને મહારાજના દર્શને ગયા. શ્રીહરિના દર્શન કરતાં જ યુવાનના અંતરમાં આનંદના ઓઘ ઉતર્યા. મહારાજે તેની સામે એક નજર કરી મુક્ત મુનિને તેનો પરિચય પૂછ્યો. સ્વામીએ એનો પરિચય આપ્યો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યાઃ 'સ્વામી, આ ભક્તના પિતા અતિ પુત્ર મોહને કારણે અસદ્‌ગતિ પામ્યા હતા એ વાત સાચી, પરંતુ આ ભક્તે ઘેલા નદીમાં સ્નાન કર્યું ત્યારે જ તેના પિતાના આત્માની સદ્‌ગતિ થઈ ગઈ છે. માટે હવે તે નિશ્ચિંતપણે ઊંઘી શકશે.' પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યુંઃ 'બ્રહ્મચારી, આ ભક્તે ત્રણ દિવસથી કાંઈ

ખાધું નથી. સતત ચાલીને એ થાકી ગયા છે, માટે પહેલાં અમારા થાળની પ્રસાદી એમને જમાડો. પછી એમના આરામની વ્યવસ્થા કરો.' મૂળજી બ્રહ્મચારીએ તેને ભોજન કરાવ્યું. સંત-સમાગમ, ભગવદ્ દર્શન અને ભોજનપ્રસાદ આ બધું જ અહીં સરળતાથી સહજસ્વભાવે પ્રાપ્ત થતાં એ યુવાનનો દિવસોનો થાક પળોમાં ઊતરી ગયો. એનું અંતર પ્રફુલ્લિત થઈ ગયું. એ રાતે તે નિરાંતે ઊંઘ્યો. સવારે ઊઠી સ્નાનાદિ નિત્યવિધિમાંથી પરવારી તે દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજના સાંનિધ્યમાં ભરાયેલી સંત-હરિભક્તોની સભામાં આવીને બેઠો. શ્રીજીમહારાજે તેને પૂછ્યુંઃ 'ભક્તરાજ! તમે હવે શો વિચાર કર્યો? તીર્થયાત્રા આગળ વધારવી છે કે અહીં અમારી પાસે અઠેદ્વારિકા કરીને રહેવું છે?' યુવાને વિનમ્રતાથી જવાબ આપ્યોઃ 'પ્રભુ, તીર્થાટન તો પિતાની સદ્ગતિ અર્થે કરવા નીકળ્યો હતો. મારો એ હેતુ આપના ચરણોમાં સિદ્ધ થયો, માટે હવે તો અહીં જ આપની સેવામાં રહેવું છે!' શ્રીજીમહારાજે તેને પાર્ષદની દીક્ષા આપી લક્ષ્મીવાડીમાં રહી ફૂલવાડીની માવજત કરવાની સેવા સોંપી.

પાંચેક વરસ પાર્ષદ તરીકે ફૂલવાડીની સેવા કર્યા પછી એકવાર તેમણે શ્રીજીમહારાજને વિનંતી કરીઃ 'પ્રભુ, મારે સાધુ થવું છે.' મહારાજે કહ્યું : 'પાર્ષદરૂપે તમે સેવા કરો જ છો ને? તેમાં કાંઈ મુશ્કેલી હોય તો કહો.' ભક્તરાજે ફરી આજીજીપૂર્વક કહ્યુંઃ 'મહારાજ, પાર્ષદરૂપે મુશ્કેલી તો કાંઈ જ નથી, પરંતુ મારે તો તમારી કથાવાર્તા સાંભળવી છે અને સંતોની સેવા કરી બ્રહ્મરૂપ થવું છે. પાર્ષદ તરીકે

એ લાભ નથી મળતો, તેથી મારે સાધુ થવું છે.' શ્રીજીમહારાજ તેમની મુમુક્ષુતા તેમ જ સંતસેવા માટેની ત્વરા જોઈ અત્યંત પ્રસન્ન થયા અને તેમને સાધુ માટેની ભાગવતી દીક્ષા આપી તેમનું નામ શ્વેતવૈકુંઠાનંદ પાડ્યું.

સ. ગુ. શ્રી શ્વેતવૈકુંઠાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના સાંનિધ્યમાં રહી તેમ જ નંદસંતોના સેવાસમાગમ દ્વારા બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી હતી. તેમની ખડી હિન્દી ભાષામાં રચાયેલ કાવ્યરચનાઓ સત્સંગ સાહિત્યમાં અનેરી છાપ ઉપસાવે છે. શ્રીહરિના સ્વધામગમન બાદ તેઓ વડતાલ મંદિરમાં રહી સત્સંગની સેવા કરતા હતા.

**કાવ્યકૃતિ :**

**સબહી બરન મેં વોહી બડે જીન, સ્વામિનારાયણ રટા રટા રે.**
**સ્વામિનારાયણ જેહી મન રાચે, સંસાર તિનકો ખટા ખટા રે.**
**સહજાનંદ કો દર્શન જીન કીનો, ત્રિવિધતાપ સો કટા કટા રે.**
**સ્વામિનારાયણ કો મુખ ગાવે, પંડિત જોગી ભટા ભટા રે.**
**સહજાનંદ કો ધ્યાન ધરી મુનિ, શિર ધરી કે બડી જટા જટા રે.**
**સ્વામિનારાયણ આશ્રય જીન કીનો, તિનકી ઔર હૈ છટા છટા રે.**
**શ્વેતવૈકુંઠાનંદ શ્રીહરિકે, પડત ચરનમેં લટા લટા રે.**

**આસ્વાદ :**

શ્રીજીમહારાજના ચરણસ્પર્શથી પાવન થયેલી તીર્થ-સલિલા ઉન્મત્તગંગામાં સ્નાનમાત્રથી જ જેમના અસદ્‌ગતિને પામેલા પિતાશ્રીનો ઉદ્ધાર થઈ ગયો એવા સ. ગુ. શ્રી શ્વેતવૈકુંઠાનંદ સ્વામીએ પોતાના સ્વાનુભવે જ શ્રીહરિનો અપરંપાર મહિમા આત્મસાત કરીને એમનો અનન્ય આશ્રય કર્યો હતો. તેથી જ એમના પ્રસ્તુત પદમાં એના શબ્દે શબ્દે

પ્રભુ શ્રી સ્વામિનારાયણનો પારાવાર મહિમા એની પરાકાષ્ઠાએ પ્રગટે છે.

કવિના મતે સમસ્ત જગતમાં એ જ સૌથી મહાન છે- એ જ સૌથી શ્રેષ્ઠ છે જેને ભગવાન શ્રી સ્વામિનારાયણનું અખંડ અનુસંધાન રહે છે, જેના અંતરમાં સતત શ્રીહરિનું સ્મરણ સહજ સ્વભાવે થયા કરે છે. શ્રીજીમહારાજે સ્વયં શ્રીમુખે આ જ વાતને (ગઢડા પ્રથમના પહેલા) વચનામૃતમાં અનુમોદન આપ્યું છે. શ્રીજીમહારાજ કહે છેઃ 'જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી, કારણ કે ભગવાનની મૂર્તિ તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિને વિશે જેના મનની અખંડ વૃત્તિ રહે છે, તે તો જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઇચ્છે તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમોહોલ આદિક જે જે ભગવાનના ધામ છે તેને પણ દેખે છે...' જેને આ પ્રમાણે અહોનિશ અંતર પ્રભુપરાયણ રહ્યા કરે છે તેનું મન અનાયાસે જ સંસારના વ્યાપારોમાંથી અનાસક્ત થઈ જાય છે.

શ્રીજીમહારાજના પ્રથમ દર્શનથી જ કવિના અંતરમાં અપાર શાંતિ અને અકારણ આનંદના ઓઘ ઉતરી આવ્યા હતા. તેથી કવિ ગાય છેઃ જેણે જેણે પણ શ્રી સહજાનંદના દર્શન કર્યા છે એના ત્રિવિધ તાપ - આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળી ગયા છે. મોટા મોટા વિદ્વાન પંડિતો તથા અલમસ્ત યોગીઓ પણ ઠેર ઠેર ફરીને શ્રી સ્વામિનારાયણ

ભગવાનનો મહિમા પ્રગલ્ભપણે ગાય છે. સંતદાસજી એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. 'સત્સંગિજીવન' ગ્રંથના રચિયિતા મહામુનિ શ્રી શતાનંદજી પ્રખર વિદ્વાન તેમ જ ઉચ્ચ કોટીના સિદ્ધ પુરુષ હતા. તેમણે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીનો પ્રગલ્ભ મહિમા ઠેઠ બદરિકાશ્રમમાં જઈને ગાયો હતો, એટલું જ નહિ આસામના મહામુક્ત દલુજીને પણ શ્રીહરિનો અપરંપાર મહિમા સમજાવ્યો હતો અને તેથી મોટા મોટા જટાજૂટ જોગી મુનિઓ શ્રી સહજાનંદ શ્રીહરિનું અખંડ ધ્યાન ધરી રહ્યાં છે.

કવિ કહે છે, જેને જેને પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અનન્ય આશ્રય કર્યો છે તેમની વાત જ નિરાળી છે. શ્રીજીમહારાજનો આવો અતુલિત મહિમા અંતઃકરણપૂર્વક સમજીને કવિ કૃતકૃત્યભાવે શ્રીહરિના ચરણોમાં આળોટીને પોતાના અંતરના આરતભર્યા ભાવોની ભવ્ય ભાવાંજલિનો અનોખો અર્ઘ્ય અર્પણ કરે છે.

ખડી હિન્દી બોલીમાં રચાયેલું પ્રસ્તુત પદ સુગેય છે. રાગ ઠુમરીમાં એની બંદિશ કાવ્યના શબ્દલાલિત્ય તથા ભાવમાધુર્યને સુસંગત છે.

# પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયમ્ શરણમ્ હરિં ત્વામ્

## ૪

## સદ્‌ગુરુ શ્રી અખંડાનંદ બ્રહ્મચારી

અઢારમી સદીમાં સૌરાષ્ટ્રનો સુરેન્દ્રનગર જિલ્લો જેને 'ઝાલાવાડ' પણ કહે છે તે સૌવીર પ્રદેશ તરીકે ઓળખાતો હતો. સૌવીર સંતમહાત્માઓ તેમ જ શૂરવીર નરબંકાઓની માભોમકા કહેવાતી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રગણ્ય સંતરત્નો જેવા કે અદ્‌ભુતાનંદ, પરમચૈતન્યાનંદ, નિષ્કામાનંદ, નરનારાયણાનંદ, આધારાનંદ ઇત્યાદિ પણ આ પ્રદેશના પનોતા પુત્રો હતાં.

એકવાર સદ્‌ગુરુ શ્રી રાઘવાનંદ સ્વામી સત્સંગના પ્રચાર ને પ્રસાર અર્થે ઝાલાવાડ પ્રદેશમાં ફરતા ફરતા લીંબડી તાલુકાના શિયાણી ગામ આવી પહોંચ્યા. એ વખતે ગામમાં કોઈ મઠ કે મંદિર નહોતા, પણ ગામને ચોરે નિત્ય હરિકથા થતી. સ્વામીએ બે દિવસ રોકાઈ ગામના ચોરા પાસે લોકોને ભેગા કરી ભગવદ્ વાર્તા દ્વારા કેટલાક દૈવી જીવોને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની દીક્ષા આપી આશ્રિત સત્સંગી કર્યા.

સત્સંગનો એ બાલ્યકાળ હતો. કોઈ ગામમાં બે ચાર સજ્જનો સત્સંગી થાય એટલે બાકીના બધા એનો બહિષ્કાર કરતા. સત્સંગીનું સદાચારી જીવન કુસંગીઓને કઠતું.

પરિણામે સત્સંગીઓને નાત-જાત ને સમાજમાં અતિ અપમાનિત થવું પડતું. છતાં પણ એ ભડવીરોએ માથાસાટે સત્સંગને સાચવી જાણ્યો હતો. શિયાણી ગામમાં પણ સત્સંગનું પદાર્પણ થતાં આ જ પરિસ્થિતિ સર્જાઈ. વાત એટલે સુધી વધી ગઈ કે ગામના રાજા હરિસિંહ પાસે ફરિયાદ પહોંચી. રાજાએ સત્વરે રાજપુરોહિત શિવરામ ભટ્ટને બોલાવી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય પરત્વે સત્ય હકીકત મેળવી લાવવા ફરમાન કર્યું. શિવરામ ભટ્ટ આખાય ઝાલાવાડ પંથકમાં વિદ્વાન કર્મકાંડી રાજપુરોહિત તરીકે ખ્યાતનામ હતા. આ. સં. ૧૮૭૦ની ફાગણ સુદ એકાદશીના પરમ પાવન દિવસે ભટ્ટજી ગઢપુર પહોંચ્યા.

ગઢપુરમાં દાદાખાચરના દરબારના દરવાજે ઊભેલા દ્વારપાળે શિવરામ વિપ્રને વિનયપૂર્વક પૂછયુંઃ 'આપ ક્યાંથી પધારો છો? આપને કોનું કામ છે?'

'હું શિવરામ ભટ્ટ શિયાણીથી આવું છું, મારે સહજાનંદ સ્વામીને મળવું છે.' ભટ્ટજીએ જવાબ આપ્યો.

દ્વારપાળ કરીમભાઈ તત્કાળ ભટ્ટને શ્રીજીમહારાજ પાસે લઈ ગયા. વિપ્રને વ્હાલપૂર્વક પાસે બેસાડી શ્રીહરિએ એમનો પરિચય પૂછયો. પોતાનો પ્રારંભિક પરિચય આપ્યા બાદ શિવરામ ભટ્ટે મુદ્દાની વાત કાઢતાં કહ્યુંઃ 'મહારાજ! અમારા ગામમાં તમારા સંપ્રદાયના કેટલાક અનુયાયીઓ રહે છે. તેમનું જીવન જોઈને સૌને સહેજે તેમના પ્રત્યે આદર થાય છે. પરંતુ સ્વામીજી, આપના સંપ્રદાય માટે કેટલાક લોકો એવી વાતો કરે છે જે સાંભળીને સાંભળનારને આપના ધર્મ માટે અણગમો ઉપજે છે. આમ સારા નરસા બંને પ્રકારના

વિરોધાભાસી અનુમાનોને કારણે મનમાં દ્વિધા પેદા થાય છે કે ખરેખર સત્ય શું છે? શાસ્ત્રમાં કહ્યું છે કે **संशयात्मा विनश्यति ।** માટે સર્વ પ્રકારના સંશયો ટાળવા માટે અને આપના સંપ્રદાય સંબંધી સત્ય હકીકતો જાણવા માટે મારા યંજમાન રાજા હરિસિંહએ મને આપની પાસે મોકલ્યો છે. આપ જો અનુમોદન આપો તો હું કેટલાક પ્રશ્નો આપને પૂછવા માંગું છું.'

શ્રીજીમહારાજે આ સાંભળીને કહ્યું: 'આજે એકાદશીના જાગરણ નિમિત્તે સભા થવાની છે તે વખતે તમે તમારા પ્રશ્નો સભામાં જ રજૂ કરજો જેથી દરેકને તેનો લાભ મળે.' ભટ્ટજી આખો દિવસ દાદાખાચરના દરબારમાં સંત હરિભક્તો સાથે રહ્યા. એ દરમ્યાન તેમણે સંત હરિભક્તોની દિનચર્યા જોઈ, સંધ્યાકાળે ગવાતા ગોડી પદો સાંભળ્યાં તથા સંધ્યા આરતી, ધૂન, સ્તુતિ-પ્રાર્થના વગેરેને મન મૂકીને માણ્યાં. રાત્રિ સભામાં શ્રીજીમહારાજે શિવરામ વિપ્રને આદરપૂર્વક સભામાં આસન આપી એમના પ્રશ્નો રજૂ કરવાની અનુમતિ આપી. ભટ્ટજીએ સભામાં વિનયપૂર્વક અઢાર પ્રશ્નો શ્રીજીમહારાજને પૂછ્યા જેના શ્રીહરિએ ખૂબ જ નિખાલસ અને વિસ્તૃત ઉત્તર આપ્યા. સદ્‌ગુરુ શ્રી શતાનંદ મુનિએ સત્સંગિજીવનના દ્વિતીય પ્રકરણના ૩૭મા અધ્યાયમાં એ પ્રશ્નોત્તરોનો વિસ્તૃત અહેવાલ આપ્યો છે.

પોતાના પ્રશ્નોના યથાર્થ ઉત્તર સંતોષપૂર્વક સાંપડતા શિવરામ ભટ્ટે પ્રાર્થનાપૂર્વક પ્રણામ કરીને શ્રીહરિને વિનંતી કરી : 'પ્રભો, આપના ઉત્તરોથી મને સંપૂર્ણ સંતોષ થયો છે અને અંતરમાં એવો દૃઢ વિશ્વાસ પેદા થયો છે કે આપનો

આશ્રય કરવાથી મારો નિશ્ચિતપણે મોક્ષ થશે જ. તેથી કૃપા કરીને આપના સંપ્રદાયની દીક્ષા આપીને આપના આશ્રિત તરીકે મારો સ્વીકાર કરો.' ભટ્ટજીનો શુદ્ધ શરણાગત્ ભાવ પારખીને શ્રીહરિએ તેમને દીક્ષા આપી સંપ્રદાયના આશ્રિત સત્સંગી બનાવ્યા. ભટ્ટજી ફૂલદોલના ઉત્સવ સુધી ગઢપુરમાં જ રોકાયા. આ ઉત્સવ દરમ્યાન તેમને અલૌકિક સુખ સાંપડ્યું.

ફૂલદોલના ઉત્સવ દરમ્યાન શ્રીજીમહારાજની અલૌકિક લીલા નિહાળીને શિવરામ વિપ્રને સમાધિ સ્થિતિ પ્રાપ્ત થઈ. સમાધિમાં તેમણે બ્રહ્મધામમાં બિરાજમાન પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણના દિવ્ય દર્શન થયાં. સમાધિમાંથી જાગૃત થતાં જ ભટ્ટજીએ ભાવવિભોર થઈને '**प्राप्तोऽस्मि भक्तितनयं शरणं हरिम् त्वाम्** ।' એ સ્તોત્ર દ્વારા શ્રીહરિને ગદ્ગદ કંઠે પ્રેમપૂર્વક પ્રાર્થના કરી. શ્રીહરિએ એમના ભક્તિભાવથી પ્રસન્ન થઈ એમના ઉપર અપરંપાર કૃપા વરસાવી.

શિયાણી પરત આવી ભટ્ટજીએ રાજા હરિસિંહ તથા ગામના લોકોને શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજાવ્યો. કર્મકાંડ તથા કથા પારાયણો પ્રસંગે ભટ્ટજી લીંબડી રાજ્યના ચોવીસ ગામોમાં ફરતા રહેતા, વળી રાજપુરોહિત તરીકેની તેમની પ્રસ્થાપિત પ્રતિષ્ઠાને પ્રતાપે લોકો એમની વાતોને શ્રદ્ધાથી સ્વીકારતા. પરિણામે લીંબડી રાજ્યમાં શિવરામ ભટ્ટને લીધે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રચાર ઘણો સારો થયો.

સંપ્રદાયના આશ્રિત સત્સંગી બન્યા બાદ શિવરામ ભટ્ટ

મોટા મોટા નંદસંતોના નિકટ પરિચયમાં આવ્યા, એ સંતો પાસે રહી તેઓએ સંપ્રદાયના શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો. પોતે વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણ તો હતા જ, તેમાં વળી પ્રગટ પૂર્ણ પુરુષોત્તમનારાયણની ઉપાસના સાંપડી, પરિણામે ભટ્ટજીએ પુરુષોત્તમકવચ તથા આદિનારાયણની કથાની રચના કરી. તેઓ વારંવાર પોતાને ગામ શિયાણી શ્રીહરિ, સંતો અને બ્રહ્મચારીઓને આમંત્રી, મહિમાપૂર્વક સેવા સમાગમ કરતા હતા. ભટ્ટજીની સેવાપરાયણતાનું અત્યંત ઉજ્જવલ દૃષ્ટાંત સંપ્રદાયની ત્વારીખમાં નોંધાયેલું છે.

એકવાર સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારીને ઓરી નીકળેલા. ઓરી જેવા ચેપી રોગમાં દર્દીની કાળજીપૂર્વક સેવા-શુશ્રૂષા કરનાર સેવાભાવી સેવક મળવા અત્યંત દુર્લભ, એમાં વળી બ્રહ્મચારીને બ્રાહ્મણ સિવાય કોઈની સેવા ખપે નહિ. આ સંજોગોમાં વાસુદેવાનંદ વર્ણી માટે મહારાજ ચિંતિત હતા, ત્યારે શિવરામ ભટ્ટે વિનંતીપૂર્વક કહ્યું : 'મહારાજ, આપની આજ્ઞા હોય તો હું બ્રહ્મચારીની સેવા કરું.' શ્રીજીમહારાજે તેમને પ્રસન્નતાપૂર્વક અનુમતિ આપી. ભટ્ટજીએ બ્રહ્મચારીની જાળવીને જતનપૂર્વક સેવા કરી. વાસુદેવાનંદ વર્ણીએ એમની પરમ સેવા ભક્તિથી પ્રસન્ન થઈ પોતાના 'સત્સંગિભૂષણ' ગ્રંથમાં કથાના શ્રોતા તરીકે શિવરામ વિપ્રના પાત્રને સ્થાન આપી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં એમને અમર કરી દીધા.

શિવરામ ભટ્ટને શ્રીજીમહારાજનો અપરંપાર મહિમા હતો, તેથી તેઓ પ્રત્યેક સમૈયા પ્રસંગે લાખો માણસોની

મેદની વચ્ચે મહારાજની ચરણપાદુકા સાચવવાની સેવા ખૂબ કાળજીપૂર્વક કરતા હતા. સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ 'સત્સંગિજીવન'માં (પ્ર.૩, અ-૨) આ વાતનો ઉલ્લેખ કર્યો છે. સર્વમંગલસ્તોત્રમાં શ્રીજીમહારાજના એક નામ તરીકે **शिवोपानीतपादुकः** । એમ લખીને કવિએ શ્રીહરિના પતિતપાવન નામ સાથે તેમના એકાંતિક સેવક શિવરામ ભટ્ટનું નામ સાંકળી તેમને અપૂર્વ ગૌરવ પ્રદાન કર્યું છે.

શિયાણીમાં શ્રીજીમહારાજ તથા સંતો પધારે ત્યારે ઉતરવા તથા કથા-કીર્તન માટે મંદિર કે ધર્મશાળાની વ્યવસ્થા ન હોવાથી શિવરામ ભટ્ટે પોતાના ઘરનું મકાન મંદિર બાંધવા માટે કૃષ્ણાર્પણ કર્યું. મહારાજે ભોળાનંદ સ્વામીને શિયાણી મોકલી ત્યાં સરસ મઝાનું હરિમંદિર તૈયાર કરાવ્યું. જીવનની ઉત્તરાવસ્થામાં ભટ્ટજીને વિચાર આવ્યોઃ 'અત્યાર સુધી સંસારમાં રહીને પ્રભુ ભજન કર્યું, પરંતુ હવે પછીનું સમગ્ર જીવન પ્રગટ પરમાત્મા તથા તેમના સંતોના સેવા સમાગમ માટે અર્પણ કરી દેવું તેમાં જ જીવનની કૃતાર્થતા છે.' પરિવારના સૌની સંમતિ સાધી શિવરામ ભટ્ટે શ્રીજીમહારાજને આર્તસ્વરે પ્રાર્થના કરીઃ 'મહારાજ, મને હવે આપની અખંડ સેવામાં રાખો.' મહારાજે રાજી થઈ ભટ્ટજીને ત્યાગાશ્રમની મહાદીક્ષા આપી એમનું 'અખંડાનંદ બ્રહ્મચારી' એવું નામાભિધાન કર્યું.

ગઢપુરમાં શ્રીહરિના સાનિધ્યમાં રહી અખંડાનંદ બ્રહ્મચારીએ પોતાની પ્રાસાદિક શૈલીમાં 'શ્રીહરિચરિત્ર' નામનો એક અપૂર્વ ગ્રંથ સંસ્કૃત ભાષામાં રચ્યો. સદ્‌ગુરુ કૃષ્ણાનંદ સ્વામીએ પોતાના ગ્રંથ 'હરિચરિતામૃત'માં

(અધ્યાય-૬૫, ચોપાઈ ૨૫-૨૭) અખંડાનંદ વર્ણી વિશે લખતા ગાયું છેઃ

'અખંડાનંદ વર્ણીની વાત,
રહેતા શિયાણીમાં દ્વિજજાત.
નામ શિવરામ ભટ્ટ કહેવાય,
રાજદ્વારમાં આવે ને જાય.
પહેલા શક્તિના પંથમાં હતા,
કર્તા કર્મ રાજદ્વાર છતા.
પછી જ્યારે થયો સત્સંગ,
ચડ્યો ચોગણો ચિત્તમાં રંગ.
મૂક્યો રાજ કાજ અધિકાર,
થયા ત્યાગી મૂકી ઘરબાર.
સાધુતા ગુણ લક્ષણ ભારી,
જાણી એવા કર્યા અધિકારી.'

કાવ્યકૃતિ : (પ્રાર્થના સ્તોત્ર)

હે નીલકંઠ! શરણાગતજીવપાલં,
સંસારસિંધુ પતિતોદ્ધરણૈકકૃત્યમ્;
સ્વાનાં સુખં વિતરિતું ધૃતનૈકરુપં,
પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્.
સ્વામિન્ સદાઽતિકરણાર્દ્રવિલોચનાબ્જં,
સ્વાતિ પ્રિયોદ્ધવમતાબ્જવિકાશનાર્કમ્;
પાખંડખંડનપટું સ્વજનાર્દ્રચિત્તં,
પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્.
મુક્તિપ્રદં ભવભયાર્તજનસ્ય બંધુમ્,
ધર્માઢ્ય ભક્તિપથપોષણતત્પરં ચ;

ભક્તિપ્રિયં સુરનરાધિપવંદ્યપાદં,
પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્.
નારાયણં ધૃતમનોહરવર્ણિવેષં,
ધર્મમ્ ચ નૈષ્ટિકમિહ પ્રથયતમાયમ્;
તાપત્રયાભિ ભવકારી ગુણાનુવાદં,
પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્.
શર્મપ્રદાતુભવનૌ સ્વસતામદભ્રં,
હંતું ચ તત્પ્રતિયદુષ્ટજનાન્સદીશમ્;
ભક્તૌ વૃષાદ્ધૃતશુભાંગમજં રમેશં,
પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્.
યસ્યેક્ષણં સ્મરણકીર્તિન વંદનાનિ,
પ્રીત્યાર્હણં શ્રવણમાશુહરંતિ પાપમ્;
મોક્ષં દિશન્તિ ભવપાશનિબંધનાત્તં,
પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્.
યસ્યાશ્રયાદવરજંતુરપિ સ્વપાપં,
હિત્વાઽપ્ય દેવવરણીયમય સ્વરૂપમ્;
એત્યક્ષરે નિવસનં, તમતીત્ય વિઘ્નાન્,
પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્.
દીનાનુકંપિતમરં શરણાગતાઘસ્તોમ્,
ગુણજ્ઞ ન ગણય્ય ગુણં તદીયમ્;
અપ્યલ્પમીશ સુભગં બહુ મન્યમાનં,
પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્.
સંસારસિંધુપતિતસ્ય નિજાઘતઃ,
સ્વપ્રારબ્ધકર્મ પરિભુક્તવતોઽલ્પ બુદ્ધેઃ;
વીક્ષ્ય સ્વયં સ્વબિરુદં કુરુ મે ભવાબ્ધે,

રુદ્ધારમાર્તિહરણં પ્રણમામ્યહં ત્વામ્.

**આસ્વાદ :**

અખંડાનંદ વર્ણી રચિત પ્રસ્તુત પ્રાર્થનાસ્તોત્ર વસંતતિલકા છંદમાં અનુબદ્ધ છે. સ્તોત્રનો પ્રારંભ કવિ હે નીલકંઠ! એવા સૂચિત સંબોધન સાથે કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના અનેક કલ્યાણકારી નામો પૈકી વનવિચરણ દરમ્યાન એમનું નામ નીલકંઠ વર્ણી હતું. નીલકંઠ નામ તપ-ત્યાગ, સંયમ-સમર્પણ, બ્રહ્મચર્ય-અહિંસા, સેવા-સહિષ્ણુતા તથા ક્ષમા, જ્ઞાન અને ભક્તિનું સૂચક છે. નવલખા પર્વત ઉપર નવ લાખ યોગીઓને એકી સાથે દિવ્ય દર્શન દઈને મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ તેમનું આત્યંતિક કલ્યાણ કર્યું હતું. શ્રીહરિનું નીલકંઠ વર્ણી સ્વરૂપ તપ અને ત્યાગનો ઉચ્ચ આદર્શ દાખવતું હોવા ઉપરાંત અત્યંત કરુણાકર કૃપાસ્વરૂપ છે! કવિ એ કૃપાળુ પ્રભુને આર્તભાવે પ્રાર્થના કરે છે.

પ્રાર્થનાનો મહિમા અગાધ છે. પ્રાર્થના નિર્બળનું બળ, નિર્ધનનું ધન અને નિરક્ષરની વિદ્યા છે. પ્રાર્થનાની કોઈ વિધિ નથી, પ્રાર્થનામાં કોઈ નિષેધ નથી. પ્રાર્થના માટે જરૂર છે ફક્ત ભગવાનના પ્રગટ સ્વરૂપના અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયયુક્ત હૃદયનો શુદ્ધ અને નિષ્કામ આર્તભાવ. આ આર્તભાવ એ જ પ્રાર્થનાનું ચાલક બળ છે. જેને નિગમ નેતિ નેતિ કહે છે તે પરાત્પર પરમાત્માને એક માત્ર પ્રાર્થના જ પ્રત્યક્ષ કરે છે.

કવિ ગદ્ગદ કંઠે પ્રાર્થે છેઃ 'હે નીલકંઠ! શરણાગત જીવોના રક્ષણહાર! સંસારસાગરમાં ડૂબેલા જીવોના ઉદ્ધારક!

પોતાના ભક્તજનોની રક્ષા અને સુખ માટે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં જરૂર પડે, ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં અનેક રૂપો ધારણ કરનાર ભક્તિદેવીના પુત્ર શ્રીહરિ હું આપને શરણે આવ્યો છું.' શરણાગતિ એ પ્રાર્થનાનો સ્થાયી ભાવ છે. ભગવાન જગતનું સર્જન કરે છે એ જીવોના હિત માટે કરે છે, તેમ જ તેનો પ્રલય કરે છે તે પણ જીવોના કલ્યાણ માટે જ કરે છે. એ સિદ્ધાંત આ સૂત્ર દ્વારા કવિ સમજાવવા માગે છે. ભગવાન શરણે આવેલા જીવો પાત્ર છે કે કુપાત્ર છે તેનો કોઈ વિચાર ન કરતાં શરણે આવેલા તમામ જીવોનું રક્ષણ કરે છે એ જ એમની મહત્તા સૂચવે છે.

દ્વિતીય શ્લોકનો આરંભ કવિ સ્વામિન્! સંબોધન દ્વારા કરે છે. જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી અને અક્ષરકોટી - એ સર્વેના સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણ છે, પરંતુ એમનો સ્વામી કોઈ નથી એવો અર્થ અહીં કવિને અભિપ્રેત છે. સ્વામી શબ્દમાં સર્વવ્યાપકપણું, સર્વનિયામકપણું, સર્વસમર્થપણું અને સર્વોપરીપણું એ ચારે ગુણોનો સુચારુ સમાવેશ થાય છે. કવિ પ્રાર્થે છેઃ 'હે સ્વામિન્! જીવોના હિત માટે અલૌકિક અને અનુપમ ક્રિયાઓ (લીલાઓ) સતત કરવા છતાં જેમનાં નેત્ર નિત્ય પ્રેમ અને કરુણાથી પ્લાવિત છે, પોતાને અતિ પ્રિય ઉદ્ધવ દ્વારા પ્રવર્તાવેલા જ્ઞાનમતરૂપી કમળનો વિકાસ કરવામાં જે સૂર્ય સમાન છે, પાખંડ જ્ઞાનમત અને પાખંડધર્મનું ખંડન કરવામાં જે અતિ કુશળ છે તથા પોતાના ભક્તજનો માટે જેમનું હૃદય હંમેશાં પ્રેમાર્દ્ર વર્તે છે એવા ભક્તિદેવીના પુત્ર શ્રીહરિ! હું આપને શરણે આવ્યો છું.'

હિન્દુધર્મમાં પ્રવર્તતા અનેક જ્ઞાનમતો વચ્ચે વર્ષોથી વૈમનસ્ય ચાલતું આવ્યું છે. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે પાખંડ ધર્મ કે જ્ઞાનમત સિવાય ક્યારેય કોઈ જ્ઞાનમતનું ખંડન કર્યું નથી. કુડાપંથી, શક્તિપંથી, શુષ્કવેદાંતી અને નાસ્તિક આ ચારેય પાખંડ મતોનું ખંડન કરવામાં શ્રીજીમહારાજે અત્યંત કુશળતા દાખવી હતી. આનું એક દૃષ્ટાંત ગ. મ. ૧૮મા વચનામૃતમાં જોવા મળે છે. એમાં નાસ્તિક મતનું ખંડન કરતા મહારાજ કહે છેઃ 'નાસ્તિક તો એમ સમજે છે કે રામચંદ્રજી ને શ્રીકૃષ્ણ ભગવાન એ તો રાજા હતા ને શ્રીકૃષ્ણે દૈત્ય માર્યા તથા પરસ્ત્રીના સંગ કીધા માટે ત્રીજા નરકમાં પડ્યા છે, એવી રીતે અધમ-ઉદ્ધારણ ને પતિતપાવન એવા શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પરમેશ્વરની બુદ્ધિ જ નથી અને કર્મે કરીને પોતાનું કલ્યાણ માન્યું છે જે જ્યારે કર્મ કરતાં કરતાં કેવળ જ્ઞાન પ્રગટે ત્યારે તે ભગવાન થાય, એવી રીતે અનંત ભગવાન માન્યા છે પણ અનાદિ પરમેશ્વર નાસ્તિકને મતે કોઈ નથી જેને ભજવે કરીને જીવ ભવના બંધન થકી છૂટે, માટે એ મત છે તે અતિ ભૂંડો છે....'

તૃતીય શ્લોકમાં અખંડાનંદ બ્રહ્મચારી પોતાની આગવી છટાથી શ્રીહરિની પંચમ સૂરે સ્તુતિ કરતા ગાય છેઃ 'જેમના ચરણકમળનો આશ્રય કરવાથી મુક્તિ મળે છે, જન્મમરણના ભયથી પીડા પામેલા જીવોના જે બંધુ (આપ્તજન) છે, જે ધર્મયુક્ત ભક્તિમાર્ગના પુષ્ટિકર્તા છે, જેમને ભક્તો પ્રિય છે તથા જેમના ચરણારવિંદને જીવો, જગતના રાજાઓ, દેવો તેમ જ દેવાધિદેવો હંમેશાં સેવી રહ્યા છે એવા ભક્તિદેવીના

પુત્ર શ્રીહરિ! હું આપને શરણે આવ્યો છું.'

સર્વોપરી શ્રીહરિ ભગવાન શ્રી સ્વામિનારાયણની નિર્વિકલ્પ શરણાગતિ માત્રથી જ જીવો મોક્ષ પદને પામે છે. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૩૯મા શ્લોકમાં સ્પષ્ટ લખ્યું છે: 'શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી.' આ નાનકડાં સૂત્રમાં શ્રીહરિએ નકારાત્મક વિધાન કર્યું છે. ભગવાનની ભક્તિ ધર્મયુક્ત જ કરવી એમ ન કહેતા, ધર્મે રહિત ભક્તિ ન કરવી એમ કહીને પ્રભુએ ભક્તિમાર્ગના ભયસ્થાનો ભણી લાલબત્તી બતાવી છે. કારણ કે, ધર્મ વગરની ભક્તિ, ભક્તિ ન રહેતાં નર્યો આડંબર બની જાય છે. એવી ભક્તિ જીવનો શતમુખ વિનાશ નોતરે છે. વળી આ શ્લોકમાં કવિ શ્રીહરિ માટે એક વિશિષ્ટ વિશેષણ પ્રયોજે છે - **भक्तप्रियम्** । પ્રભુને પોતાના ભક્તો પ્રાણપ્રિય છે. ભગવાન અને ભક્ત વચ્ચે **प्रीतियोगम् परस्परम्** એ ન્યાયે પ્રગાઢ પ્રેમનો અતૂટ નાતો છે. ભક્તનો આ પ્રીતિયોગ જ્યારે એની પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે એ ભક્ત ભગવાનના સ્વરૂપમાં રસલીન બને છે. સારંગપુરના ૧૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે લક્ષ્મીજીના દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવી છે.

હવે કવિ શ્રીહરિના વિવિધ દિવ્ય વિગ્રહોનું પ્રગલ્ભપણે ગુણગાન કરતા પ્રાર્થે છે: 'જે નારાયણ છે, જેમણે અતિ મનોહર બટુક બ્રહ્મચારીનો વેશ ધારણ કરેલો છે, જે નૈષ્ઠિકવ્રતનું આગ્રહપૂર્વક પ્રતિપાદન કરે છે, જેમના ગુણોના સંકીર્તનથી આધિ, વ્યાધિ અને ઉપાધિ ઇત્યાદિ ત્રિવિધ તાપનો નાશ થાય છે એવા ભક્તિદેવીના પુત્ર શ્રીહરિ! હું

આપને શરણે આવ્યો છું.'

શાસ્ત્રમાં જીવો, ઇશ્વરો, મુક્તો અને અક્ષરબ્રહ્મ એ બધાના સમૂહને 'નાર' કહે છે, એમનું જે આશ્રયસ્થાન અર્થાત્ આધાર છે તે નારાયણ! શ્રીહરિને નૈષ્ઠિકવ્રત અત્યંત પ્રિય હતું. તેથી જ શિક્ષાપત્રી. ધર્મામૃત અને સત્સંગિજીવનમાં એનું અત્યંત આગ્રહપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પોતાના દૃષ્ટાંતરૂપ આચરણ દ્વારા આશ્રિત સત્સંગીઓને શીખવાડવા માટે શ્રીજીમહારાજે આજીવન અણિશુદ્ધ બ્રહ્મચર્ય વ્રતનું અનુસરણ કર્યું હતું. વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીરૂપે શ્રીહરિએ પુલહાશ્રમમાં એક પગે ઊભા રહી કઠોર તપશ્ચર્યા કરી હતી. જ્યારે સૂર્યનારાયણે સાક્ષાત્ પ્રગટ થઈ વર માગવાનું કહ્યું, ત્યારે વર્ણીએ અખંડ અણિશુદ્ધ બ્રહ્મચર્ય વ્રતનું વરદાન માગ્યું. શ્રીજીમહારાજની આવી પ્રત્યેક માનુષી લીલા ભક્તજનોની શિક્ષા અને દીક્ષા એ બંને પ્રયોજનની સિદ્ધિને અર્થે જ હોય છે. શ્રીજીમહારાજના અપાર ગુણોનું સંકીર્તન ત્રિવિધ તાપ તેમ જ જન્મમરણ, કર્મપાશ અને વિષયાસક્તિની વાસના એ સર્વે ઉપાધિઓમાંથી મુક્તિ અપાવે છે.

પંચમ શ્લોકમાં બ્રહ્મચારી પ્રભુને પ્રાર્થતા કહે છેઃ 'જે અજન્મા છે છતાં પોતાના ભક્તજનોને જીવનમાં અત્યંત સુખ આપવા માટે તથા પોતાના ભક્તજનોના વિરોધી એવા દુષ્ટજનોનો નાશ કરવા માટે જેમણે ધર્મ-ભક્તિને ત્યાં જન્મ ધર્યો છે, વળી જે રમેશમ્ અર્થાત્ લક્ષ્મીપતિ નારાયણ છે એવા ભક્તિદેવીના પુત્ર શ્રીહરિ! હું આપને શરણે આવ્યો

છું.' શ્રીહરિના જન્મ અને કર્મ દિવ્ય અને અલૌકિક હોવાથી એ અજન્મા કહેવાય છે. પ્રભુ પરમાત્મા પોતાના ભક્તજનોને સુખ આપવા માટે - લાડ લડાવવા માટે તથા તેમની દુષ્ટોથી રક્ષા કરવા માટે જ જન્મ લે છે. ધર્મનું સ્થાપન તો ધામમાં રહ્યા થકા પણ પોતાના ઐશ્વર્ય પ્રતાપે પ્રભુ કરી શકે છે. આ લોકમાં મનુષ્યરૂપે અવતરવાનો મુખ્ય હેતુ પોતાના પ્રાણપ્રિય ભક્તોનું રક્ષણ અને સુખ એ જ માત્ર છે. લક્ષ્મીજી ભગવાનના સર્વોત્કૃષ્ટ કક્ષાના સર્વોત્તમ ભક્તનું પ્રતિક છે. લક્ષ્મીજીના વિશે કવિ અનાદિમુક્ત કે જે ભગવાનના પરમ સાધર્મ્યપણાને પામીને પ્રભુના સ્વરૂપમાં રસબસ થઈને રહે છે તેમનો ઉલ્લેખ કરવા માગે છે. ભક્તવત્સલ ભગવાનના દિવ્ય વ્યતિરેક સ્વરૂપમાં એમના પ્રગાઢ પ્રેમી અનાદિમુક્તો રસલીન થઈને સ્વામી સેવકભાવે રહે છે. પ્રેમલક્ષણા ભક્તિની આ પરાકાષ્ઠા છે.

શ્રીહરિના અપરંપાર મહિમાનું યશોગાન કરતા કવિ પ્રાર્થે છેઃ 'જેમનું મહિમાપૂર્ણ દર્શન, સ્મરણ, કીર્તન, વંદન તથા પૂજન કરવાથી અને જેમની કથા સાંભળવાથી પાપનો તત્કાળ નાશ થાય છે, એટલું જ નહિ જન્મ-મરણના બંધનમાંથી પણ છુટાય છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે એવા ભક્તિદેવીના પુત્ર શ્રીહરિ! હું આપને શરણે આવ્યો છું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણનું દર્શન, સ્મરણ, કીર્તન, વંદન તેમ જ પૂજન સર્વદા સર્વથા આત્યંતિક કલ્યાણકારી છે. શ્રીજીમહારાજ ઘણીવાર સભામાં એમ કહેતા કે આ સત્સંગ તો એટલો દિવ્ય છે કે પથ્થર જેવા જડ જીવ પણ સત્સંગમાં પડ્યા રહે તો તેનું પણ કલ્યાણ થઈ જાય!

બ્રહ્મચારી મહારાજ શ્રીહરિનો મહિમા સમજાવતા વળી કહે છે: 'અંતરના શુદ્ધ નિષ્કામભાવથી જેમનો આશ્રય કરવાથી, જીવ અધમ હોય યા હીન હોય તો પણ દેવો જે સ્વરૂપ અને સ્થિતિ પામવા ઇચ્છે તે પામે છે, અને સર્વ વિઘ્નોને પાર કરીને સદાય માટે અક્ષરધામમાં જઈને વસે છે, એવા ભક્તિદેવીના પુત્ર શ્રીહરિ! હું આપને શરણે આવ્યો છું.'

સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામી રચિત 'આજ મારે ઓરડે રે....' કીર્તનના અંતિમ પદમાં શ્રીજીમહારાજ પોતાના આશ્રિત ભક્તોને કહે છે -

**'વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;**
**પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ.**
**સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;**
**તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ.'**

સર્વ વિષયોમાંથી વાસના તોડી એક શ્રીહરિમાં જ વૃત્તિ નિષ્કામભાવે જોડવામાં આવે તો જ હજૂરની સેવામાં રહેવાય છે.

શ્રીહરિનો મહિમા ગાતાં વળી કવિ પ્રાર્થે છે: 'શરણાગત આશ્રિતના પાપના મોટા સમૂહને જે ગણતા નથી એવા એ ગુણજ્ઞ છે, એટલું જ નહિ પણ શરણે આવેલાઓનો નાનો સરખો ગુણ હોય તો તેને પણ બહુ મોટો માનનારા છે એવા પરમ ઉદાર છે તથા જે દીનદુઃખીજનો ઉપર તત્કાળ અનુકંપા કરનારા છે એવા ભક્તિદેવીના પુત્ર શ્રીહરિ! હું આપને શરણે આવ્યો છું.'

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે

શ્રીજીમહારાજે એમના શરણે આવેલા પાપના પર્વત જેવા મોટા મોટા ચોર, ડાકુ, લૂંટારા તથા કુછંદે ચડેલા કાઠી દરબારોને એમના સઘળા ગુનાઓ માફ કરી પોતાના પુણ્યપ્રભાવથી પુનિત-પવિત્ર કરી પરમ ભાગવત ભક્તો બનાવ્યા હતા. દાદાખાચરના કાકા જીવાખાચરે અસંખ્યવાર દાદાખાચર તથા શ્રીજીમહારાજનો દ્રોહ કરેલો, પરંતુ એકવાર શ્રીજીમહારાજને આંગળીએ ચપ્પુ વાગી ગયું ત્યારે જીવાખાચરે પોતાની બહુમૂલ્ય જરકશી પાઘને ફાડી તેનો પાટો પ્રભુની આંગળીએ બાંધ્યો હતો. આટલી નાની અમથી સેવાને કારણે શ્રીજીમહારાજે એમના અસંખ્ય ગુનાઓ માફ કરી એમનું આત્યંતિક કલ્યાણ કર્યું હતું.

પ્રાર્થના-સ્તોત્રના અંતિમ શ્લોકમાં અખંડનાનંદ બ્રહ્મચારી બે હાથ જોડી યાચના કરતા કહે છેઃ ‘હે ભગવન્! સંસાર સાગરમાં જે ડૂબેલા છે તે તો પોતાના પાપકર્મના કારણે પોતાના પ્રારબ્ધ કર્મોનું ફળ ભોગવે છે, વળી એ ટૂંકી બુદ્ધિવાળા હોવાથી પોતાનું હિત શેમાં છે તે સમજી શકતા નથી. પ્રભુ, હું પણ એવો જ છું. માટે કૃપા કરીને જીવોની કરણી સામે ન જોતાં એમના ઉપર કૃપાદૃષ્ટિ દાખવવાનું તમારું જે બિરુદ છે - વચન છે તેનો વિચાર કરીને મારો ભવસાગરમાંથી ઉદ્ધાર કરજો. તમે ભીડભંજન છો, મારી પાસે તમારે ચરણે ધરવા જેવું બીજું કંઈ જ નથી તેથી હું તમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું.’

સદ્‌ગુરુ અખંડાનંદ વર્ણી તો શ્રીહરિના પરમ કૃપાપાત્ર અનાદિમુક્ત હતા, પરંતુ શ્રીજીમહારાજના ચરણોમાં નિર્વિકલ્પ શરણાગતની યાચના કેવી હોવી જોઈએ તે

આપણને સમજાવવા માટે આવા અભૂતપૂર્વ પ્રાર્થના - સ્તોત્રની રચના કરીને મુમુક્ષુઓને મનનીય પ્રેરણા પૂરી પાડે છે.

# શ્રી વાસુદેવ ! વિમલામૃત ધામવાસમ્

## ૫

## સદ્‌ગુરુ શ્રી શતાનંદ સ્વામી

સદ્‌ગુરુ શ્રી શતાનંદ સ્વામીનો જન્મ જનક રાજાની રાજધાની તરીકે ખ્યાતનામ થયેલી બિહારની મિથિલા નગરીમાં થયો હતો. તેમના પિતા વિષ્ણુદત્ત શર્મા વેદ વેદાંતના પ્રખર જ્ઞાતા એવા પવિત્ર બ્રાહ્મણ હતા.

બાલ્યકાળથી જ શતાનંદ પરમ વૈરાગ્યવાન, આત્મનિષ્ઠ અને સકલ સત્શાસ્ત્રોના અઠંગ અભ્યાસી હતા. પ્રતિદિન શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધનો પાઠ તથા તેના અર્થનું અનુચિંતન કરવાથી પરમાત્મા પ્રતિ તેમને પરમ અનુરાગ ઉત્પન્ન થયો. કેવળ સાધન-ભક્તિથી જ નહિ, પરંતુ પરમાત્માના પ્રત્યક્ષ મિલનથી જ મોક્ષ - પ્રાપ્તિ થાય છે એવો નિશ્ચય થતાં તેમના અંતરમાં પ્રભુના પ્રત્યક્ષ દર્શનની ઉત્કટ પ્યાસ જાગી. શ્રીમદ્ ભાગવતમાં એવો ઉલ્લેખ છે કે, સર્વ કારણના કારણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વજનોના હિત માટે નરનારાયણ સ્વરૂપે બદરિકાશ્રમમાં નિરંતર બિરાજે છે. એ પરમાત્માના પ્રત્યક્ષ મિલનનો શુભ સંકલ્પ કરી તેઓ બદરીકાશ્રમ ગયા. અક્ષય તૃતીયાને દિવસે બદરિકાશ્રમ પહોંચી ત્યાં પ્રતિમારૂપે બિરાજમાન બદરીપતિ નારાયણની પ્રસન્નતાર્થે તેમણે ઉગ્ર તપશ્ચર્યા આદરી. પ્રતિદિન પતિતપાવની ગંગાનદીમાં સ્નાન કર્યા બાદ

ભાગવતના દશમ સ્કંધનો પાઠ કરી કેવળ કંદમૂળ આરોગીને તેઓ બદરીપતિ નારાયણની પરિચર્યા કર્યા કરતા. આ રીતે પરમાત્માની આરાધનામાં છ માસ વીતી ગયા.

પ્રબોધિની એકાદશીની રાત્રિએ જાગરણ કરી શ્રી નરનારાયણનું પૂજન કરતાં તેમને સાક્ષાત્ પરમાત્માના દર્શન થયાં. પ્રભુએ પ્રસન્નવદને પૂછયુંઃ 'બ્રહ્મન્! તમારા ભક્તિભાવ તથા ઉગ્ર તપથી હું પ્રસન્ન થયો છું. શું અભિલાષા છે?' રોમાંચિત ગાત્રે ને ગદ્‌ગદ્ કંઠે શતાનંદજીએ પ્રાર્થના કરીઃ 'પ્રભુ, દુન્યવી કોઈ જ ઇચ્છા નથી. અંતરમાં ફક્ત એક જ મનોરથ છે - આપનું નિત્ય સાંનિધ્ય!' આ સાંભળી ભગવાન શ્રી નારાયણે ઇચ્છિત વરનું અમોઘ વરદાન આપતાં કહ્યુંઃ 'પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ પૂર્વ કોશલ દેશમાં ધર્મ-ભક્તિને ત્યાં અવતરી હાલમાં પશ્ચિમ પાંચાલ દેશમાં આવેલા દુર્ગપુરમાં નિવાસ કરે છે. તમે ત્યાં જઈ એ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનું નિત્ય સાંનિધ્ય પ્રાપ્ત કરો.'

નરનારાયણના પ્રત્યક્ષ દર્શન થતાં તપની સમાપ્તિ કરી શતાનંદજી પ્રભુના આદેશ અનુસાર પશ્ચિમ પાંચાલ તરફ ચાલી નીકળ્યા. બે મહિને અમદાવાદ આવી તેમણે તપાસ કરી તો જાણવા મળ્યું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ હાલમાં યજ્ઞ નિમિત્તે ડભાણ ગામમાં બિરાજે છે. તત્કાળ તેઓ ડભાણ ગયા. પ્રગટ પ્રભુના પ્રત્યક્ષ દર્શન કરતાં જ સ્વલ્પ સમયમાં જ અષ્ટાંગયોગના અભ્યાસ વિના જ તેમને સમાધિની અલભ્ય સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ. પછી તો સમાધિમાં જવું આવવું એમની સહજ સ્થિતિના એક

ભાગરૂપ થઈ ગયું. તેથી જ સ.ગુ. મંજુકેશાનંદ સ્વામી નંદમાળામાં નોંધે છેઃ **'શતાનંદ સમાધિવાળા રે'** શ્રીહરિએ તેમને ભાગવતી દીક્ષા આપી શતાનંદ મુનિ તથા સંતદાસજી એમ બે નામ પાડ્યા. શ્રીજીમહારાજની કૃપાદૃષ્ટિથી શતાનંદ મુનિ નિરાવરણ સ્થિતિવાળા સિદ્ધમુક્ત બની ગયા. પ્રભુએ તેમના પંચભૂતના પાર્થિવ શરીરમાં એવી દિવ્યતા આરોપી જેથી તેઓ દૂર દૂરના પ્રાન્તોમાં મનોવેગે વિચરી શકતા. સ. ગુ. કૃષ્ણાનંદ સ્વામી પણ શ્રીહરિચરિત્રામૃતમ્ લખે છેઃ **'નિરાવરણ છે સંતદાસ, પ્રભુ અખંડ રહે જેની પાસ.'** એકવાર શ્રીજીમહારાજે સંતદાસજીને કહ્યુંઃ 'કામરૂ દેશમાં (આસામમાં) દલુજી નામે એક મુક્ત રહે છે, અમારા પ્રતિનિધિ તરીકે તમે તેમને મળી આવો.' સંતદાસજી વીજળીના ઝબકારાની જેમ કામરૂ દેશ પહોંચી ગયા. દલુજીને મળી તેમને ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વોપરી મહિમા સમજાવી તેઓ પાછા ફર્યા. સંતદાસજી સદાય ઉપશમ અવસ્થામાં રહેતા એક વિદેહી મુક્ત હતા. તેમની સ્થિતિનું બહુ સુંદર વર્ણન શ્રીહરિલીલામૃતમ્ (કળશ ૭, વિશ્રામ ૨૩)માં કરવામાં આવ્યું છેઃ

**'ધરે શ્રીહરિનું સદા ધ્યાન, ભુલી જાય તે દેહનું ભાન.**
**ફરે ક્યારે દિગંબર થૈને, બેસે ક્યારે એકાંતમાં જૈને. (૨૪)**
**જળથળમાં ગમે ત્યાં સિધાવે, આવરણ કશું આડું ન આવે.**
**દૃષ્ટિ આગળ મૂર્તિ દેખાય, પળ એક ન દૂર પળાય. (૨૫)'**

આસામમાં દલુજી પાસે છ મહિના રહીને સંતદાસજી ફરતા ફરતા ભુજમાં શ્રીજીમહારાજને મળ્યા. મહારાજે ફરી આજ્ઞા કરીઃ બદરિકાશ્રમ જાઓ. સંતદાસજી ભુજના હમીર

સરોવરમાં ડુબકી મારી અદશ્ય થઈ ગયા ને સીધા હિમાલયની તળેટીમાં પહોંચી ગયા. હિમાલયની તળેટીના એક ગામમાં એક હઠયોગી રાજા રહેતો હતો. તે હઠયોગના અભ્યાસના પરિણામે મહિનાઓ સુધી સમાધિમાં રહેતો, પરંતુ સમાધિમાં પણ તેને કુટુંબ પરિવાર યાદ આવતો હોવાથી સમાધિનો આનંદ માણી શકતો નહિ.

સંતદાસજીને જોતાં જ રાજાને થયું - આ મહાત્મા જરૂર મારું દુઃખ ટાળશે. રાજાએ પ્રાર્થના કરી, દયાળુ સંતે તેના માથે હાથ મૂકી સ્વામિનારાયણ મહામંત્ર બોલી કહ્યું: ‘હવે સમાધિ કર.’ સંતના કૃપાપ્રસાદથી રાજાની સંસારવાસના કપાઈ જતાં તે સમાધિમાં અલૌકિક બ્રહ્મસુખમાં લીન બન્યો. ત્યાંથી સ્વામી બદરિકાશ્રમમાં પધાર્યા. બદરિકાશ્રમ હિમાલયના કોતરોમાં આવેલું એવું દિવ્ય સ્થળ છે જ્યાં સિદ્ધમુક્તો સિવાય કોઈ સ્થૂળ દેહે જઈ શકતું નથી. યોગભ્રષ્ટ અશરીરી આત્માઓ માટેની એ તપોભૂમિ છે. સંતદાસજીએ ત્યાં સાત મહિના રહીને શ્રીજીમહારાજના માનુષી તેમ જ દિવ્ય ચરિત્રોનું કથાગાન કર્યું. ત્યાંથી નીકળીને અલક્ષપણે ફરતા ઘૂમતા સંતદાજી હૈદરાબાદ પહોંચ્યા. ત્યાં રામાનુજ સંપ્રદાયના સાધુઓનો એક આશ્રમ હતો તેમાં પંદર દિવસ રહી સ્વામી ઉજ્જૈન ગયા. ઉજ્જૈનથી ગુજરાત તરફ આવતા રસ્તામાં ચોરોએ તેમના શરીર પરનાં વસ્ત્રો ખેંચી લીધા. દિગંબર વેશે બારૈયાનું રણ ઓળંગીને પાસેના કોઈ ગામમાં રામસ્નેહી બાવાના મઠમાં ઉતર્યા. ત્યાં વાળંદે તેમને પરમહંસ સમજી વધેલી જટા ચોટલી સહિત કાઢી નાંખી. ત્યાંથી વડનગર ને નડિયાદ થઈને જેતલપુર

પહોંચ્યા. તદ્દન નગ્ન શરીર, માથે ચોટલી પણ નહિ એવા અલમસ્ત અલગારી સંતદાસજીને કોઈ ઓળખી શક્યું નહિ. સભામાં વ્રજાનંદ સ્વામી આવ્યા ત્યારે સંતદાસજીએ પૂછ્યું: 'મુક્તાનંદ સ્વામી, રામદાસભાઈ, સુખાનંદ સ્વામી.... બધા ક્યાં છે?' ત્યારે સૌએ સંતદાસજીને ઓળખ્યા. પછી તેમને સ્નાન કરાવી, વસ્ત્રો પહેરાવી જમાડ્યા.

જેતલપુરમાં જ્યારે સર્વેને ખબર પડી કે સંતદાસજી બદરિકાશ્રમ જઈને આવ્યા છે ત્યારે બધા એમને ચોફેર ફરીવળીને પૂછવા લાગ્યા: 'બદરિકાશ્રમમાં શું છે? ત્યાં ઋષિઓ કેવી રીતે રહે છે? ત્યાં તપ કેવી રીતે કરે છે?' આ સાંભળીને સંતદાસજી મંદમંદ હસવા લાગ્યા, પછી તેઓ બોલ્યા: 'મહાપુરુષ, ક્યા પૂછતે હો? જો ભી હૈ વો યહાઁ હૈ, યહીં હૈ વો કહીં ભી નહિ. વહીં ભી યહીંકા હી ભજન કરતે હૈ!' સંતદાસજીએ મર્મમાં બહુ મોટી વાત કરી નાંખી હતી, પરંતુ કોઈ તે સમજી શક્યું નહિ. શ્રીહરિલીલામૃતમ્‌માં સંતદાસજીની વાણીને આ રીતે આલેખી છે:

**'સંતદાસ કહે આંહીં જે છે, તત્ત્વનું તત્ત્વ જાણજો તે છે.**
**આથી અધિક નથી કોઈ ઠામ, ભલે જૈ જુઓ અક્ષરધામ.'**

પછી વળી સુરાખાચરે તેમને પૂછ્યું: 'તો પછી સ્વામી, તમે વારંવાર બદરિકાશ્રમમાં કેમ જાઓ છો?'

સંતદાસજી બોલ્યા: 'હું તો મારી ઇચ્છાથી ક્યાંયે જાતો નથી, શ્રીજીમહારાજની મૂર્તિ મને જ્યાં દોરી જાય ત્યાં જાઉં છું.'

જેતલપુરથી સંતોની સાથે સંતદાસજી ગઢપુર આવ્યા. ત્યાંથી જેતપુર, ફરેણી, વણથલી થઈને જ્યારે તેઓ

કારિયાણી પહોંચ્યા ત્યારે લાંબા સમયે શ્રીજીમહારાજનો મેળાપ થયો. શ્રીજીમહારાજ ઊભા થઈને સામે જઈને સ્વામીને ભેટ્યા. પછી શ્રીજીમહારાજે પોતાની સાથે તેમને ગઢપુર લઈ જઈ પોતાની નિશ્રામાં દીર્ઘકાળ પર્યંત રાખ્યા.

શતાનંદ સ્વામી સંસ્કૃતના પ્રખર પંડિત હતાઃ કલકત્તાના લોર્ડ બિશપ રાઈટ રેવ. જીનોલ્ડ હીબરે નોંધ્યું છેઃ **'Swaminarayan had a namber of sansktrit poets of his train: for instance, Satanand Swami, Dinanath Bhatt Shastri, Nityanand, Gopalanand, Bhagawadanand and Vasudevanand.' (Provinces of India Vol 2 Page 143)**

વિ.સં. ૧૮૮૫માં ધનતેરસના દિવસે શ્રીજીમહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં સંત હરિભક્તોની સભા ભરીને બેઠા હતા, ત્યારે શતાનંદ મુનિએ 'શ્રી વાસુદેવ! વિમલામૃતધામવાસમ્' આ સ્તોત્ર દ્વારા ગદ્‌ગદ્ કંઠે પ્રભુને પ્રાર્થના કરી. ભક્તના અંતરનો નિર્મળ ભાવ જોઈને પ્રભુ પ્રસન્ન થયા, અને જે જોઈએ તે માગવા કહ્યું. શતાનંદ મુનિએ ખૂબ જ નમ્રભાવે પ્રગટ પ્રભુની પ્રત્યક્ષ લીલાચરિત્રનો ગ્રંથ રચવા માટે દૃષ્ટિ, બુદ્ધિ અને શક્તિ માટે યાચના કરી. શ્રીજીમહારાજે અતિ કૃપા કરીને એમની એ યાચના મંજૂર રાખી (સ.જી.પ્ર.પ. અ.૬૬, શ્લોક ૨૮થી ૩૧) અને એને પરિણામે જ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન ધર્મગ્રંથ સત્સંગિજીવનનું સર્જન થયું.

કાવ્યકૃતિઃ

શ્રી ધાર્મિક સ્તોત્રમ્

શ્રી વાસુદેવ! વિમલામૃતધામવાસમ્
નારાયણં નરકતારણનામધેયમ્ ।
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧॥
શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં - નરાણામ્
એકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્ ।
અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૨॥
શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્ત્યા
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્ય ।
પૂરે ગતાગતજલામ્બુધિનોપમેયં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૩॥
બ્રાહ્માન્તરિન્દ્રિયગણશ્વસનાધિદૈવ-
વૃત્યુદ્‌ભવસ્થિતિલયાનપિ જાયમાનાન્ ।
સ્થિત્વા તતઃસ્વમહસા પૃથગીક્ષમાણં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૪॥
માયામયાકૃતિતમોશુભવાસનાનાં
કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે ।
નિર્બીજસાંખ્યમતયોગસુયુક્તિભાજં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૫॥
દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુ વાસનાનામ્
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયાઃ ।
સાલમ્બસાંખ્યપથયોગસુયુક્તિભાજં

ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૬॥
કામાર્ત્તતસ્કરનટવ્યસનિદ્વિષન્તઃ
સ્વસ્વાર્થસિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ ।
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૭॥
સાધ્વીચકોરશલભાસ્તિમિકાલકંઠ-
કોકા નિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્નાઃ ।
મૂર્તૌ તથા ભગવતોઽત્ર મુદાતિલગ્નં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૮॥
સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી
યદ્વત્ક્ષુધાતુરજનશ્ચ વિહાય માનં ।
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૯॥
ધર્મસ્થિતૈરુપગતૈ બૃંહતા નિજૈક્યં
સેવ્યો હરિઃ સિતમહઃ સ્થિતદિવ્યમૂર્તિઃ ।
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧૦॥
સદ્ગ્રંથનિત્યપઠનશ્રવણાદિસક્તં
બ્રાહ્મીં ચ સત્સદસિ શાસતમત્ર વિદ્યાં ।
સંસારજાલપતિતાખિલજીવબન્ધો
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧૧॥

**આસ્વાદ :**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ખૂબ મહિમાપૂર્વક ગવાતા આ સ્તોત્રને 'શ્રીધાર્મિક સ્તોત્રમ્' જેવું ગૌરવપૂર્ણ નામ પ્રદાન કરવામાં આવ્યું છે. આ સ્તોત્રમાં ભગવાન

શ્રી સ્વામિનારાયણના આ લોકમાં પ્રાગટ્ય માટેના હેતુભૂત એકાંતિક ધર્મનું મનનીય નિરૂપણ આવતું હોવાથી એનું ધાર્મિકસ્તોત્રમ્ નામ સર્વ પ્રકારે સાર્થક છે.

આ સ્તોત્રમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દાર્શનિક સિદ્ધાંતો તેમ જ ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉજ્જ્વલ વ્યક્તિત્વને અત્યંત રોચક રીતે પ્રસ્તુત કરાયું છે. સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામીએ પ્રસ્તુત સ્તોત્રની સંસ્કૃતમાં 'હેતુ' નામની અદ્‌ભુત ટીકા લખી છે. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે પણ આ ધાર્મિકસ્તોત્ર ઉપર ભાવપ્રબોધિની નામે બુદ્ધિગમ્ય ટીકા આપી છે.

સ્તોત્રની રચના પ્રત્યેક પંક્તિમાં ચૌદમાત્રા ધરાવતા વસંતતિલકા છંદમાં થયેલી છે. અન્ય છંદો કરતાં આ છંદમાં પ્રાર્થના કરનારનો હૃદયગત ભાવ પ્રગલ્ભપણે અનોખા અંદાઝમાં અભિવ્યક્ત થાય છે. શતાનંદ સ્વામી સ્તોત્રનો શુભારંભ 'શ્રી વાસુદેવ'ના સૂચક સંબોધનથી કરે છે. અહીં વાસુદેવ શબ્દ સર્વત્ર વ્યાપક પરમાત્માના સંદર્ભમાં વપરાયો છે. શતાનંદ સ્વામી શ્રીજીમહારાજની સ્તુતિ કરતા પ્રાર્થે છેઃ 'હે ભક્તિધર્મના પુત્ર એવા સર્વ વ્યાપક સર્વોપરી શ્રીહરિ! હું આપની નિર્વિકલ્પ શરણાગતિની યાચના કરું છું. આપ નિર્મળ તેજોમય અક્ષરધામમાં બિરાજમાન થકા સર્વ જીવો તથા ઈશ્વરોમાં અન્તર્યામીપણે રહ્યાં છો. સ્વામિનારાયણ, સહજાનંદ સ્વામી, હરિકૃષ્ણ મહારાજ ઇત્યાદિક આપના પુણ્યશ્લોક નામોનું ઉચ્ચારણ કે શ્રવણ માત્રથી જ જીવો નરક જેવા દારુણ દુઃખોથી મુક્ત થાય છે.' હવે શ્રીજીમહારાજના દિવ્ય અલૌકિક રસરૂપ મૂર્તિસ્વરૂપનું વર્ણન

કરતા કવિ ગાય છેઃ 'નવીન મેઘ સમાન શ્યામ સુંદર વર્ણેયુક્ત હોવા છતાં આપની મૂર્તિમાંથી શ્વેત તેજના ઓઘ ઉતરતા હોવાથી મૂર્તિ અત્યંત શ્વેત ભાસે છે. વળી આપ સદા દ્વિભુજ હોવા છતાં ક્યારેક પોતાના ભક્તોની ઇચ્છાથી ચતુર્ભુજ સ્વરૂપે પણ દેખાવ છો.' શ્રીહરિએ સમાધિમાં અનેક મુમુક્ષુઓને ચતુર્ભુજસ્વરૂપે દર્શન આપ્યાના પ્રસંગો સંપ્રદાયના ગ્રંથોમાં અનેક જગ્યાએ નોંધાયેલા છે. સદાય દ્વિભુજ પ્રગટ શ્રીહરિ ચતુર્ભુજસ્વરૂપ લક્ષ્મીનારાયણ કે નરનારાયણ દેવથી ભિન્ન અને પર હોવા છતાં તે પ્રકારના ભક્તોને મોક્ષમાર્ગની શ્રદ્ધા દૃઢ કરાવવા માટે ક્યારેક ચતુર્ભુજસ્વરૂપે દર્શન આપે છે. શ્રીજીમહારાજે અમદાવાદ તથા ભુજમાં ચતુર્ભુજ નરનારાયણ, વડતાલમાં ચતુર્ભુજ લક્ષ્મીનારાયણ અને જુનાગઢમાં ચતુર્ભુજ રણછોડ - ત્રિકમરાયની મૂર્તિઓ પણ આ જ હેતુથી પધરાવી છે. આ રીતે દ્વિભુજ અને ચતુર્ભુજ બંને સ્વરૂપોને યથાર્થ સમજવાથી સર્વોપરી શ્રીહરિ પ્રત્યેની અનન્ય સ્વરૂપનિષ્ઠા સુદૃઢ બને છે.

દ્વિતીય શ્લોકમાં શતાનંદ સ્વામીએ પૃથ્વી પર પ્રગટ થઈ સર્વોપરી, સર્વવ્યાપક, સર્વાંતર્યામી તથા સદાસાકાર પૂર્ણ પુરુષોત્તમનારાયણે કેવાં કાર્યો કર્યાં તેમ જ આ બ્રહ્માંડમાં વસતા જીવો પર કેવી કરુણા કરી તેનું સુરેખ નિરૂપણ કર્યું છે. શતાનંદ મુનિ આર્તસ્વરે યાચે છેઃ 'હે હરે! પોતાના ભક્તજનોને શીખવાડવા માટે જ જે પોતે એકાંતિકધર્મનું તથા અષ્ટાંગયોગ અને એની બધી યોગકળાઓનું તેમ જ મહાવ્રતોનું આજીવન પાલન કરે છે એવા ભક્તિધર્મના પુત્ર તમારા શરણને હું પામ્યો છું.' શ્રીજીમહારાજ ગ.પ્ર.૨૧મા

વચનામૃતમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર સાધનોની દૃઢતાને જ એકાંતિક ધર્મ કહે છે. બ્રહ્મચર્ય અને અહિંસા આદિક સદાચારો તો એકાંતિક ધર્મના આચરણથી સહજભાવે જીવનમાં અનાયાસે પ્રગટે છે.

ભક્તજને દેહથી વિલક્ષણ અને સ્વતંત્ર એવા પોતાના આત્મારૂપે કેવી રીતે રહેવું અને એ રીતે રહીને ભગવત્સ્વરૂપમાં મનની વૃત્તિ કેવી રીતે જોડવી એ વાત હવે પછીના શ્લોકમાં સ્વામી સમજાવે છેઃ 'હે હરે! જ્યારે શ્વાસ દેહની અંદર અંતરમાં સ્થિર થાય છે ત્યારે જે (વિલોમ) પ્રતિલોમ વૃત્તિથી ભગવત્સ્વરૂપને - ભગવાનની મૂર્તિને અંતરમાં ધારે છે અને જ્યારે ઉચ્છવાસ બહાર કાઢે છે, ત્યારે જે અનુલોમવૃત્તિથી ભગવત્સ્વરૂપને નેત્ર આગળ બહાર ધારે છે. આમ, સાગરમાં આવતી ભરતી અને ઓટની જેમ જે મનની વૃત્તિને બંને પ્રકારે ભગવાનની મૂર્તિમાં નિમગ્ન રાખે છે એવા ભક્તિધર્મના પુત્ર તમારા શરણને હું પામ્યો છું.' ભક્તોએ દેહ અને વ્યવહારની ક્રિયા કરતી વખતે પણ પોતાના મનની વૃત્તિ આ રીતે પરમાત્માના સ્વરૂપમાં અખંડ નિમગ્ન રાખવી જોઈએ. આ સહજ ભક્તિયોગ છે. આની ફળશ્રુતિ સ્વરૂપે જ સહજ સમાધિ લાધે છે, તેથી જ બ્રહ્મમુનિએ ગાયું છેઃ

**'શ્વાસોચ્છ્વાસ ભજન જડ લાગી તૂટત દેત ન દોરા,**
**નાથ છબી નૈનનમેં રાખી; જૈસે ચંદ્ર ચકોરા,**
**પ્રગટ ભક્તિ બાંધી દૃઢ પેટી; મેટી સર્વ ઉપાધિ,**
**શ્યામ ચરણ અહોનિશ અનુરાગી લાગી સહજ સમાધિ.'**

જેના પરિણામે સહજ સમાધિ ઉપલબ્ધ થાય છે એ

ભક્તિયોગને આપણાં ઉપનિષદો રાજયોગનું બિરુદ આપે છે.

ચતુર્થ શ્લોકમાં આત્મજ્ઞાનનું ગહન ચિંતન રજુ કરતા સ્વામી શતાનંદજી શ્રીહરિને પ્રાર્થે છેઃ 'હે હરે! સ્થૂળ અને સૂક્ષ્મ શરીરના ચોવીસ તત્ત્વોથી આત્મસત્તારૂપે જુદા અને સ્વતંત્ર સ્થિર રહીને, ઇંદ્રિયાદિગણની વૃત્તિઓનું ઉત્પન્ન થવું, સ્થિર થવું અને શમી જવું એ સતત થતા મનોવ્યાપારને આત્મસત્તારૂપે સ્વતંત્રપણે જોઈ રહેલા એવા ભક્તિધર્મના પુત્ર તમારા શરણને હું પામ્યો છું.' પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, ચાર અંતઃકરણ, પંચભૂત તથા પંચપ્રાણ એ ચોવીસ તત્ત્વોથી આત્મા ભિન્ન અને વિલક્ષણ છે. દેહને કાયાનગર કહેવામાં આવે છે. ઇંદ્રિયાદિ એ નગરના સેવકો છે અને આત્મા એ નગરનો રાજા છે. સમર્થ રાજા જેમ પોતાના નીતિનિયમોનું યથેષ્ટ પાલન પોતાના સેવકો પાસે કરાવે છે તેમ આત્મારૂપી રાજાએ મન તેમ જ ઇંદ્રિયાદિ પોતાના આદેશોનું પાલન કેવી રીતે કરે છે તેનું સ્વતંત્રપણે નિરીક્ષણ કરવું જોઈએ.

હવે પછીના બે શ્લોકમાં નિર્બીજ અને સબીજ સાંખ્ય અને યોગમતની વિગતો આપવામાં આવી છે. શતાનંદ મુનિ પ્રાર્થે છેઃ 'હે હરે! ભગવાનના સ્વરૂપમાં માયિક આકૃતિ, અજ્ઞાન અને અશુભ વાસના આદિક દુર્ગુણોનો સારી રીતે નિષેધ કરવા માટે જ નિર્બીજ સાંખ્ય અને યોગના મતનું યુક્તિએ કરીને પ્રતિપાદન કરનારા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર આપના શરણને હું પામ્યો છું. લક્ષ્મીપતિ ભગવાનનું દિવ્ય આકૃતિપણું, પ્રૌઢ પ્રતાપ અને સત્ય સંકલ્પત્વાદિ ગુણોની સારી રીતે પુષ્ટિ કરવા માટે જેમ છે તેમ સબીજ સાંખ્ય

અને યોગનું યુક્તિપૂર્વક પ્રતિપાદન કરનારા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર આપના શરણે હું આવું છું.'

આત્માના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ જાણવું તેને સાંખ્યજ્ઞાન કહે છે. બ્રહ્મ સત્ય જગત મિથ્યા એ ન્યાયે પ્રકૃતિના કાર્યમાત્રને નાશવંત સમજી આત્માની શાશ્વતતામાં દૃઢ નિષ્ઠા રાખવી એનું નામ સાંખ્ય! પ્રકૃતિ તથા તેના વિકારરૂપ ચોવીસ તત્ત્વો અને પચ્ચીસમા પુરુષને અર્થાત્ જીવાત્માને જ સ્વીકારનાર આ દર્શનમાં મોક્ષના ઉપાયરૂપે યા ને બીજરૂપે પરમાત્માને દર્શાવ્યા ન હોવાથી આ દર્શનને નિર્બીજ સાંખ્ય કહે છે. સાંખ્યદર્શન પરમાત્માની આવશ્યકતાને સ્વીકારતું નથી, જ્યારે યોગદર્શન ક્લેશ-કર્મ-વિપાક-આશયના સંસર્ગદોષથી રહિત, સર્વજ્ઞ, જીવપ્રાણીમાત્રથી પર પુરુષવિશેષરૂપ પરમેશ્વરનો સ્વીકાર કરે છે. પરંતુ પરમાત્માને મોક્ષના ઉપાય તરીકે સ્વીકાર્યા હોવા છતાં મોક્ષ પ્રાપ્ત થયા પછી પરમાત્માની કોઈ આવશ્યકતા જેણે ગણી નથી તેને નિર્બીજ યોગ કહે છે.

સાંખ્યદર્શન પ્રકૃતિ અને તેના નાશવંત કાર્યમાત્રથી આત્માને ભિન્ન અને વિલક્ષણ સમજવા પર ભાર મૂકે છે, જ્યારે યોગદર્શન અષ્ટાંગયોગની સાધના દ્વારા ઇંદ્રિયો અંતઃકરણની વૃત્તિઓને આત્મારૂપે કરવાની વાત પર ભાર મૂકે છે. શ્રીજીમહારાજે તેમના ઉપદેશોમાં નિરીશ્વર ગણાતાં દર્શનોમાંથી પણ પરમેશ્વરના સ્વરૂપનિરૂપણની યુક્તિઓ શોધી છે. સાંખ્યદર્શન સાધક મુમુક્ષુ માટે જીવન્મુક્ત ઉપદેશક ગુરુની આવશ્યકતા સ્વીકારે છે. શ્રીજીમહારાજ આ સંતસમાગમના વિચારને માધ્યમ બનાવી યુક્તિ આપે છે.

પંચાળાના બીજા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છેઃ 'સાંખ્ય અને યોગ એ બે પ્રકારના જે મત છે તેને પોતપોતાના મતમાં જે દૂષણ છે તેના નિવારણને અર્થે યુક્તિનું ગ્રહણ કરવું.' શ્રીહરિના સિદ્ધાંત મુજબ બ્રહ્મ અને પરબ્રહ્મ બંને ભિન્ન છે. બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ દ્વારા જ્યારે બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનાં દિવ્ય દર્શન થાય છે. તેથી જીવ જ્યારે બ્રાહ્મી સ્થિતિયુક્ત સત્પુરુષનો સંગ કરે ત્યારે તેને સહેજે જ પરમાત્મામાં દિવ્યભાવ પ્રગટે છે. ગ. મ. ૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છેઃ 'દશ ઇંદ્રિયો ને અગિયારમું મન એ સર્વે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછાં ખેંચીને બ્રહ્મ અગ્નિને વિશે હોમવાં એનું નામ યોગયજ્ઞ કહેવાય છે. અને એવી રીતે હોમતાં હોમતાં જેમ યજ્ઞ કરનારને ભગવાન દર્શન આપે છે તેમ જ એ યોગયજ્ઞના કરનારાના અંતરને વિષે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિશે પરબ્રહ્મ જે પુરુષોત્તમ તે પ્રગટ થઈ આવે છે એ યોગયજ્ઞનું ફળ છે.' આ રીતે શ્રીજીમહારાજે નિર્બીજ સાંખ્ય અને યોગમાં યુક્તિઓ પ્રયોજી તેમાં સબીજ સાંખ્ય અને યોગનું પ્રતિપાદન કર્યું હતું.

હવે પછીના બે શ્લોકમાં ચંચળ મનને કેવી રીતે વશ કરવું અને ભગવત્સ્વરૂપમાં કેવી રીતે એને મગ્ન રાખવું એ સદૃષ્ટાંત સમજાવ્યું છે. શતાનંદ સ્વામી શ્રીહરિને પ્રાર્થનાપૂર્વક યાચે છેઃ 'હે હરે! જે રીતે કામી, ચોર, નટ, વ્યસની અને દ્વેષી લોકો પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે પોતાનું ચિત્ત હંમેશાં પોતાના વિષયમાં આનંદપૂર્વક પરોવે છે તેમ જે પ્રેમપૂર્વક અખંડ પોતાના નારાયણસ્વરૂપ

પરમાત્મારૂપમાં રત રહે છે તેવા ભક્તિ - ધર્મના પુત્ર આપના શરણે હું આવું છું. સાધ્વી સ્ત્રી, ચકોર પક્ષી, પતંગિયું, માછલી, મોર અને ચક્રવાક પક્ષી પોતપોતાના ઇષ્ટ વિષયમાં જેમ સંલગ્ન રહે છે તેમ ભગવત્સ્વરૂપમાં જે પ્રસન્નતાપૂર્વક લીન રહે છે તે ભક્તિ તથા ધર્મના પુત્ર આપના શરણે હું આવું છું.'

ભગવાનમાં પોતાનો સર્વોપરી સ્વાર્થ રહેલો છે એમ મનાય ત્યારે મનમાં સ્વયંભૂ અજપાજપ પ્રગટે છે. શ્રીહરિનો યથાર્થ મહિમા સમજાતા જ્યારે ભગવત્સ્વરૂપને જ પોતાનું પ્રિયતમાદપિ પ્રિયતર પાત્ર મનાય ત્યારે આપોઆપ જ મન એ રસરૂપ સ્વરૂપમાં રસલીન બને છે. નવમા શ્લોકમાં કવિ સ્નેહ નીતરતા નયને પ્રાર્થે છેઃ 'હે હરે! સ્નેહાતુર, ભયાતુર, રોગી અને ક્ષુધાતુર (ભૂખ્યા) લોકો સ્વમાનનો ત્યાગ કરીને આ લોકમાં દીનતા દાખવે છે, બરાબર તે રીતે એકાંતિક સત્પુરુષો આગળ સ્વમાનનો પરિત્યાગ કરી વર્તનારા એવા ભક્તિ અને ધર્મના પુત્ર આપના શરણે હું આવું છું.' ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના યોગથી મુમુક્ષુ દ્રવ્ય, સ્ત્રી, સંબંધ, જન્મસ્થાન એ બધાનો પળવારમાં પરિત્યાગ કરી શકે છે, પરંતુ માનનો ત્યાગ કરી શકતો નથી. જે સાચા અર્થમાં નિર્માની બને છે તે જ પરાત્પર પરબ્રહ્મ સાથે સંલગ્ન થઈ શકે છે. તેથી જ સ. ગુ. પ્રેમાનંદ સ્વામીએ ગાયું છેઃ

**'દાસ તમારા દાસનો મને રાખો નાથ હજુર એ વર માગું છું.'**

સિદ્ધમુક્ત સંતકવિ શતાનંદ દશમ શ્લોકમાં ગાગરમાં સાગરના ન્યાયે સમસ્ત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના

તત્ત્વજ્ઞાનનો નિચોડ આપી દે છે.

'હે હરે! સ્વધર્મમાં સદા દૃઢ નિષ્ઠાવાળા, અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામેલા તથા શબ્દાદિ પંચવિષયમાં અનાસક્ત એવા ભક્તજનોએ પણ પરાત્પર અતિશ્વેત પ્રકાશપુંજના મધ્યમાં દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન દ્વિભુજ દિવ્ય સદાસાકારમૂર્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણને નિરંતર સેવવા જોઈએ એવો પોતાનો જ્ઞાનમત સમજાવતા ભક્તિધર્મના પુત્ર આપના શરણે હું આવું છું.' આમ સકળ ધર્મશાસ્ત્રોનો સાર આવી જાય છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના જ્ઞાનમત (Philosopy of Swaminarayan Sect.) મુજબ પરાત્પર પરબ્રહ્મ દ્વિભુજ દિવ્ય સદાસાકારમૂર્તિ છે. પરમાત્મા સદા સેવ્ય છે અર્થાત્ પરમાત્મા સ્વામી છે અને અક્ષરપર્યંત સૌ કોઈ એમના સેવકો છે. મુમુક્ષુએ હંમેશાં સ્વધર્મમાં પ્રવર્તી શબ્દાદિ પંચવિષયથી અનાસક્તભાવ કેળવી ભગવત્પરાયણ રહેવું જોઈએ. વળી આત્માનો અક્ષરબ્રહ્મ સાથે એકાત્મભાવ કેળવી નિરંતર ભગવાનની ભક્તિ કરવી જોઈએ.

અંતિમ શ્લોકમાં શતાનંદ મુનિ કહે છેઃ 'હે પ્રભો! સદ્ગ્રંથોના નિત્ય વાંચન-શ્રવણમાં સદા આસક્ત, સત્પુરુષોની સભામાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપનાર તથા હે સંસારની જાળમાં ફસાયેલા જીવોના બંધુ - તારણહાર! ભક્તિધર્મના પુત્ર આપના શરણે હું આવું છું.' પ્રકૃતિ પુરુષ પર્યંત માયાના બંધનમાં ફસાયેલા સમસ્ત જીવપ્રાણિમાત્રના તારણહાર, ઉદ્ધારક તથા સખા-બંધુ-મિત્ર ફક્ત અને ફક્ત ભગવાન શ્રી સ્વામિનારાયણ જ છે! સારનો સાર અને તત્ત્વનું તત્ત્વ ફક્ત આ જ છે!!

# પૂર્વેનું પુણ્ય પ્રગટ થયું જ્યારે...

## ૬

## સદ્ગુરુ શ્રી જેરામ બ્રહ્મચારી

વાસણા ગામના તરવાડી મેવાડા બ્રાહ્મણ જેરામ ભટ્ટે જ્યારે જાણ્યું કે સાંપ્રત સમયમાં શ્રીહરિ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે અને હાલમાં સૌરાષ્ટ્રની ધીંગી ધરા પર વિચરી રહ્યા છેં ત્યારે તેઓ સહસા સોરઠ આવ્યા. ધોરાજીમાં તેમને શ્રીજીમહારાજના પ્રત્યક્ષ દર્શન થયા. પ્રથમ મિલનમાં જ ભાવુક હૃદયના ભૂદેવ પામી ગયા કે આ જ પરાત્પર પરમાત્મા છે. મહારાજે પણ ભટ્ટજીને નિર્વાસનિક મુમુક્ષુ જાણી પોતાની પાસે રાખ્યા. થોડા સમય બાદ જેરામ ભટ્ટના અતિ આગ્રહને વશ થઈને મહારાજે તેમને બ્રહ્મચારીની ભાગવતી દીક્ષા આપી તેમનું નામ જયાનંદ ઉર્ફે જયરામાનંદ વર્ણી રાખ્યું, પરંતુ સત્સંગમાં તેઓ બહુધા જેરામ બ્રહ્મચારીના નામે જ ઓળખાય છે.

જેરામ બ્રહ્મચારી મોટેભાગે મૂળજી બ્રહ્મચારીની જેમ શ્રીજીમહારાજની નિશ્રામાં તેમની સેવામાં રહેતા હતા. તેઓ બહુ શારીરિક સ્ફૂર્તિવાળા હોવાથી ઘણીવાર શ્રીહરિ સાથે બહારગામ જતા ત્યારે દિવસમાં ચાળીસ ગાઉ જેટલું અંતર પગપાળા ઝડપભેર સરળતાથી કાપી નાખતા. ક્યારેક મહારાજ ચાલતા ચાલતા થાકી જતા ત્યારે બ્રહ્મચારી તેમને પોતાના ખભે બેસાડીને બીજે ગામ પહોંચાડતા. આ સિવાય

તેઓ શ્રીજીમહારાજના વસ્ત્રો ધોવાની સેવા નિયમિતપણે કરતા. આપણાં ધર્મશાસ્ત્ર સત્સંગિજીવનમાં આ વાત સુપેરે નોંધાયેલી દૃષ્ટિગોચર થાય છે. (સ.જી.તૃ.પ્ર.અ.૨)

એકવાર શ્રીજીમહારાજ સરવૈ ગામે જીવણાંધાધલના દરબારમાં થાળ જમતા હતા ત્યારે મહારાજે સૌ પ્રથમ મૂળજી બ્રહ્મચારીના ઉમદા ગુણોની ભરપેટ પ્રશંસા કરી. પછી મહારાજ મૂળજી બ્રહ્મચારીની જેમ જ પોતાની સેવામાં તત્પર રહેતા જેરામ બ્રહ્મચારીના વખાણ કરતાં બોલ્યાઃ 'આ જેરામ બ્રહ્મચારી પણ મૂળજી બ્રહ્મચારીની જેમ અતિ શુદ્ધ છે.'

શ્રીજીમહારાજ હંમેશાં સંતોને જુદા જુદા પ્રદેશોમાં સત્સંગના પ્રચાર અને પ્રસાર અર્થે ફરવા મોકલતા હતા. એકવાર મહારાજે જેરામ બ્રહ્મચારીને પંચમહાલ જિલ્લાના અંતરિયાળ ગામોમાં જઈ સત્સંગ કરાવવાની આજ્ઞા કરી. બ્રહ્મચારી તો પંચમહાલના ગામે ગામ ફરી વળ્યા. એમની ભ્રમણયાત્રાના અંતે જ્યારે તેઓ સુથરામપુરમાં સત્સંગ કરાવીને ગઢપુર પાછા ફરતા હતા ત્યારે માર્ગમાં એક જંગલ આવ્યું. જંગલમાં ખાખરાના વૃક્ષો ઉપર સુંદર કેસૂડા ખીલ્યાં હતાં. તેવામાં એક પલાસનું વૃક્ષ બ્રહ્મચારીને જોઈને વગર વાયુએ ડોલવા લાગ્યું. આ જોઈને બ્રહ્મચારીને વિચાર આવ્યોઃ આ વૃક્ષના કેસૂડામાંથી રંગ તૈયાર કરીને શ્રીહરિને આપી આ વૃક્ષનો મોક્ષ કરાવીએ. એમ વિચારી બ્રહ્મચારીએ તે ખાખરાના વૃક્ષના થડ ઉપર મંત્ર બોલીને જળ રેડ્યું, એટલામાં તો તે ઝાડ કંપવા લાગ્યું અને જોતજોતામાં બધા જ કેસૂડા જમીન ઉપર ખરી પડ્યા. તે કેસૂડાના ફૂલ લઈને બ્રહ્મચારી ગઢપુર આવ્યા. કેસૂડામાંથી કસુંબલ રંગ તૈયાર

કરી બ્રહ્મચારીએ મહારાજને આપ્યો. મહારાજે અત્યંત પ્રસન્ન થઈને તે રંગ પોતાના રેંટામાં છાંટ્યો અને બાકીનો પ્રસાદીનો તે રંગ સંતો ને હરિભક્તો ઉપર ઉડાડ્યો. ચારેકોર રંગ અને સુગંધસભર ઉત્સવમય વાતાવરણ છવાઈ ગયું. મહારાજે પછી એક મહત્ત્વની વાત કરતાં સૌને કહ્યું: 'આ પલાસના વૃક્ષની પૂર્વ કથા કંઈક એવી હતી કે પૂર્વે તે એક તપસ્વી હતો, પરંતુ પોતાના ઉગ્ર તપના અહંકારમાં તેનાથી એક ઋષિનો અપરાધ થઈ ગયો. એ બ્રહ્મનિષ્ઠ ઋષિના શાપને કારણે તે તપસ્વી આ ખાખરાના વૃક્ષ તરીકે જન્મ્યો હતો. આ ખાખરાનો મોક્ષ કરીને જેરામ બ્રહ્મચારીએ અતિ ઉત્તમ કાર્ય કર્યું છે.'

શ્રીજીમહારાજના અનન્ય સેવક હોવા ઉપરાંત જેરામ બ્રહ્મચારી એક સિદ્ધહસ્ત કવિ હતા. તેમના અસંખ્ય પદો સંપ્રદાયમાં ઘેરઘેર ગવાય છે. એમના પદોમાં શ્રીજીમહારાજનો આત્યંતિક મહિમા પ્રગલ્ભપણે અભિવ્યક્ત થયેલો અનુભવાય છે.

જેરામ બ્રહ્મચારીની બીજી એક વિશિષ્ટતા એ હતી કે તેઓ રસોઈકળામાં અત્યંત નિપુણ હતા. શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી ગઢપુરમાં દિવસો સુધી સંતો-હરિભક્તો માટે રસોઈનું આયોજન ચાલ્યું ત્યારે જેરામ બ્રહ્મચારીએ ખૂબ લાડુ ખાંડેલા, પરિણામે તેમનું સ્વાસ્થ્ય વૃદ્ધાવસ્થા અને ભારે પરિશ્રમને કારણે કથળી ગયું. બ્રહ્મચારીએ શ્રીહરિને ગદ્ગદ્ કંઠે. પ્રાર્થના કરી: 'પ્રભુ, હવે આ દેહથી વધુ સેવા થઈ શકે તેમ નથી માટે મહારાજ હવે અક્ષરધામમાં આપની હજૂરમાં મને કૃપા કરીને રાખો.'

મહારાજે બ્રહ્મચારીની પ્રાર્થના તત્કાળ સાંભળી. સં. ૧૮૮૭માં બ્રહ્મચારી મહારાજ ગઢપુરમાં સ્વધામ સિધાવ્યા.

**કાવ્યકૃતિ :**

**પૂર્વેનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળિયા ત્યારે. ૧**
**નેણે મોહનવર નીરખ્યા જ્યારે, પૂરણકામ થયું મારું ત્યારે. ૨**
**પ્રેમ કરી મંદિર પધરાવ્યા, શ્યામસુંદરવર મનડે રે ભાળ્યા. ૩**
**નિરખી નારાયણની મૂર્તિ જ્યારે, ત્રિવિધ તાપ ટળિયા મારા ત્યારે. ૩**
**કેસરચંદન ચર્ચ્યુ છે ભાલે, હસતા સુંદર ખાડા પડે છે ગાલે. ૫**
**કાનમાં કુંડળ મકરાકૃત શોભે, જેરામ કહે મન જોઈ જોઈ લોભે. ૬**

**આસ્વાદ :**

ભગવાન શ્રી સ્વામિનારાયણના અંતેવાસી સેવક જેરામ બ્રહ્મચારી રચિત પ્રસ્તુત પદમાં પરમાત્માના મિલનનો આનંદ-મહિમા પ્રબોધક રીતે પ્રગટ થયો છે.

કવિ દેવોને પણ દુર્લભ એવી પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપલબ્ધિના આનંદને અંતરના અહોભાવથી મહિમાસભર શબ્દોમાં ગાય છે.

આ બ્રહ્માંડના વૈરાજ પુરુષે હજારો વર્ષો સુધી ઉગ્ર તપ કરી પુરુષોત્તમનારાયણ પાસે આ પૃથ્વી ઉપર પ્રગટ થવાનું વરદાન પ્રાપ્ત કર્યું ત્યારે આ લોકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ થયા, છતાં પણ કમભાગી જીવો એમને ઓળખી શક્યા નહોતા. જેના અનેક જન્મોના સુકૃત્યો એકી સાથે ફળ દેવા માટે સક્રિય થયાં હોય તેવા બડભાગી મનુષ્યો જ એમને ઓળખીને એમના શરણે ગયા.

કવિ અનુભવના સત્યનો સમ્યક્‌પણે સ્વીકાર કરતા કહે છે : મારા અનેક જન્મોના સત્કર્મોના ફળસ્વરૂપે મને

ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા, ઓળખાયા અને અંતઃકરણપૂર્વક એમનો આશ્રય પ્રાપ્ત થયો. સાચું કહું ને તો એમનો યથાર્થ મહિમા સમજાયા પછી અંતરની આંખે જ્યારે મેં એમના અલૌકિકં સ્વરૂપને નિરખ્યું ત્યારે જ હું પૂર્ણકામ થયો. મારા મનમંદિરમાં મેં સ્નેહપૂર્વક શ્રીહરિને પધરાવ્યા. પરમાત્મા તો **रसो वै सः** છે. એમનું રસાત્મક સ્વરૂપ મારા મનડામાં વસી ગયું. જ્યારે મારા અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર થયો - સહજભાવે શ્રી સહજાનંદના દર્શન થયાં ત્યારે તત્કાળ મારા ત્રિવિધ તાપ - આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળી ગયા.

હવે કવિ પોતે નિરખેલી નયનરમ્ય મૂર્તિ કેવી છે તેનું માર્મિક વર્ણન કરતાં કહે છે : શ્રીહરિએ લલાટમાં કેસરચંદનની અર્ચા કરી છે. એ હસે છે ત્યારે એમના ગાલમાં સુંદર ખંજન પડે છે. વળી શ્રીજીના કાનમાં સુંદર મકરાકૃત કુંડળ શોભી રહ્યા છે. અહીં કવિ પોતાની કવિત્વ શક્તિનો કમાલ દેખાડે છે. કવિ એમ નથી કહેતા કે સુંદર મકરાકૃત કુંડળને કારણે શ્રીહરિ શોભી રહ્યા છે, પરંતુ એમનું એવું માનવું અને કહેવું છે કે મારા પ્રભુનું સ્વરૂપ એટલું બધું સુંદર છે કે એમની અલૌકિક શોભાને લીધે એમને કૃપા કરીને કાનમા ધારણ કરેલા કુંડળ પણ શોભી રહ્યાં છે. શ્રીજીમહારાજનું આવું અનુપમ સ્વરૂપસૌંદર્ય જોઈને કવિનું મન એ સૌંદર્યનું વધુ ને વધુ રસપાન કરવા માટે લલચાય છે - લોભાય છે.

પ્રસ્તુત પદ સુગેય અને પ્રસાદમધુર છે.

# ત્વદ્રૂપે નિશ્ચલા મે મતિઃ ।

## ૭

## સદ્‌ગુરુ શ્રી યોગાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજીસમકાલીન નંદસંતોની શ્રેણીમાં યોગાનંદ નામે બે સંતોનો ઉલ્લેખ છે. સદ્‌ગુરુ કૃષ્ણાનંદ સ્વામી શ્રી હરિચરિત્રામૃતમ્‌માં લખે છે:

**'યોગાનંદ મોટા યોગી'** (અ.૬૫)

આ યોગનિષ્ઠ યોગાનંદ સ્વામી ઘણુંખરું ગઢપુરમાં લક્ષ્મીવાડીમાં નિવાસ કરી હંમેશાં યોગ સાધનામાં રત રહેતા. શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ (ભાગ-૨, વાર્તા-૬૭)માં એમનો એક અનોખો પ્રસંગ આવે છે.

એકવાર વાડીએથી યોગાનંદ મુનિએ દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજને એવો સંદેશો મોકલ્યો કે આજે સંધ્યાકાળે સભા પ્રસંગે હું મારા મૂળ સ્વરૂપે આપના દર્શન કરવા આવીશ. એ જ દિવસે સાંજે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની સમીપે લીંબડાના વૃક્ષ નીચે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને બિરાજમાન હતા અને એમની સમક્ષ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. એ વખતે અચાનક સુસવાટાભેર વાયુનો વંટોળ આવતા આકાશમાં ઊંચે ધૂળની ડમરીઓ ચડવા લાગી. થોડીવારમાં ઝીણી ઝીણી બુંદોરૂપે વરસી વાદળો વિખેરાઈ ગયા. મહારાજે મુક્તાનંદ સ્વામીને

કહ્યું: 'સ્વામી, આ વાયુનો વંટોળ ને વરસાદના અમી છાંટણાં કોણ કરી ગયું ખબર છે? વાયુ અને વૃષ્ટિ જેમને મુખ્યપણે છે તે ઇંદ્રના અવતારસમા આપણા યોગાનંદ સ્વામી સભાના દર્શન કરવા આવ્યા હતા તે અમી વર્ષા કરી તમારી સર્વેની પૂજા કરીને ગયા.' મહારાજની વાત સાંભળીને સભામાં સૌ દિગ્મૂઢ થઈ ગયા. વાયુ ને વૃષ્ટિનો દેવ ઇંદ્ર યોગાનંદ રૂપે અવતરી શ્રીજી અને સંતોની નિશ્રામાં આત્યંતિક કલ્યાણની વાંછના કરતો હતો. ક્યારેક અનાવૃષ્ટિ થતી ત્યારે ભક્તોની આજીજીથી યોગાનંદ સ્વામી માગ્યો મેહ વરસાવી સત્સંગીઓને રાજી રાખતા. આ યોગસિદ્ધ યોગાનંદ મુનિ ભૂસ્તર શાસ્ત્રના પણ પ્રખર જાણકાર હતા. ઉનાળામાં દાદાના દરબારમાં પાણીની બહુ તાણ વર્તાતી હોવાથી મહારાજે એક કૂવો ગળાવવાનું નક્કી કર્યું. મહારાજની આજ્ઞાથી યોગાનંદ સ્વામીએ આખા દરબારમાં ફરી પોતાની વિદ્યાના પ્રતાપે શોધી કાઢ્યું કે મીઠા પાણીનો અખૂટ જળભંડાર અક્ષરઓરડીની દક્ષિણ બાજુમાં છે. મહારાજે ત્યાં કૂવો ગળાવી એ કૂવાનું નામ ગંગાજળિયો કૂવો આપ્યું.

બીજા યોગાનંદ સ્વામી સંસ્કૃતના પ્રખર પંડિત, રસજ્ઞ કવિ તથા સંગીતજ્ઞ ગવૈયા હતા. વચનામૃતમાં (ગ.પ્ર.૭૮) એમને શ્રીજીમહારાજે સત્સંગના મોટેરા સંતો પૈકીના એક ગણાવ્યા છે.

નંદમાળામાં સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી તેમના વિશે નોંધે છે:

**'યોગાનંદ મોટામુનિ, કર્યા પ્રથમ શુભ રીત,**
**યોગાનંદ નામ એક, ગુણિ ગવૈયા પુનિત.'**

ઉત્તર ગુજરાતના ગલોથર ગામમાં રણજિતસિંહ નામના ક્ષત્રિય રાજવંશીને ઘેર સં. ૧૮૪૧ના ચૈત્ર સુદના ગુડી પડવાને દિવસે એમનો જન્મ થયો હતો. માતા રૂપવતીબા પરમ ભગવદીય સન્નારી હતા. એમનું પૂર્વાશ્રમનું નામ વનરાજ હતું.

એકવાર શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં વિચરણ કરતાં કરતાં અમદાવાદ પાસે કણભા ગામે પધાર્યા. ગલોથર ને આજુબાજુનાં ગામના મુમુક્ષુઓ મહારાજનાં દર્શને ઉમટ્યા. એમાં વનરાજ પણ હતો. મહારાજે વનરાજના મસ્તકે પોતાનો વરદ હસ્ત મૂકતા કહ્યુંઃ 'અમારી સાથે આવવું છે?' વનરાજ હા ના કાંઈ કહી ન શક્યો. પરંતુ ઘેર ગયા પછી એના અંતરને ચેન ન પડ્યું. થોડા દિવસો જેમ તેમ કાઢ્યા પછી એક દિવસ તેણે માતાપિતાને કહ્યુંઃ 'મારે મહારાજ પાસે જવું છે, તેમની નિશ્રામાં રહી જીવનને ધન્ય કરવું છે, માટે મને રજા આપો.' માતાપિતાએ રજા ન આપી, એને સમજાવી પટાવી ખેતીના કામકાજમાં જોડી દીધો. પરંતુ વનરાજના અંતરમાં તો મહારાજની મોહિની મૂરત ઘર કરી ગઈ હતી. તેથી દિવસો વીતતા ગયા તેમ તેમ વનરાજનો પ્રેમ પ્રગાઢ બનતો હતો. છેવટે માતાપિતાએ રાજીખુશીથી રજા આપી. શ્રીહરિને શોધતાં શોધતાં વનરાજ વહેલાલ આવ્યો. શ્રીજીમહારાજે ત્યાં વનરાજને સાધુની દીક્ષા આપી 'યોગાનંદ' નામ ધારણ કરાવ્યું.

યોગાનંદ સ્વામી યુવાવસ્થામાં જ ત્યાગી થયા હોવાથી ઝાઝું ભણેલા નહોતા, પરંતુ મહારાજે તેમની સુષુપ્ત બુદ્ધિ-પ્રતિભાને પારખી સંસ્કૃતના તલસ્પર્શી અભ્યાસ માટે તેમને

ધોળકા મૂક્યા. ભગવત્કૃપાથી તેઓ થોડા જ સમયમાં સંસ્કૃત વાઙ્મયમાં પારંગત બન્યા. પછી તો તેઓ જ્યારે શ્રીજીમહારાજનું સ્મરણ કરે ને સરસ્વતી વહેવા લાગે. મહારાજે તેમનામાં અદ્‌ભુત કાવ્યશક્તિ મૂકી દીધી. એ શક્તિ સંસ્કૃત સાહિત્યમાં સોળે કળાએ ખીલી ઊઠી. સાહિત્યની સાથે સાથે તેમણે સંગીતની પણ સઘન સાધના કરી.

યોગાનંદ સ્વામીએ સંસ્કૃત સાહિત્યમાં ખૂબ ખેડાણ કર્યું. અર્થગાંભીર્ય અને પદલાલિત્યની દૃષ્ટિએ એમના સ્તોત્રો 'જલધરસુંદર મદનમનોહર', 'વસતુ મે મતિ ધર્મનંદને', 'વિહરતિ યોડક્ષરે ક્ષરપદાડક્ષરમુક્તપતિઃ' અદ્વિતીય છે. સ્તોત્રો ઉપરાંત એમણે 'બુધરંજની' નામનો એક અનુપમ ગ્રંથ રચ્યો. આ ગ્રંથ રચવાની પ્રત્યક્ષ પ્રેરણા સ્વયં શ્રીજીમહારાજે તેમને આપી હતી. આ ગ્રંથમાં 'શ્રીજીમહારાજ' એ છ અક્ષરના નામના ચોત્રીસ ઉપરાંત અર્થો જુદા જુદા શબ્દકોશોના આધારે સવિસ્તાર આપેલા છે. તેમણે બીજો ગ્રંથ લખ્યો 'પ્રશ્નોત્તરસાગર'. એમાં શ્રીજીમહારાજની વાણીનો સારાંશ સમાવ્યો છે. એમાં જેટલા વિષય છે તે વચનામૃતના આધારે લીધા છે. 'પ્રશ્નોત્તરસાગર' પૂર્ણ કરીને એમણે જ્યારે શ્રીજીને સમર્પિત કર્યો, ત્યારે મહારાજે પ્રસન્ન થઈને મોજ માગવાનું કહ્યું. યોગાનંદ સ્વામીએ તત્કાળ સ્તોત્ર **'त्वद्रूपे निश्चला मे मतिः'** રચીને રજૂ કરી મહારાજ પાસે માગ્યું-'હે મહારાજ! મારી મતિ તમારા સ્વરૂપમાં અચલ રહો!' શ્રીજીમહારાજે તથાસ્તુ કહી પોતાનો વરદ હાથ તેમના મસ્તકે મૂક્યો.

એકવાર સત્સંગ પ્રચારાર્થે યોગાનંદ મુનિ દૂર દેશાવર ગયેલા. ઘણા સમયથી શ્રીજીમહારાજના દર્શન-સેવા-સમાગમ સાંપડેલા નહિ તેથી સ્વામીના અંતરમાં મહારાજના દર્શનની તીવ્ર ઉત્કંઠા જાગી. મુનિ મનોમન મહારાજને પ્રાર્થના કરતા ગાવા લાગ્યાઃ

**'जनपातकहारिणीं हरे जनतामेत्य तवात्र तत्पराम् ।**

**विरहानभहैमसन्निभां तव तां मा तनुमीश दर्शये ।।'**

અર્થાત્ 'હે મહારાજ! જનમાત્રના પાપને નાશ કરનારી, આશ્રિતોની વચ્ચે પ્રગટ થનારી, ભક્તપરાયણ આપની મૂર્તિ મારા વિરહાગ્નિને શાંત કરવા માટે હિમશીલા સમાન છે. હે પ્રભુ, એ મૂર્તિનું મને આપ દર્શન કરાવો.' સ્તોત્ર પૂરું થતાં સુધીમાં તો મહારાજ ત્યાં પ્રગટ થઈને બોલ્યાઃ 'આટલા અધીરા કાં બન્યા કવિ? આપણે તો અખંડ ભેળાને ભેળા જ છીએ.'

યોગાનંદ સ્વામીની સત્સંગ સેવા અજોડ હતી. સેલણા-ભમોદરાના દરબાર ઓઘડ ખુમાણ, વાસુર ખુમાણ, રામ ખુમાણ અને આંબરડીના જોગીદાસ ખુમાણ જેવા માથાભારે માણસોને પણ તેઓ સત્સંગમાં વાળી લાવ્યા હતા. મહારાજ સ્વધામ પધાર્યા ત્યારે યોગાનંદ સ્વામીએ મહારાજને ભવ્ય ભાવાંજલિ અર્પતા લખ્યું હતુંઃ **'सुरराजराज ! तव दर्शनं विना भगवन्नपि क्षणभर्वा युगायते ।'** - હે દેવાધિદેવ! તમારાં દર્શન વિના એક ક્ષણ પણ એક યુગ જેવી લાગે છે. મહારાજના વિરહમાં સ્વામીએ હૈયાફાટ વેદનાસિક્ત સ્વરે સ્તોત્રનું ગાન કર્યું. કહે છે ત્યારે તત્કાળ પ્રગટી મહારાજે સ્વામીને છાના રાખતા કહ્યુંઃ 'કવિરાજ, અમે ક્યાંય ગયા નથી. સત્સંગમાં

અમે અખંડ પ્રગટ પ્રગટ ને પ્રગટ જ છીએ, માટે જે આવી રીતે આર્ત સ્વરે અમને સંભારશે તેમની મનોકામના અમે અવશ્ય પૂરી કરીશું.'

સંવત ૧૮૦૨ના જેઠ વદ ચોથના દિવસે ગુરુવારે ધંધુકા પાસે તળાવના કાંઠે ૬૧ વર્ષના યોગાનંદ સ્વામીએ યોગાસનમાં બેસી મહારાજની મૂર્તિમાં રસલીન થઈ ભૌતિક દેહનો ત્યાગ કર્યો. એમની શિષ્યપરંપરાના સંતો મુખ્યત્ત્વે ગઢડામાં છે.

**કાવ્યકૃતિ (યાચના સ્તોત્રમ્)**

**ત્વદ્રૂપે નિશ્ચલા મે મતિરતિરસિકા સ્યાત્સદા ભક્તિરૂપા**
**ત્વત્સૌખ્યેનૈવ સૌખ્યી સતતમતિતરાં સ્યાં ન ચાન્યેન જાતુ ।**
**માયાજાતા અનિત્યાસ્ત્વદિતરતનવોઽત્યન્તતુચ્છા ભવન્તુ**
**હે નાથ! પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ! તદેહિ મે ત્વમ્ ॥૧॥**
**ભક્તિર્માહાત્મ્યયુક્તા ત્વયિ વૃષતનયે સ્યાચ્ચ ધર્માદિયુક્તા**
**પ્રત્યૂહાદ્રક્ષણં મે કુરુ મદનમુખાધર્મસર્ગાત્તુ તસ્યામ્ ।**
**જ્ઞાનાદૌ તત્સહાયે ભવતુ દૃઢતરા ચ સ્થિતિધર્મવંશે**
**હે નાથ! પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ! તદેહિ મે ત્વમ્ ॥૨॥**
**સાધૂનાં તે પ્રિયાણાં ભવતુ મમ સદા સંગ એકાંતિકાનામ્**
**કુંડાનાં નાસ્તિકાનાં વિટકુલમતિમત્સંગતિઃ ક્વાપિ ન સ્યાત્ ।**
**દાસત્વે દોષલેશોઽપિ ભવત ઈહ મે નાવશિષ્યેત કશ્ચિત્**
**હે નાથ! પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ! તદેહિ મે ત્વમ્ ॥૩॥**
**દ્રોહસ્તે સેવિનાં તે ન ભવતુ મનસાપિ કવચિત્સજ્જનાનામ્**
**તિષ્ઠેન્નૈવાન્યનિષ્ઠા હ્યણુરપિ હૃદિ મે વાસના સેવનાત્તે ।**
**દાસ્યં દુર્યાં સદાહં તવ નિકટગતો વાંછિતં સજ્જનાનામ્**
**હે નાથ! પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ! તદેહિ મે ત્વમ્ ॥૪॥**

દેહેઽહંતાં તદીયે ક્વચિદપિ મમતા મે ન ચ સ્યાત્સુતાદૌ
સા તુ સ્યાન્મે સદૈવ ત્વયિ વૃષતનયે ચ ત્વદીયેષુ સત્સુ ।
નિત્યં બ્રહ્માત્મનો મે ત્વયિ રતિરધિકા સ્યાત્સદાનંદરૂપે
હે નાથ! પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ! તદ્દેહિ મે ત્વમ્ ॥૫॥
વિશ્વાસો વાચિ તે સ્થાન્મમકિલ કુહચિન્નાસ્તિકત્વં ન મે સ્યાત્
સલ્લક્ષ્માણ્યવ્યયાનિ સ્યુરપિ મયિ સદા ત્વત્પ્રણીતાનિ તાનિ ।
નો મે સ્યાદાસુરત્વં ક્વચિદવ જનકાત્તસ્ય કામાદિતોમામ્
હે નાથ! પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ! તદ્દેહિ મે ત્વમ્ ॥૬॥
નિત્યં ત્વદ્દર્શને મે નયનયુગમપિ સ્યાન્ત્વદીયેક્ષણે ચ
ત્વદ્ભુક્તાન્નેઽસ્તુ જિહ્વા પ્રભવતુ મમ વાક્ કીર્તિસંકીર્તને તે ।
કર્ણૌ મે ત્વત્કથાનાં શ્રવણપરતરૌ ત્વજ્જનોસ્યાત્ સદૈવ
હે નાથ! પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ! તદ્દેહિ મે ત્વમ્ ॥૭॥
ત્વત્સંકલ્પાન્વિદધ્યાદ્દનિશમપિ મનો મે ચ તચ્છુદ્ધિહેતૂન્
મચ્ચિતં ચિન્તનં તે વિદધતુ વપુષો નાસિકા ત્વત્સુગન્ધૌ ।
સેવાયાં તે સતાં તે વ્રજતુ કરયુગં મે ત્વદીયસ્યનિત્યં
હે નાથ! પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ! તદ્દેહિ મે ત્વમ્ ॥૮॥

**આસ્વાદઃ**

સંસ્કૃત સાહિત્યમાં જેમ ઉપમા, શબ્દલાલિત્ય, અર્થગાંભીર્ય વગેરે બાબતોમાં મહાકવિ કાલિદાસ, ભારવિ તથા બાણનું સ્થાન સર્વોચ્ચ છે તેમ સ્વામિનારાયણ સંત સાહિત્યમાં ભાવનિરૂપણ અને ભગવત્પ્રસાદની બાબતમાં સદ્‌ગુરુ યોગાનંદ સ્વામીનું સ્થાન અદ્વિતીય છે.

પ્રસ્તુત યાચના સ્તોત્રમાં પ્રત્યેક મુમુક્ષુએ પ્રાતઃપૂજા પછી પ્રભુ પાસે શેની યાચના કરવી તેનું બહુ સુંદર નિરૂપણ છે. સ્તોત્ર એકવીસ માત્રાના સ્ત્રગ્ધરા છંદમાં રચાયેલું છે. આ

છંદ શાસ્ત્રીય સંગીતના શુદ્ધ રાગમાં પણ ભાવપૂર્ણ રીતે ગાઈ શકાય છે તે એની આગવી વિશિષ્ટતા છે. આ અતિ સુંદર ભાવવાહી અષ્ટકના અર્થને આચરણમાં મૂકવાથી જ તેનો મહામૂલો આનંદ માણી શકાય તેમ છે.

સંતકવિ યોગાનંદ સ્વામી પ્રભુ પાસે યાચના કરે છે: 'હે નાથ! હે સહજાનંદ મહાપ્રભુ! હું વિનમ્રભાવે વારંવાર પ્રાર્થનાપૂર્વક આપની પાસે યાચના કરું છું કે (નીચે જણાવેલી) ત્રણ બાબતો અતિ કૃપા કરીને મને આપો.

(૧) આપના સ્વરૂપમાં મારું મન અને બુદ્ધિ હંમેશાં અત્યંત રસબસ થઈને ભક્તિભાવે અચળ જોડાયેલા રહો.

(૨) આપની સાથે જ મારું સાચું સગપણ, સંબંધ, સખ્ય અને મૈત્રી થાઓ, આપના સિવાય અન્ય કોઈ સાથે મારે સગપણ, સંબંધ, સખ્ય કે મૈત્રી કદી ન હો.

અને (૩) આપના સિવાય બીજાં બધાં પદાર્થો માયામાંથી ઉત્પન્ન થયેલા હોવાથી ક્ષણભંગુર અને અનિત્ય છે તેથી તે સર્વે અતિતુચ્છ અને ત્યાજ્ય છે - એવો નિશ્ચય મારામાં હંમેશાં પ્રવર્તો.'

અહીં કવિ પ્રભુ પાસે નિત્ય શેની યાચના કરવી તેની બહુ સુંદર વિક્તિ બતાવે છે. આ યાચનામાં ભારોભાર જ્ઞાન અને ભક્તિ ભળેલા છે. સાથે સાથે વૈરાગ્યનો વિશિષ્ટ ભાવ પણ વિધિવત્ દેખાય છે. શ્રીજીમહારાજના મતે જેનું મન ભગવાનના સ્વરૂપમાં અખંડ જોડાયેલું રહે તેને પછી કાંઈ કરવાનું રહેતું નથી, તેના સર્વ સાધનની સમાપ્તિ થઈ જાય છે. ભગવાનની મૂર્તિ તો ચિંતામણિતુલ્ય છે, ભગવાનની મૂર્તિમાં જેના મનની વૃત્તિ અખંડ રહે તે જીવ, ઈશ્વર, માયા

અને બ્રહ્મ એમના સ્વરૂપને જોવાને ઇચ્છે તો તે તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમોહોલ ઇત્યાદિ જે જે ભગવાનના ધામ છે તેને પણ દેખે છે, માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી. (વચનામૃત - ગ.પ્ર.૧) તેથી જ કવિ માગે છે, મહારાજ! આપના સ્વરૂપમાં મારી મતિ હંમેશાં અચળ રહો! વળી કવિ ખાસ ખુલાસો કરતા કહે છેઃ મારી મતિ અતિરસિક અને ભક્તિયુક્ત બનીને તમારા સ્વરૂપમાં અખંડ જોડાયેલી રહે. અહીં **अतिरसिका** તથા **भक्तिरूपा** એ બે વિશેષણો પ્રયોજીને કવિએ કમાલ કરી છે. દેહરૂપે સ્થૂળભાવે થતી લૌકિક ભક્તિનું કવિ બ્રહ્મભાવે થતી પ્રેમલક્ષણા ભક્તિમાં ઉર્ધ્વીકરણ કરી એ એકાંતિક ભક્તિને અતિરસિકા કહીને બિરદાવે છે. પરમાત્મા રસરૂપ છે, રસનિધિ છે, **रसो वै सः** છે. સર્વે રસ પરમાત્માના સ્વરૂપમાં સમાયેલા છે. એ પરમાત્માના સ્વરૂપમાં બ્રહ્મરૂપે સંલગ્ન થવું એ જ અતિરસિક પ્રેમલક્ષણા ભક્તિ છે. હરિવર સાથેનું સગપણ એ જ સાચું સગપણ છે, એ સિવાય માયાનું કાર્યરૂપ જગત જૂઠું છે - મિથ્યા છે એવો ભાવ કવિને અહીં અભિપ્રેત છે.

દ્વિતીય શ્લોકમાં કવિ પ્રાર્થનાપૂર્વક પ્રભુ પાસે માગે છેઃ 'હે નાથ! હે સહજાનંદ મહાપ્રભુ! હું વિનમ્રભાવે વારંવાર પ્રાર્થનાપૂર્વક આપની પાસે યાચું છું કે -

(૧) ધર્મદેવના પુત્ર એવા આપના વિશે મારી ભક્તિ હંમેશાં માહાત્મ્યજ્ઞાન તેમ જ ધર્મયુક્ત જ રહો.

(૨) કામ ક્રોધાદિક અધર્મસર્ગોથી આપ સદાય મારું રક્ષણ

કરો. અને (૩) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરેમાં મારી મતિ સ્થિર થઈ વૃદ્ધિ પામો અને આ બધાની પુષ્ટિ માટે ધર્મદેવના વંશમાંથી જેમને આપે આચાર્યપદે સ્થાપેલા છે તેમના વિશે મારી નિષ્ઠા સુદૃઢ રહે.'

એકલું જ્ઞાન કે એકલી ભક્તિ કાર્યસાધક બનતી નથી, પરંતુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારેયનો જેમાં સમન્વય સધાયેલો હોય એવો એકાંતિક ધર્મ જ મોક્ષોપકારક બને છે. ધર્મવંશી આચાર્યપદ પ્રત્યે પ્રત્યેક આશ્રિત સત્સંગીએ નિષ્ઠા રાખવી આવશ્યક છે.

તૃતીય શ્લોકમાં યોગાનંદ મુનિ વળી શ્રીહરિ પાસે માગે છેઃ 'હે નાથ! હે સહજાનંદ સ્વામી! હું યોગાનંદ મુનિ આપની પાસે વિનમ્રભાવે વારંવાર માગું છું કે,

(૧) આપને પ્રિય એવા આપના એકાંતિક ભક્તો અને સાધુઓનો જ સંગ સદા થાય એવી કૃપાદૃષ્ટિ કરજો.

(૨) કુંડાપંથી, નાસ્તિક, વામાચારી અને શુષ્કવેદાંતીનો સંગ કદી ન થાય એવી કૃપા કરજો.

અને (૩) આપની દાસત્ત્વભક્તિમાં લેશ પણ ખામી ક્યારેય કદી ન રહે એવી દયા રાખજો.'

મુમુક્ષુએ મોક્ષપ્રાપ્તિ માટેની સાધનભક્તિમાં સૌથી મહત્ત્વની બે બાબતો ધ્યાનમાં રાખવી ઘટે છે. એક તો એકાંતિક મુક્તોનો નિત્ય સંગ અને બીજી કુંડાપંથી, નાસ્તિક, વામાચારી અને શુષ્કવેદાંતી એ ચાર પ્રકારના કુસંગીઓથી હંમેશાં દૂર રહેવું. પોતાની દાસત્ત્વ ભક્તિમાં લેશમાત્ર ક્ષતિ ન રહે તે માટે હંમેશાં દાસાનુદાસ વૃત્તિ કેળવવી. પોતાના ભક્તનો જે ભક્ત બને છે તે ભગવાનને બહુ વહાલો લાગે છે.

વળી યોગાનંદ સ્વામી પ્રભુ પાસે માગે છેઃ 'હે નાથ! હે સહજાનંદ સ્વામી! હું વિનમ્રભાવે આપની પાસે વારંવાર માગું છું કે,

(૧) આપના ભક્તોનો મન-વાણી અને દેહથી ક્યારેય દ્રોહ ન થાય.

(૨) મારા અંતરમાં આપની સેવા સિવાય અન્ય કોઈ વાસનાનો લવલેશ સરખોય ન રહે,

અને (૩) જેમની સેવા સારાસારા સજ્જનો પણ ઇચ્છે છે એવા આપના મોટા મુક્તોના દાસનો પણ હું દાસ થાઉં.'

ભક્તિમાર્ગમાં સૌથી મોટું વિઘ્ન જો કોઈ હોય તો તે છે ભગવાનના ભક્તનો દ્રોહ. આ ગુનો એટલો મોટો છે કે એને ભગવાન ક્યારેય માફ કરતા નથી. એની સજારૂપે જીવ જડસંજ્ઞાને પામીને હંમેશને માટે મોક્ષપથ ઉપરથી દૂર ફેંકાઈને પતનની ઊંડી ગર્તમાં ગરકાવ થઈ જાય છે. માટે ક્યારેય ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો. બલ્કે ભગવાનના ભક્તના દાસ થાવું. તેથી જ પ્રેમાનંદ સ્વામીએ પ્રભુ પાસે માગ્યું છે- 'દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર એ વર માગું છું.'

પંચમ શ્લોકમાં કવિ આર્તસ્વરે પ્રભુ પાસે માગે છેઃ 'હે નાથ! હે સહજાનંદ સ્વામી! હું વિનમ્રભાવે આપની પાસે વારંવાર માગું છું કે,

(૧) દેહ તથા દેહસંબંધી વિષયો અને સંબંધોમાં અહંતા, તેમ જ સ્ત્રીસુતાદિકમાં મમતા મને ક્યારેય ન થાઓ.

(૨) પણ એ અહંતા અને મમતા આપ તથા આપના ભક્તજનો માટે સદાય થાઓ,

અને (૩) સદા સમ્યક્ આનંદ આપે એવી બ્રહ્માત્મભાવયુક્ત અતિ અધિક પ્રીતિ આપના પ્રત્યે જ થાઓ.'

યોગાનંદ મુનિ તો ત્યાગી હતા, દેહગેહની ઉપાધિથી રહિત હતા, છતાં તેમણે આવી અહંમમતાની નિવૃત્તિ માટેની માગણી શા માટે મૂકી હશે? કારણ, કવિની આ બધી યાચના મોક્ષાર્થી મુમુક્ષુની શિક્ષા અર્થે છે.

કવિ બ્રહ્માત્મભાવયુક્ત પ્રભુ પ્રત્યેની અતિ અધિક પ્રીતિની વાંછના કરે છે. ગ. પ્ર. ૧૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છેઃ 'આત્મજ્ઞાન ન હોય તો ભગવાનમાં પ્રીતિ કરતે કરતે દેહાભિમાનને યોગે કરીને બીજા પદાર્થમાં પણ પ્રીતિ થઈ જાય.' માટે દેહભાવે થતી પ્રભુભક્તિમાં નિશ્ચિતરૂપે વિઘ્ન આવે છે.

પ્રહ્‌લાદજી પરમ ભાગવત ભક્ત હતા અને તેમની રક્ષાના મિષે તો સ્વયં શ્રીહરિએ નૃસિંહરૂપે અવતાર ધારણ કર્યો હતો, છતાં પણ તેઓ પોતાના આત્માને બ્રહ્મરૂપની ભાવના કરીને ભક્તિ ન કરતા હોવાથી જ્યારે બદરિકાશ્રમમાં ગયા ત્યારે ભગવાન નારાયણ દ્વારા માનભંગ થતાં તેમની સાથે યુદ્ધે ચડ્યા. યુદ્ધમાં પરાજિત થયા બાદ પ્રહ્‌લાદજીએ પ્રભુને પૂછ્યું કે, 'ભગવન્! આપને કેવી રીતે જીતવા?' ભગવાને રહસ્યસ્ફોટ કરતાં કહ્યુંઃ 'વત્સ, આત્મભાવે કરેલી નિષ્કામ ભક્તિથી જ ભક્ત મને વશ કરી શકે છે, અન્યથા કદાપિ નહિ.'

યોગાનંદ સ્વામી વળી યાચના કરતા માગે છેઃ 'હે નાથ! હે સહજાનંદ સ્વામી! હું વિનમ્રભાવે આપની પાસે વારંવાર માગું છું કે,

(૧) આપના વચનમાં મને સદા વિશ્વાસ વર્તો, પરંતુ તેમાં કોઈ કાળે કોઈ પણ રીતે અવિશ્વાસ કે નાસ્તિકબુદ્ધિ ન થાઓ.

(૨) આપને સદા પ્રસન્ન કરે એવા સદ્‌લક્ષણો જ મારામાં હંમેશાં પ્રવર્તો,

અને (૩) મારામાં આસુરી સંપત્તિનો પ્રવેશ કદાપિ ન થાઓ અને કામાદિક અંતઃશત્રુઓ તથા કુસંગીઓથી આપ સદાય મારું રક્ષણ કરો.'

પરમાત્મામાં અડગ શ્રદ્ધા તથા સદ્‌ગુણો દ્વારા પ્રભુપ્રસન્નતા મોક્ષના પરમ કારણરૂપ છે. અંતઃશત્રુઓ તેમ જ કુસંગીઓથી મળતું દૈવીરક્ષણ મોક્ષમાર્ગમાં થતી ઉર્ધ્વગતિને વધુ સુરક્ષિત બનાવે છે.

કવિ સપ્તમ્ શ્લોકમાં પ્રભુ પાસે પ્રાર્થનાપૂર્વક યાચના કરે છેઃ 'હે નાથ! હે સહજાનંદ સ્વામી! હું વિનમ્રભાવે વારંવાર આપની પાસે માગું છું કે,

(૧) મારાં નેત્રો સદા આપના તથા આપના ભક્તોનાં જ દર્શન કરે,

(૨) મારી જીભ હંમેશાં આપની પ્રસાદીનું જ અન્નજળ ગ્રહણ કરે, મારી વાણી હંમેશાં આપના જ કથા-સંકીર્તનમાં રત રહે,

અને (૩) મારા કાન આપની અને આપના ભક્તજનોની કથા સાંભળવામાં પ્રવૃત્ત રહે.'

દેહ તથા તેની ઇંદ્રિયો માયિક હોવા છતાં જો તેને સદાય ભગવાન તથા ભગવાનના એકાંતિક ભક્તોની ભક્તિમાં પ્રવૃત્ત રાખવામાં આવે તો પરમાત્મા દિવ્ય અને નિર્ગુણ

હોવાથી દેહાદિ સાધનો પણ નિર્ગુણ અને નિષ્પાપ બને છે. પરિણામે બંધન કરવારૂપી ડંખ એમાંથી નીકળી જતાં જે પરમ બંધનકારી હતાં તે મોક્ષપ્રદ - મુક્તિદાયી બની જાય છે.

અંતે કવિ અષ્ટકનો ઉપસંહાર કરતાં પ્રભુ પાસે યાચે છેઃ ‘હે નાથ! હે સહજાનંદ સ્વામી! હું વિનમ્રભાવે વારંવાર આપની પાસે માગું છું કે,

(૧) આપની ઇચ્છા અને સંકલ્પ એ જ મારી ઇચ્છા અને સંકલ્પ થાઓ,

(૨) મારું ચિત્ત સદાય આપના ચિંતનમાં સંલગ્ન રહો, મારી નાસિકા સદા આપની તથા આપના યોગમાં આવેલા પદાર્થોની જ સુગંધ ગ્રહણ કરો,

અને (૩) આપ તથા આપનું પરમ સાધર્મ્ય પામેલા આપના મુક્તોની સેવામાં જ મારા હાથ-પગ સદા પ્રવર્તો.’

ભક્તિની આ ચરમસીમા છે જ્યાં ભક્ત પોતાનું સર્વસ્વ પરમાત્માને સમર્પી પરમાત્માના પરમ સાધર્મ્યને પામી પરમાત્મારૂપ બની સ્વામી-સેવક ભાવને અખંડ ધારી પરમાત્માના સ્વરૂપમાં રસબસભાવે રસલીન બને છે!

અષ્ટકના અંતે કવિ અષ્ટકનો મહિમા દર્શાવતા લખે છે-

**पूजनान्तसमये हरिकृष्णप्रार्थनाष्टकमिदं पठनीयम् ।**
**एनदुक्तकृतिना घटनीयं साधुनैतदनिशं रहनीयम् ॥**

અર્થાત્ પ્રાતઃપૂજા પછી પરમાત્માની મૂર્તિમાં મન અને નેત્રોને પરોવીને આ પ્રાર્થનાષ્ટક બોલવામાં આવે તો અંતરમાં અલૌકિક આનંદનો અનુભવ અવશ્ય થાય છે.

# યાચે ત્વામિતિ સતતં કૃતનસ્તિસ્તદ્દેહિ મે શ્રીહરે

## ૮

## સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખમાં પોતાની અપ્રતિમ વિદ્વત્તાને લીધે જેમની તુલના મહર્ષિ વેદવ્યાસ સાથે કરવામાં આવતી એવા મહામુનિ નિત્યાનંદ સ્વામીનો જન્મ ઉત્તર પ્રદેશના બુંદેલખંડમાં લખનૌ જિલ્લાના દંતિયા ગામે સં. ૧૮૪૯ના ચૈત્ર સુદ નવમીએ ગર્ભશ્રીમંત યજુર્વેદી ગૌડ પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી વિષ્ણુ શર્મા અને માતાનું નામ વિરજાદેવી હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ દિનમણિ શર્મા હતું. તેમના મોટાભાઈ ગોવિંદ શર્મા કર્મકાંડી વેદપાઠી વિપ્ર હતા.

વિષ્ણુ શર્માએ આઠમા વર્ષે ઉપનયનનો વિધિ પૂર્ણ થતાં દિનમણિને વિદ્યાભ્યાસ માટે વારાણસી મોકલ્યા. પોતાની તીવ્ર મેધા અને વિચક્ષણ બુદ્ધિચાતુર્યથી તેમણે થોડા જ વર્ષોમાં સકળ શાસ્ત્રોનો સારરૂપ અભ્યાસ સંપન્ન કર્યો. શાસ્ત્રોના ગહન દોહનની ફળશ્રુતિરૂપે તેમને એમ સમજાવ્યું: 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિયુક્ત સાચા સંત દ્વારા જ પ્રભુની પ્રાપ્તિ અને મુક્તિ શક્ય છે.' અંતરાત્માના અવાજને અનુસરીને સાચા સંતની શોધમાં તેઓ ચારધામની યાત્રાએ નીકળી પડ્યા.

બનારસથી સીધા તેઓ બદરીનારાયણ ગયા, ત્યાંથી જગન્નાથપુરી અને રામેશ્વર થઈને દ્વારિકા જવા માટે તેઓ ગુજરાતમાં આવ્યા. લાંબી યાત્રા અને પગપાળા પ્રવાસ હોવાથી માર્ગમાં થાકોડો ઉતારવા તેઓ ઉત્તર ગુજરાતના વિસનગર ગામમાં થોડો સમય રોકાયા. ત્યાં તેમણે સાંભળ્યું કે સોરઠ દેશમાં પ્રભુ પોતે શ્રી સ્વામિનારાયણ નામે પ્રગટ થયા છે. સ્વામિનારાયણ નામ સૌ પ્રથમવાર સાંભળતા જ તેમના અંતરમાં અનોખી શાંતિની લહેર વ્યાપી ગઈ. દ્વારિકા પહોંચતા જ તેમને વાવડ મળ્યા કે ભગવાન શ્રી સ્વામિનારાયણ હાલમાં સૌરાષ્ટ્રના ફણેણી ગામે વિરાજે છે. તેઓ સહસા ફણેણી આવ્યા, ત્યાં પ્રભુ તો ના મળ્યા, પરંતુ સ્વામિનારાયણના સાધુ પ્રભુતાનંદજીનો મેળાપ થયો. ત્યાં થોડા દિવસ રોકાવાથી તેમના તનમનના તાપ શમી ગયા. તેમને થયું: 'જેમના સાધુ આવા પ્રતાપી છે તે પોતે કેવા હશે!' પ્રભુતાનંદે તેમને સમાચાર આપ્યા કે મહારાજ હાલમાં સિધ્ધપુર છે, ત્યાંથી થોડા દિવસોમાં ઊંઝા પહોંચશે. પ્રભુ-મિલનની ઉત્કટ પ્યાસ હૈયાના રોમેરોમમાં વ્યાપતા વ્યાકુળ બનેલા દિનમણિ શર્મા તત્કાળ સિધ્ધપુર જવા ચાલી નીકળ્યા.

સિધ્ધપુર પહોંચી સરસ્વતી નદીમાં સ્નાન કરી તેઓ સીધા ઊંઝા ગયા. ત્યાં તળાવની પાળે ભવ્ય સભા મધ્યે શમિયાણા ઉપર વિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરતાં જ દિનમણિ શર્મા દેહની સૂધબૂધ ભૂલી મહારાજની મનોરમ્ય મૂર્તિના મહાસુખમાં ગરકાવ થઈ ગયા. થોડીવારે દેહભાન આવતાં તેમણે દંડવત્ પ્રણામ કરી

મહારાજને મનોમન ખૂબ પ્રાર્થના કરી. મહારાજે તેમને પોતાની પાસે બોલાવી પ્રગાઢ આલિંગન આપી સહેજ સ્મિત કરીને કહ્યું: 'તમે આવી ગયા?'

'હા દયાળુ, આખરે આપનો અહીં મેળાપ થયો. હવે સદાય આપના સાંનિધ્યમાં રાખો એટલી અરજ છે!' દિનમણિ શર્માએ દીનભાવે યાચના કરી. મહારાજે તેમને સુપાત્ર જાણી સદાય માટે પોતાની નિશ્રામાં લીધા. થોડા સમય બાદ મેઘપુરમાં મહારાજે તેમને ત્યાગાશ્રમની ભાગવતી દીક્ષા આપી તેમનું નામ નિત્યાનંદ સ્વામી પાડ્યું.

દીક્ષા બાદ શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને આજ્ઞા કરી કે તમે વિદ્વાન છો, છતાં હજુ વધુ ગહન શાસ્ત્રાભ્યાસ કરો. સ્વામીએ અમદાવાદ આવી નરભેરામ નામના એક વિદ્વાન બ્રાહ્મણ પાસે અભ્યાસ આગળ વધાર્યો, પરંતુ તેની પાસે સંપૂર્ણ સંતોષ ન થતાં નાંદોલના પુરુષોત્તમ ભટ્ટ પાસે વેદાંત, ન્યાય તથા સાંખ્યાદિ શાસ્ત્રોનો સઘન અભ્યાસ કર્યો. અભ્યાસ પૂર્ણ થતાં નિત્યાનંદ સ્વામી નાંદોલથી લોયા ગામે મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમની પરીક્ષા લેતા તેમને પૂછયું: 'શ્રીમદ્ ભાગવતનો તત્ત્વ સિદ્ધાંત તમે શું સમજ્યા?' સ્વામીએ કહ્યું: 'મહારાજ, આપની કૃપાથી હું એટલું સમજ્યો છું કે મનુષ્ય ગમે તેવો મહાન હોય, મુક્ત હોય કે યોગી હોય છતાં માયા તેને બંધન કરે છે. એક પરમાત્મા જ નિર્વિકારી ને નિર્લેપ રહી શકે છે. જો મુમુક્ષુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત વર્તે તો તેન માયા બંધન કરતી નથી. પ્રગટ પરમાત્માની ધર્મેયુક્ત ભક્તિ જ આત્યંતિક કલ્યાણનું સાધન છે.' આ સાંભળી શ્રીજીમહારાજે અત્યંત

પ્રસન્ન થઈ તેમને અભય આશીર્વાદ આપતા કહ્યું: 'સ્વામી, તમે જ્યાં જશો ત્યાં શાસ્ત્રાર્થમાં તમારી જીત થશે. મોટા મોટા પંડિતોની સભાઓમાં દિગ્વિજય કરવા છતાં તમારા અંતરમાં અભિમાનનો લેશમાત્ર અંતરાય નહિ થાય.'

કવિ મંજુકેશાનંદ સ્વામીએ નંદમાળામાં નિત્યમુનિ માટે નોંધ્યું છે:

**'નિત્યાનંદ સ્વામી મોટા જ્ઞાનવાન,**<br>
**જેને હરિભક્તિ કર્યાનું તાન.**<br>
**હરિની આજ્ઞા વિશે દઢ રહ્યા,**<br>
**જેને હરિએ વ્યાસમુનિ સમ કહ્યા.**<br>
**ભણ્યા ષટ્શાસ્ત્ર અઢાર પુરાણ,**<br>
**સર્વેના અર્થને જાણે સુજાણ.**<br>
**જેણે હરિ આગળ વાંચી કથાય,**<br>
**સૂણી હરિ આપ મગન બહુ થાય.'**

ત્યાર બાદ શ્રી નિત્યાનંદ સ્વામી મોટેભાગે ગઢપુરમાં મહારાજ પાસે રહીને નવીન નવીન ગ્રંથોની કથા કરતા. મહારાજે તેમને લક્ષ્મીવાડીમાં રહી સાધુઓને ભણાવવાની આજ્ઞા કરી. નિત્યમુનિ પાસે ભણીને ઘણા સંતો વિદ્વાન બન્યા. તેમાં આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, ભગવદાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, સિધ્ધાનંદ સ્વામી તથા તદ્રુપાનંદ સ્વામી મુખ્ય હતા.

નિત્યાનંદ સ્વામીની શ્રીજીમહારાજ પ્રત્યેની સર્વોપરી નિષ્ઠા સત્સંગમાં દૃષ્ટાંતરૂપ છે. 'સત્સંગિજીવન' ગ્રંથની રચના સમયે મહારાજને તેમાં કેવા દર્શાવવા એ અંગે સંતોમાં વિવાદ થયો. માત્ર નિત્યાનંદ સ્વામીએ જ

મહારાજને સર્વ અવતારના અવતારી તરીકે લખવાનો સ્પષ્ટ આગ્રહ રાખ્યો. મહારાજે પોતે પણ સ્વામીની કસોટી કરવા માટે અન્ય સંતોના અભિપ્રાય સાથે ભળી જઈ સ્વામીને ગુસ્સે થઈ પંક્તિ બહાર મૂક્યા. છતાં સ્વામી અડગ રહ્યા. સતત સાત દિવસ આવી આકરી કસોટી કર્યા પછી શ્રીજીમહારાજ હર્ષઘેલા થઈ સ્વામીને ભેટી પડ્યા તથા સભામાં તેમની મુક્તકંઠે ભરપેટ પ્રશંસા કરી તેમની નિષ્ઠાને બિરદાવી.

એકવાર શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને બોલાવીને કહ્યું· 'સ્વામી, સત્સંગિજીવન આપણાં સંપ્રદાયનું ધર્મશાસ્ત્ર છે, પરંતુ એમાં અમારા જ્ઞાનમત તથા અમે કાશી વગેરે નગરોમાં કરેલી શાસ્ત્રચર્ચાઓનું વિસ્તૃત વર્ણન નથી, માટે તમે એવો અદ્ભુત ગ્રંથ રચો જેમાં આ બધી આવશ્યકતાની પૂર્તિ થાય.' પ્રગટ ઇષ્ટપ્રભુની પ્રત્યક્ષ પ્રેરણા તથા આજ્ઞાને શિરોમાન્ય ગણી નિત્યાનંદ સ્વામીએ સર્વોપરી સર્વમાન્ય ગ્રંથરાજ શ્રીહરિદિગ્વિજયનું નિર્માણ કર્યું.

જ્યારે ગ્રંથ સંપૂર્ણપણે સંપન્ન થયો, ત્યારે નિત્યમુનિએ શ્રીજીમહારાજના કરકમલોમાં એને સમર્પણ કર્યો અને પછી તે વાંચી સંભળાવ્યો. સર્વેશ્વર શ્રીહરિએ અત્યંત પ્રસન્નપણે પોતાના ગળામાં વિરાજમાન ગુલાબના હારને સ્વહસ્તે ઉતારી સ્વામીને પહેરાવી તેમને વર માગવાનું કહ્યું. પંડિતવર નિત્યાનંદ સ્વામીએ ત્યારે **याचे त्वामिति सतत कृतनतिस्तद्रेहि मे श्रीहरे** । આ સ્તોત્ર દ્વારા શ્રીહરિ પાસે ઇચ્છિત વરની યાચના કરી. મહારાજે સ્વામીના મસ્તકે પોતાનો વરદ્હસ્ત મૂકી મનોવાંછિત વરનાં દાન દઈ તેમની

મહેચ્છા પૂરી કરી.

એ અરસામાં વડોદરામાં ગાયકવાડ સરકાર સયાજીરાવ (બીજા)નું રાજ હતું. તેઓ પરમ વિદ્યાવ્યાસંગી હતા, તેથી ભારતભરના વિદ્વાનો તેમ જ કલાકારોને પોતાના દરબારમાં આશ્રય આપી રાખતા ને ભારે વર્ષાસનો આપતા. એ પંડિતોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અંગે ઘણી લાંબી ચર્ચાઓ ચાલતી. દરબારી પંડિતોના અનેક પ્રશ્નોના સમાધાન માટે સયાજીરાવે શ્રીજીમહારાજને કોઈ વિદ્વાન સંતને શાસ્ત્રાર્થ માટે મોકલવાની વિનંતી કરી ત્યારે મહારાજે નિત્યાનંદ સ્વામીને મોકલેલા. નિત્યમુનિના પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ તથા પ્રકાંડ પાંડિત્યથી સયાજીરાવ તથા ઘણાં દરબારી વિદ્વાનો અભિભૂત થઈ ગયા.

શ્રીજીમહારાજના સ્વધામ પધાર્યા બાદ સં. ૧૮૯૬માં અમદાવાદમાં વૈષ્ણવ સંપ્રદાયના ગોસ્વામી તરફથી છપ્પનભોગ ઉત્સવના મિશે અન્ય સંપ્રદાયના વડાઓને ભેગા કરી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને બદનામ કરી તેનો ઉચ્છેદ કરવાનું કાવતરું રચાયું. નિત્યાનંદ સ્વામી એ વખતે વડોદરા હતા. વડોદરાના દરબારી પંડિતો અમદાવાદ જવા તૈયાર થયા ત્યારે શ્રીમંત ગાયકવાડ સરકારે તેમને કહ્યું: 'અમદાવાદના આ શાસ્ત્રાર્થમાં અમને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સામે નર્યો દ્વેષ જ દેખાય છે, તમારે જવું હોય તો જાવ પરંતુ એટલું યાદ રાખજો, ત્યાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તરફથી પંડિતપ્રવર નિત્યાનંદ સ્વામી શાસ્ત્રાર્થ કરવાના છે અને એમની સામે જીતવું મુશ્કેલ જ નહિ બિલકુલ અશક્ય પણ છે. તમે બધા જો હારીને પાછા

આવશો તો તમારા વર્ષાસન બંધ થઈ જશે.' નિત્યમુનિ પોતાના વિદ્વાન શિષ્ય ભગવદાનંદ સ્વામીને સાથે લઈ અમદાવાદ ગયા. સ્વામીની સાથે તેમના ચાલીસ શિષ્યોની મંડળી તથા બે ગાડા ભરીને ગ્રંથોનો સરંજામ હતો. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીનું ભવ્ય સામૈયું કર્યું. શાસ્ત્રાર્થ માટે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના વિશાળ ચોકમાં ભવ્ય સભા ભરાઈ. સ્વામીએ સભામાં વેદ તથા ઉપનિષદોના આધારો આપી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સનાતન વૈદિકતા પૂરવાર કરતું મનનીય પ્રવચન આપ્યું. વૈષ્ણવાચાર્ય તથા અન્ય ધર્મી વિદ્વાન શાસ્ત્રીઓ સ્વામીની વાણી સાંભળી મૌનના મહાસાગરમાં ગરકાવ થઈ ગયા. નિત્યમુનિએ વારંવાર જાહેરમાં નિવેદન કર્યું કે જેને જે પૂછવું હોય તે નિઃસંકોચ પૂછો, તમારા દરેક પ્રશ્નના સંતોષકારક જવાબ અવશ્ય મળશે. પરંતુ કોઈના મોંઢામાંથી શબ્દમાત્રનો ઉચ્ચાર ન નીકળ્યો. સર્વે પંડિતોએ એકીમુખે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને વેદશાસ્ત્ર પ્રમાણિત ગણી માન્ય રાખ્યો. સ્વામીએ એમની પાસે જ કબૂલ કરાવ્યું કે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે જ અનાદિ પરમાત્મા છે અને એમનો સ્થાપેલો સંપ્રદાય સનાતન ધર્મના ભૂષણરૂપ છે. અંતે સૌએ સાથે મળીને ભગવાન શ્રી સ્વામિનારાયણની ગગનભેદી જય બોલાવી.

આજ રીતે નિત્યાનંદ સ્વામીએ ઉમેરેઠ અને જૂનાગઢમાં પણ શાસ્ત્રાર્થ દ્વારા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય કરેલો. સં. ૧૯૦૮ના માગશર સુદ અગિયારસના પરમ પુનિત દિવસે વડતાલમાં પોતાના નશ્વર દેહનો ત્યાગ

કરીને સ્વામી અક્ષરધામમાં પધાર્યા.

કાવ્યકૃતિઃ

ત્વદ્રૂપસ્ય સુનિશ્ચયો મનસિ મે સર્વોત્તમઃ સ્યાત્સદા
ત્વત્સૌખ્યેન સુખી ભવેયમનિશં નૈવેતરેણ ક્વચિત્ ।
ત્વભ્દિન્નાકૃતયશ્ચ સન્ત્વતિતરાં તુચ્છાઃ કૃતા માયયો
યાચે ત્વામિતિ સતતં કૃતનતિસ્તદ્દેહિ મે શ્રીહરે! ॥૧॥
ત્વય્યેકાન્તિકભક્તિરસ્ત્વવિચલા માહાત્મ્યયુગ્ધર્મજે
પ્રત્યૂહાન્મદનાદ્યધર્મકુલતસ્તત્રાવનં મે કુરુ ।
જ્ઞાનાદૌ ચ દૃઢસ્થિતિં વૃષકુલે તસ્યાં સહાયે પરે યાચે
યાચે ત્વામિતિ સતતં કૃતનતિસ્તદ્દેહિ મે શ્રીહરે! ॥૨॥
પ્રેષ્ઠાનાં તવ સંગમોઽસ્ત્વનુદિનં હ્યેકાન્તિકાનાં સતાં
શુષ્ક જ્ઞાન્યુપધર્મિકૌલમતિનાં સંગો ન મે સ્યાત્કવચિત્ ।
ભક્તત્વે ક્વ ચ દોષલેશ ઈહ તે નૈવાવશિષ્યેત મે યાચે
યાચે ત્વામિતિ સતતં કૃતનતિસ્તદ્દેહિ મે શ્રીહરે! ॥૩॥
દ્રોહસ્તે તવ સેવિનાં ચ મહતાં ન સ્યાદ્યદાપિ ક્વચિત
તિષ્ઠેનૈવ ચ વાસનાન્યવિષયા ત્વત્સેવનાન્મે હૃદિ ।
કુર્યાં દાસ્યમહં તવાન્તિકગતો નિત્યં સતાં વાંછિતં યાચે
યાચે ત્વામિતિ સતતં કૃતનતિસ્તદ્દેહિ મે શ્રીહરે! ॥૪॥
દેહે દૈહિક આત્મતા ચ મમતા ન સ્યાદિહ ક્વાપિ મે
સા તુ સ્યાત્વયિ ભક્તિધર્મતનયે ત્વદ્ ભક્તિનિષ્ઠેષુ ચ ।
સ્નેહઃ સ્યાદધિકોઽક્ષરે વિલસતિ બ્રહ્માત્મનો મે ત્વયિ યાચે
યાચે ત્વામિતિ સતતં કૃતનતિસ્તદ્દેહિ મે શ્રીહરે! ॥૫॥
વિશ્વાસસ્તવ વાચિ મેઽસ્તુ કુહચિત્સ્યાન્નાસ્તિકત્વં ન મે
સલ્લક્ષ્માણ્યખિલાનિ સન્તુ મયિ તાન્યુક્તાનિ યાનિ ત્વયા ।
ન સ્યાન્મે ક્વચિદાસુરત્વમવ માં તદ્હેતુલોભાદિતો યાચે

**યાચે ત્વામિતિ સતતં કૃતનતિસ્તદ્દેહિ મે શ્રીહરે! ॥૬॥**
**યત્કાર્યેષુ રુચિર્યથા તવ તથૈવ સ્યાદ્રુચિસ્તેષુ મે**
**કારુણ્યં હૃદિ વર્ત્તતાં મમ વિભો ! સર્વેષુ દેહિષ્વપિ ।**
**ભક્તાભીષ્ટદ ! રક્ષણં કુરુ સદા મોહાત્પ્રમાદાચ્ચ મે યાચે**
**યાચે ત્વામિતિ સતતં કૃતનતિસ્તદ્દેહિ મે શ્રીહરે ! ॥૭॥**
**નિત્યં ત્વદ્વપુરીક્ષણે મમ દશૌ સ્યાતાં ચ સંકીર્તને**
**વાણી તે યશસાં કથાશ્રુતિપરૌ કર્ણો મનશ્ચ સ્મૃતૌ ।**
**સેવાયાં તવ તે સતાં ચ નિરતૌ હસ્તૌ ત્વદીયન્ચ મે યાચે**
**યાચે ત્વામિતિ સતતં કૃતનતિસ્તદ્દેહિ મે શ્રીહરે! ॥૮॥**

**આસ્વાદઃ**

શ્રી સ્વામિનારાયણ સંતસાહિત્યમાં અને એમાં પણ ખાસ કરીને સંસ્કૃત સાહિત્યમાં પંડિતપ્રવર સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીનું સ્થાન અનોખું છે.

શ્રીહરિદિગ્વિજય જેવા ગ્રંથરત્નના ભવ્ય નિર્માણની ફળશ્રુતિરૂપે જ્યારે પ્રસન્નપણે પ્રભુએ વર માગવાનું કહ્યું ત્યારે નિત્યમુનિએ જે માગ્યું તે આ અષ્ટકરૂપે માણવા જેવું છે - સમજવા જેવું છે અને એના મર્મને જીવનમાં આત્મસાત્ કરી જીવનને ધન્ય બનાવવા જેવું છે!

કવિ આર્તસ્વરે યાચના કરતા કહે છેઃ ‘હે હરે! મારા મનમાં સદાય આપના સ્વરૂપનો સર્વોત્તમ નિર્વિકલ્પ નિશ્ચય થાઓ, અને હું નિરંતર આપના સ્વરૂપના સુખ સંબંધથી જ સુખી થાઉં. આપના વિના અન્ય માયિક પદાર્થોમાં મને ક્યારેય સુખ ન મનાય, કારણ કે આપ સિવાયની અન્ય આકૃતિઓ સર્વે માયાકૃત છે, માટે મારે મન તે અત્યંત તુચ્છ થઈ જાઓ. માટે હે પ્રભુ! આપની પાસે હું નિરંતર

નમસ્કારપૂર્વક એ જ માગું છું, મને તે આપો.'

નિત્યાનંદ સ્વામીએ આ જે કાંઈ માંગ્યું છે તે મુમુક્ષુને પ્રભુ પાસે કેવી રીતે શું માગવું તે શીખવાડવાને અર્થે છે. કવિને મતે મોક્ષાર્થીએ માયિક આકારોને ખોટા કરી મનને પ્રભુના સુખરૂપ સ્વરૂપમાં જોડવું જોઈએ. પરમાત્માના સાકાર સ્વરૂપનો સર્વોત્તમ નિર્વિકલ્પ નિશ્રય જ કવિને અહીં અભિપ્રેત છે. કારણ કે અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્રય થયા સિવાય મુક્ત શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિમાં રસબસ થઈને સળંગ મૂર્તિમાં રહ્યા થકા મૂર્તિના રોમેરોમનાં નિત્ય નવીન સુખ ક્યારેય ભોગવી શકતા નથી.

દ્વિતીય શ્લોકમાં કવિ યાચે છેઃ 'હે ધર્મપુત્ર શ્રીહરે! આપના વિશે આપના સ્વરૂપના માહાત્મ્યજ્ઞાનેયુક્ત નિશ્ચળ એકાંતિક ભક્તિ રહો અને આપની ભક્તિમાં વિઘ્નરૂપ કામક્રોધાદિક અધર્મસર્ગથી મારી રક્ષા કરો તથા તે ભક્તિમાં પરમ સહાયરૂપ જ્ઞાનવૈરાગ્યાદિક સદ્‌ગુણોમાં મારી દૃઢ સ્થિતિ થાઓ એમ હું આપની પાસે નિરંતર માગું છું તે કૃપા કરીને મને આપો.'

શ્રીજીમહારાજે (શિક્ષાપત્રી શ્લોક : ૧૦૩માં) ભગવાન પ્રત્યેના માહાત્મ્યજ્ઞાને સહિતના સ્નેહને જ ભક્તિ કહી છે. માહાત્મ્યજ્ઞાન ઉપરાંત સંપ્રદાયને અભિમત 'એકાંતિક' શબ્દ કવિએ અહીં ભક્તિના વિશેષણ તરીકે પ્રયોજ્યો છે. પરમાત્મામાં જ આસક્તિ અને એ સિવાય અન્ય પદાર્થમાત્રમાં વિરક્તિ એ જ સાચા સ્નેહનું લક્ષણ છે. જે રીતે જ્ઞાનવૈરાગ્યાદિક ભક્તિમાં સહાયક છે તે જ રીતે કામક્રોધાદિક અંતઃશત્રુઓ ભક્તિમાર્ગનાં પરમ ર વરોધક

પરિબળો છે, તેથી જ કવિ પ્રભુ પાસે એ અંતઃશત્રુઓ થકી રક્ષણ માગે છે.

આગળ કવિ પ્રભુને પ્રાર્થે છેઃ 'હે હરિ! આપના અત્યંત વ્હાલા એકાંતિક મુક્તોનો મને નિત્ય સત્સંગ થાઓ. પરંતુ પ્રભુ! શુષ્કવેદાંતી, નાસ્તિક, કુંડાપંથી પાખંડીઓ તથા શક્તિ પંથી - એ ચાર કુસંગીઓનો સંગ મને ક્યારેય ન થાઓ, તથા આ લોકમાં આપના પ્રત્યેની મારી ભક્તિનિષ્ઠામાં ક્યારેય દોષનો લેશ પણ ન રહે એમ હું આપની પાસે માગું છું.'

પ્રેમાનંદ સ્વામીએ 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ...' એ પ્રાર્થનામાં આવી જ યાચના આજીજીપૂર્વક કરતાં ગાયું છેઃ

**'એકાંતિક તવ દાસકો દીજે સમાગમ મોય'**

બ્રહ્મમુનિએ પણ સંત સમાગમનો અપાર મહિમા ગાતા લખ્યું છેઃ

**'બ્રહ્માનંદકહે સંત કી સોબત, જનમ સુફળ કરી લીજે...'**

પરંતુ એક વાત એટલી જ મહત્ત્વની છે કે ભગવાનના મોટા મુક્તોનો સત્સંગ જેટલો કલ્યાણપ્રદ છે તેટલો જ હાનિકારક છે કુસંગી પુરુષોનો પ્રસંગ. તેથી જ ચાર પ્રકારના કુસંગથી હંમેશાં દૂર રહેવું.

વળી નિત્યાનંદ સ્વામી મહારાજ પાસે માગે છેઃ 'હે હરે! આપનો તેમ જ આપનું સેવન કરનારા મહાનુભાવ સત્પુરુષોનો દ્રોહ મનથી પણ ક્યારેય ન થાય અને આપની સેવા સિવાયની અન્ય વાસના પણ મારા અંતરમાં ન જ રહે, તથા નિરંતર સત્પુરુષોને વાંછિત એવું આપનું દાસત્વ તેને આપના સાંનિધ્યમાં રહીને હું હંમેશાં પ્રાપ્ત કરું એવું

હું આપની પાસે માગું છું.'

ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ જીવને કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે છે. આ અંગે શ્રીજીમહારાજે (ગ.અં.૧૨મા) વચનામૃતમાં કહ્યું છેઃ '....... ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કર્યાથી તો જીવનો પણ નાશ થઈ જાય છે.... ભગવાન ને ભગવાનના ભક્તના દ્રોહનો કરનારો હોય તેનો જીવ એવો નકારો થઈ જાય જે કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહિ. માટે એનો જીવ નાશ થઈ ગયો જાણવો. એમ જાણીને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહિ.' શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ ભાવે રહીને મૂર્તિનું સુખ લેવું તેને જ હજુરની સેવા કહેવામાં આવે છે અને એ જ આત્યંતિક કલ્યાણની સર્વોત્કૃષ્ટ અવસ્થા છે. પરમાત્માના પરમ સાધર્મ્યને પામવા છતાં અનાદિ મુક્તોને શ્રીજીમહારાજ પ્રત્યે સર્વોપરી સ્વામી-સેવકભાવ હંમેશાં રહે છે અને એ જ દાસભાવની ચરમસીમા છે.

પંચમ શ્લોકમાં કવિ ગદ્ગદ્ કંઠે પ્રભુ પાસે માગે છેઃ 'હે હરે! આ લોકમાં મને ક્યારેય દેહને વિશે આત્મબુદ્ધિ તથા દેહના સંબંધી સ્ત્રીદ્રવ્યાદિક પદાર્થોમાં મમત્ત્વ ન થાઓ, પરંતુ ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ આપના વિશે જ આત્મબુદ્ધિ તથા આપના એકાંતિક મુક્તોમાં જ મમત્ત્વબુદ્ધિ થાઓ અને અક્ષરધામમાં અખંડ વિરાજમાન એવા આપના વિશે બ્રહ્મભાવે મને અધિક સ્નેહ થાઓ એવું માગું છું તે કૃપા કરીને મને આપો.'

'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' એ ન્યાયે માયા પ્રેરિત

જગતના સર્વ વ્યાપારોમાંથી મનની વૃત્તિને તોડી પરમ કૃપાળુ પરમાત્મામાં જ આત્મબુદ્ધિ કરવી શ્રેયસ્કર છે. ભગવાન અને ભગવાનના એકાંતિક મુક્તોમાં અપ્રતિમ પ્રીતિ કરી બ્રહ્મભાવે પ્રભુની પ્રેમલક્ષણા ભક્તિ કરવી કવિને અહીં અભિપ્રેત છે.

આગળ સ્વામી શ્રીહરિને પ્રાર્થનાપૂર્વક કહે છે: 'હે હરે! મને આપની વાણીમાં નિરંતર દૃઢ વિશ્વાસ થાઓ. વળી એમાં નાસ્તિકભાવ મને ક્યારેય ન આવે. આપે (ધર્મામૃતમાં) જે સાધુનાં લક્ષણો કહ્યાં છે તે સર્વે મારે વિશે નિરંતર રહો. મને ક્યારેય આસુરિ વિચારો ન આવે અને આસુરભાવના હેતુરૂપ લોભાદિક દોષો થકી મારી આપ સદાય રક્ષા કરો એટલું હું આપની પાસે નિરંતર માગું છું.'

પરમાત્માની વાણીમાં દૃઢ વિશ્વાસ મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે. અબજીબાપાશ્રી કહે છે કે જ્યાં સુધી લક્ષ્યાર્થ અનુભવ-જ્ઞાન ન થાય, ત્યાં સુધી અંતરમાં નાસ્તિકભાવનો અંશ રહે જ છે. માટે દૃઢ શ્રદ્ધા સાથે ધ્યાન-ભજન કરતા કરતા જ્યારે મહારાજની મૂર્તિનું સુખ આવે, ત્યારે નાસ્તિકભાવ સંપૂર્ણપણે ટળી જતા સર્વે સાધનની સમાપ્તિ થાય છે.

સપ્તમ્ શ્લોકમાં કવિ પ્રભુ પાસે પ્રાર્થનાપૂર્વક માગે છે: 'હે હરે! જે જે સત્કાર્યોમાં આપની રૂચિ હોય તે તે કાર્યોમાં મને પણ રૂચિ થાઓ. હે વિભો! મારા હૃદયમાં પ્રાણીમાત્ર માટે કરુણા ને દયાભાવ વર્તે. ભક્તોને અભિષ્ટ ફલ આપનારા હે પ્રભુ! મોહ અને પ્રમાદ થકી મારી સદાય રક્ષા કરો, એમ હું આપની પાસે નિરંતર માગું છું.'

દાસભાવનું આ ઉત્કૃષ્ટ લક્ષણ છે. પોતાના સ્વામીની જે રૂચિ તે જ પોતાની રૂચિ. જગતમાં પ્રાણીમાત્રના અંતરમાં પણ એ જ પ્રભુ અંતર્યામીપણે વિરાજે છે, માટે એ સર્વ પ્રત્યે કરુણા (Compassion) સહજભાવે રહેવી એ ભક્તનું લક્ષણ છે. ભગવાન પોતાના ભક્તોની મોહ અને પ્રમાદ થકી હંમેશાં રક્ષા કરે છે.

અંતે કવિ અષ્ટકનું સમાપન કરતાં પ્રભુને પ્રાર્થે છે: 'હે હરે! મારાં નેત્ર નિરંતર આપની મૂર્તિનાં દર્શન કરવામાં પ્રવૃત્ત રહો, મારી વાણી હંમેશાં આપનું યશોગાન કરતી રહો, મારા કર્ણ સદા આપની કથાશ્રવણપરાયણ રહો, મારું મન આપના સ્વરૂપની અખંડ સ્મૃતિમાં રત રહો અને આપનો ભક્ત એવો હું તે મારા બંને હાથ આપની તથા આપના સંતોની સેવામાં નિરંતર પ્રીતિવાળા થાઓ એવી યાચના હું નિરંતર નમસ્કારપૂર્વક આપની પાસે કરું છું તે મને કૃપા કરીને આપ આપો.'

ભક્તિભાવની આ પરાકાષ્ઠા છે. ભક્ત પોતાની સર્વે જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રભુભક્તિ કરવા ચાહે છે. નેત્ર દ્વારા પ્રભુદર્શન, વાણી દ્વારા પ્રભુકીર્તન, કાન દ્વારા પ્રભુકથાશ્રવણ અને મન દ્વારા પ્રભુ ચિંતન. બે હાથ દ્વારા ભક્ત ભગવાન તથા ભગવાનના ભક્તોની સેવા કરવા ઇચ્છે છે. ભગવાન દ્વારા આપવામાં આવેલા આ મનુષ્ય શરીરનો શ્રેષ્ઠતમ વિનિયોગ કરીને ભક્ત ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માગે છે, અને એ જ આત્યંતિક કલ્યાણની ચાવી છે!

# ૯

## સદ્‌ગુરુ શ્રી ઈશાનંદ બ્રહ્મચારી

લોધિકાના દરબાર અભયસિંહના કારભારી ગણોદના ભીમજીભાઈ પંડ્યા શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત હતા. તેમને સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી સાથે અત્યંત હેત હતું, તેથી તેઓ અવારનવાર જૂનાગઢ સ્વામીના સેવા-સમાગમ માટે જતા. મોરના ઈંડા ચિતરવા નથી પડતા. ભીમજીભાઈનો સૌથી નાનો પુત્ર હરિરામ છેક બાલ્યકાળથી જ ખૂબ ભગવદીય હતો. ગણોદમાં જ્યારે જ્યારે ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, અચિંત્યાનંદ બ્રહ્મચારી વગેરે સંતો પધારતા ત્યારે હરિરામ દિલથી એ સંતોની સેવામાં જોડાઈ જતો. હરિરામની સેવાથી પ્રસન્ન થઈ બ્ર. અચિંત્યાનંદજીએ તેમને સત્સંગના વર્તમાન ધરાવેલા. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ આ ચિંથરે વીંટ્યા રત્નને પારખી લીધું. તેમણે ભીમજી પંડ્યાને સમજાવીને હરિરામને જૂનાગઢ પોતાની પાસે રાખી એક વિદ્વાન શાસ્ત્રી પાસે તેનો શાસ્ત્રાભ્યાસ શરૂ કરાવ્યો. હરિરામ સહજ-સ્વભાવે અત્યંત સેવાભાવી તો હતા જ, તેમાં વળી સોનામાં સુગંધ ભળે તેમ તેમને તત્ત્વ-મર્મજ્ઞ વિદ્વત્તા મળી. પછી તો પૂછવું જ શું? વધુ ને વધુ ફળો લાગતા જેમ વૃક્ષ વધુ ને વધુ નીચે નમે છે તેમ અનેક કલ્યાણકારી ગુણોનો પ્રાદુર્ભાવ થતાં હરિરામ

વધુ ને વધુ નમ્ર અને વિનયશીલ બનતા ગયા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી નામે બે બ્રહ્મનિષ્ઠ સંતો થઈ ગયા. સત્સંગિભૂષણના કર્તા સદ્‌ગુરુ વાસુદેવાનંદ બ્રહ્મચારી મોટે ભાગે અમદાવાદ મંદિરમાં જ રહેતા હતા, જ્યારે બીજા એક વાસુદેવાનંદ બ્રહ્મચારી જૂનાગઢ મંદિરમાં રહીને દેવસેવા કરતા હતા. જૂનાગઢમાં હરિરામ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ તો કરતા જ, પરંતુ સાથે સાથે તેઓ શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારીની અનુવૃત્તિમાં રહીને દેવસેવા પણ કરતા. સતત સંતસમાગમમાં રહેવાથી એમના અંતરમાં તીવ્ર વૈરાગ્યભાવ જાગ્યો. શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારીએ તેમને શાસ્ત્રોના સઘન અભ્યાસ માટે વડતાલ મોકલ્યા. વડતાલમાં બે વરસ રહીને હરિરામે સત્સંગ સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. હવે ઉત્તમ ત્યાગીના તમામ લક્ષણો વીસ વરસના હરિરામમાં વિદ્યમાન જોઈને બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજીએ સંવત ૧૯૧૩ના જેઠ સુદ પૂર્ણિમાના દિવસે ધ.ધૂ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના વરદ્ હસ્તે તેમને બ્રહ્મચારીની ભાગવતી દીક્ષા અપાવીને શ્રી ઈશાનંદ બ્રહ્મચારી નામ ધારણ કરાવ્યું.

શ્રી ઈશાનંદ બ્રહ્મચારી મોટેભાગે જૂનાગઢ મંદિરમાં રહીને દેવસેવા કરતા હતા. તેમની અત્યંત સેવાપરાયણતાને કારણે સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી તથા શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી એ બંનેનો તેમની ઉપર ખૂબ રાજીપો હતો. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા શિરોધાર્ય માનીને તેમણે જૂનાગઢ ઉપરાંત ગોંડલ અને માણાવદર મંદિરમાં

પણ ખૂબ દેવસેવા કરી હતી. ઠાકોરજીની સેવા એ ઈશાનંદ બ્રહ્મચારીનું અભિન્ન અંગ હતું.

શ્રી ઈશાનંદ બ્રહ્મચારી સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના અત્યંત કૃપાપાત્ર હતા. જ્યારે જ્યારે પણ બ્રહ્મચારીને કોઈ વ્યાવહારિક મુશ્કેલી કે આંતરિક વિક્ષેપ આવતા ત્યારે તેઓ મનોમન સ્વામીને સંભારતા અને સ્વામી તત્કાળ તેમને તંદ્રામાં પ્રત્યક્ષવત્ દર્શન દઈને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરી દેતા. દેવસેવામાં હંમેશાં નિમગ્ન રહેનાર બ્રહ્મચારી સંતો-હરિભક્તોની સેવામાં પણ એટલા જ સક્રિય રહેતા. તેઓ હંમેશાં બધા સંત-હરિભક્તો જમી લે પછી જ જમતા. સંપ્રદાયના સાહિત્ય પ્રત્યેનો તેમનો પ્રેમ અપ્રતિમ હતો. સંસ્કૃત સ્તોત્રો અને કીર્તનોમાં તેમને વિશેષ રુચિ હતી. તેઓ કહેતા કે, 'આખાય સત્સંગિજીવન ગ્રંથના સારરૂપ શ્રી **वासुदेव विमलामृतधामवासम्** એ સ્તોત્ર છે અને તે સ્તોત્રના પણ સારરૂપ **धर्मस्थितैरुपगतैर्वृहता** એ શ્લોક છે.'

સં. ૧૯૬૫ના આસો વદ ૬ના દિવસે શ્રી ઈશાનંદ બ્રહ્મચારી માણાવદરમાં સ્વધામ સિધાવ્યા.

કાવ્યકૃતિ : (ગરબી)

**વ્હાલો અક્ષરધામના વાસી, સર્વોપરી સુખના રાશિ. સ્વામિનારાયણ.**
**જેના રોમ રંદ્રની માંહી, રહે છે બ્રહ્માંડો બહુ છાઈ. સ્વામિ.**
**દ્વિભુજ મૂર્તિ છે ઘનશ્યામ, સર્વે સદ્‌ગુણનાં છે ધામ. સ્વામિ.**
**સુંદર ચિહ્‌ન ચરણમાં શોભે, જોતાં ભક્તોનાં મન લોભે. સ્વામિ.**
**માથે મુકુટ પિતાંબર ધારી, કાને કુંડળ મકરાકારી. સ્વામિ.**
**કંઠે કૌસ્તુભ મણિ બિરાજે, ઉરમાં ભૃગુલાંછન શુભરાજે. સ્વામિ.**
**મણિમય છે બે બાજુ ધાર્યા, ઉર પર શોભે મોતી માળા. સ્વામિ.**

કટીએ કનક મેખલા શોભે, જોતાં વિશાળ ભાલ મન મોહે. સ્વામિ.
કરમાં કડાં કનકના ઝળકે, ચરણે નેપુર સુંદર ખળકે. સ્વામિ.
જેની સેવા સજે સહુ મુક્ત, એવા અપાર શક્તિ સંયુક્ત. સ્વામિ.
સર્વ કારણના પણ કારણ, સર્વ જગતના છે ધારણ. સ્વામિ.
એ છે અનાદિ સર્વાધાર, કોટી ભુવનના કર્તાર. સ્વામિ.
તે શ્રી પુરુષોત્તમ જગદીશ, અક્ષર પર અક્ષરના ઈશ. સ્વામિ.
સદા સાકાર સદા નિયંતા, અંતર્યામી અખિલ વક્તા. સ્વામિ.
જેને સહસ્ત્ર મુખ ગાવે, નારદ શારદ પાર ન પાવે. સ્વામિ.
સહુ અવતાર તણા અવતારી, જેનું ધ્યાન ધરે ત્રિપુરારી. સ્વામિ.
તે પ્રભુ ધર્મ સ્થાપવા કાજ, પ્રગટિયા અવનિ પર મહારાજ. સ્વામિ.
કળીમાં કરવા જન નિષ્પાપ, આવ્યા અધર્મ હરવા આપ. સ્વામિ.
ધર્યો ધરણી પર નર દેહ, વ્હાલો ઈશાનંદનો નેહ. સ્વામિ.

**આસ્વાદ :**

શ્રીજીમહારાજે વચનામૃતમાં શ્રીમુખે પોતાનું ધામ, પોતાનું સ્વરૂપ, પોતાના મુક્તો અને પોતાના મહિમા અંગે જે તાત્ત્વિક દર્શન આપ્યું છે તેને અહીં કવિ શ્રી ઈશાનંદ બ્રહ્મચારીએ કાવ્યના કમનીય સ્વરૂપમાં કંડાર્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયને અભિમત પરાત્પર પરબ્રહ્મના અલૌકિક ધામને 'અક્ષરધામ' કહે છે. તે દિવ્ય છે અને અત્યંત શ્વેત તથા સચ્ચિદાનંદરૂપ છે. આવા અક્ષરધામમાં સર્વોપરી સુખના સ્વામી સમા ભગવાન શ્રી સ્વામિનારાયણ સદાય દિવ્ય સાકાર સ્વરૂપે બિરાજે છે. ભગવાનના દિવ્ય સ્વરૂપમાંથી જેમ એકી સાથે અસંખ્ય સૂર્ય-ચંદ્રનું તેજ રેલાતું હોય તેમ પ્રકાશની છોળો છૂટે છે. એ દિવ્ય તેજના એક એક કિરણમાં અસંખ્ય બ્રહ્માંડો ઊડતા ફરે છે. ભગવાનનું

અક્ષરાતીત એ દિવ્યસ્વરૂપ એટલું વિરાટ છે કે તે મૂર્તિના એક કિરણમાં ઊડતા અગણિત બ્રહ્માંડો અણુ સમાન અતિ સૂક્ષ્મ ભાસે છે!

કવિ હવે ભગવાન શ્રી સ્વામિનારાયણના દ્વિભુજ સાકાર સ્વરૂપના અંગોઅંગમાં સુશોભિત શૃંગારનું વિગતવાર વર્ણન કરે છે. શ્રીહરિના બંને ચરણોમાં શોભતા સ્વસ્તિક, અંકુશ, પદ્મ, કળશ ઇત્યાદિક ચિહ્નો જોઈને અનેક મુમુક્ષુઓના અંતરમાં એમના માટે ભગવાનપણાનો નિશ્ચય થયો હતો. મહારાજે માથે મુગટ, કાને મકરાકૃત કુંડળ અને શરીરે પિતામ્બર ધારણ કર્યું છે. શ્રીજીને કંઠે કૌસ્તુભ મણિ અને વક્ષસ્થળમાં ભૃગુલાંછન શોભે છે. પ્રભુએ બંને બાહુઓમાં મણિયુક્ત બાજુબંધ અને કંઠમાં મોતીની માળા ધારણ કર્યાં છે. ભગવાનનું ભાલ અત્યંત ભવ્ય છે, કમરમાં એમણે સુવર્ણનો કંદોરો પહેર્યો છે. શ્રીહરિના હાથમાં કનકના કડાં અને ચરણોમાં નયનરમ્ય નૂપુર શોભી રહ્યાં છે.

કવિને પ્રભુના સૌંદર્યનું આકર્ષણ માહાત્મ્યેયુક્ત છે. ઈશાનંદ કહે છે : અક્ષરધામમાં સૌ મુક્તો શ્રીજીમહારાજની સેવામાં જ રત છે. એ સેવા પણ અનોખી છે. મહારાજની મૂર્તિમાં રસબસ રહેવું, એના આહ્‌લાદમાં ઓતપ્રોત થવું, એની ગરિમામાં ગરકાવ થવું એ જ એમની સેવા છે. શ્રીજીમહારાજ સર્વશક્તિમાન છે. એ સર્વ કારણના પણ કારણ છે. અનંત કોટી બ્રહ્માંડ એમને આધારે ટકી રહ્યાં છે. સૃષ્ટિકર્તા મૂળ અક્ષરથી પર અક્ષરધામના પણ એ અધિપતિ છે. શ્રીહરિ સદા સાકાર સર્વાંતર્યામી છે. એમનો મહિમા અપરંપાર છે. વિદ્યાની દેવી સરસ્વતી હોય કે દેવર્ષિ નારદ

હોય કે પછી હજાર મુખવાળા શેષજી હોય, મહાપ્રભુજીના મહિમાનો પાર કોઈ પામી શક્યું નથી. કારણ કે ભગવાન શ્રી સ્વામિનારાયણ એ કોઈ અવતાર નથી, પરંતુ સર્વે અવતારોના પ્રેરક, નિયામક અને પ્રેષક અવતારી છે. તેથીસ્તો સર્વે દેવો અને અવતારો પણ એમનું ધ્યાન ધરે છે. આવા પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ધર્મનું સ્થાપન કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ નામે આ લોકમાં અવતર્યા છે. શ્રીહરિએ મનુષ્યરૂપે અવતરીને અધર્મનો ઉચ્છેદ કરી આ હળાહળ કળિયુગમાં પણ હજારો મનુષ્યોને નિષ્પાપ કરી મોક્ષના માર્ગે વાર્યા છે.

પદ પ્રસાદિક છે, સુગેય છે અને ગરબીના ઢાળમાં એનું ગાન કાવ્યના ભાવને વધુ અસરકારક બનાવે છે.

## ૧૦

# સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામી

'આજ તો શુકજી અહીં આવે છે, માટે ચાલો આપણે એમનું સ્વાગત કરવા સામે જઈએ!' ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં નિમ્બતરુ નીચે સભા કરીને વિરાજમાન શ્રીજીમહારાજે એકવાર અચાનક આવી જાહેરાત કરી. સૌ સંતો ને હરિભક્તો મહારાજ સાથે રાધાવાવ આવ્યા. મહારાજે કેટલાક ઘોડેસવાર કાઠી દરબારોને શુકજીનું સામૈયું કરવા આગળ મોકલ્યા. પેલા દરબારો મારતે ઘોડે આગળ બે ગાઉ સુધી જઈ આવ્યા, પરંતુ માર્ગમાં એક સોળ વર્ષના બ્રાહ્મણ કિશોર સિવાય કોઈ ન મળ્યું. એ સવારો તો કોઈ જટાધારી જોગીના દેદિપ્યમાન દર્શનની કામણગારી કલ્પના કરીને ઘોડા દોડાવ્યે જતા હતા. પરંતુ એવું કોઈ મારગમાં ન મળતાં તેઓ વિલે મોંઢે રાધાવાવ પાછા ફર્યા. ત્યાં આવીને જોયું તો રસ્તામાં મળેલો પેલો લબરમૂછિયો બ્રહ્મકુમાર મહારાજ પાસે બેઠો હતો. મહારાજે દરબારોને કહ્યું: 'આપણે જેમને માટે અહીં આવ્યા છીએ એ જ આ શુકજીસ્વરૂપ બટુક વિપ્ર છે. એમનું નામ જગન્નાથ છે. ડભાણમાં આપણાં સંતોનો સત્સંગ થતાં અમારા દર્શનની આતુરતા એમને અહીં ખેંચી લાવી છે!'

ત્યાર બાદ જગન્નાથ વિપ્રને લઈને શ્રીજીમહારાજ ગઢપુર

આવ્યા અને સંસ્કૃતના વધુ વિદ્યાભ્યાસ માટે તેમને શરૂઆતમાં બ્રહ્મચારી આશ્રમમાં રાખ્યા. પરંતુ જગન્નાથના અક્ષરો અત્યંત સુંદર હોવાથી મહારાજે તેમને ગ્રંથોના ખરડા તથા પત્ર લેખન માટે પછી પોતાની પાસે પોતાના અંગત સચિવ બનાવીને રાખ્યા. થોડા સમય બાદ જગન્નાથે મહારાજને પ્રાર્થના કરી: 'મહારાજ, મારે સાધુ થવું છે માટે કૃપા કરીને મને દીક્ષા આપો.' સં. ૧૮૭૨ના મહા મહિનામાં મહારાજે તેમને દીક્ષા આપી નામકરણ માટે શ્રી મુક્તાનંદ સ્વામી પાસે મોકલ્યા. મુક્તમુનિએ તેમનું નામ શુકાનંદસ્વામી પાડ્યું. મહારાજે જ્યારે તે જાણ્યું ત્યારે ટકોર કરતાં કહ્યું: 'મુક્તાનંદ સ્વામી પણ જાણતા લાગે છે કે આ તો શુકદેવજીનો જ અવતાર છે તેથી બિલકુલ બરાબર નામ પાડ્યું!'

શ્રી શુકાનંદ સ્વામીનો જન્મ સં. ૧૮૫૬માં મૂળ નડિયાદના પરંતુ પાછળથી ડભાણ જઈને વસેલા સદાબા નામના સેવાભાવી ઉદીચ્ય બ્રાહ્મણ વિધવાને ત્યાં થયો હતો. તેઓ બાળપણથી જ વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા. ડભાણમાં જે શાસ્ત્રી પાસે તેઓ ભણતા હતા ત્યાં શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુઓ પણ અભ્યાસ અર્થે આવતા હતા. જગન્નાથને અનાયાસે એ સંતોનો સત્સંગ થતાં એ પરમહંસો પ્રત્યે તેમના અંતરમાં અનુરાગ જન્મ્યો. પોતાનાથી બનતી બધી જ સેવા તેઓ એ સાધુઓની કરતા. સંતોએ પરમ મુમુક્ષુ સમજી જગન્નાથને જણાવ્યું: 'પોતાના એકાંતિક ભક્તોનું આત્યંતિક કલ્યાણ કરવા માટે સાંપ્રત સમયમાં પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા સ્વયં ભગવાન શ્રી

સ્વામિનારાયણ નામે પૃથ્વી પર પ્રગટ થયા છે અને હાલમાં કાઠિયાવાડમાં આવેલા ગઢપુર ગામમાં વિરાજે છે.' પૂર્વના પુણ્યશાળી એ સોળ વર્ષના તરુણના અંતરમાં આ સાંભળીને પ્રગટ પરમાત્માના દર્શનની ઉત્કટ પ્યાસ જાગી અને એક દિવસ કોઈનેય કીધા વિના એ ઘરબાર છોડીને ગઢપુર જવા માટે ચાલી નીકળ્યો.

દીક્ષા લીધા બાદ શુકમુનિ ગઢપુરમાં નિત્યાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી પાસે સંસ્કૃતનો વિશદ્ અભ્યાસ કરીને પ્રકાંડ પંડિત બન્યા. પછી તો સંપ્રદાયમાં કોઈ પણ નવો ગ્રંથ રચાય ત્યારે તેનું સંશોધન શુકાનંદ સ્વામી જ કરતા. શ્રીજીમહારાજનો મોટાભાગનો પત્ર વ્યવહાર એમના હસ્તક થયેલો છે. તેથી જ મહારાજ ઘણીવાર કહેતા કે 'શુકમુનિ તો અમારા જમણા હાથ સમાન છે.' શ્રીજીમહારાજે કારિયાણીના ત્રીજા વચનામૃતમાં તેમના વખાણ કરતાં કહ્યું છેઃ 'આ શુકમુનિ બહુ મોટા સાધુ છે. તે જે દિવસથી અમારી પાસે આવ્યા છે તે દિવસથી તેમનો ચડતો ને ચડતો રંગ છે પણ ક્યારેય ગૌણ પડ્યો નથી ને એ મુક્તાનંદ સ્વામી જેવા છે.'

મહારાજની અક્ષર ઓરડીની સામેની ઓરડીમાં શુકમુનિનું આસન હતું. ત્યાં રહીને એમની લેખન પ્રવૃત્તિ ચાલતી. સભામાં મહારાજ જે વચનો બોલે તેનો સાર તે નોંધી રાખતા, સાથે સાથે મહારાજના લીલા-ચરિત્રનો કોઈ પ્રસંગ બને તો તેની ય સત્તાવાર નોંધ રાખતા. એકવાર એવું બન્યું કે શુકમુનિએ કેટલીય રાતોના ઉજાગરા કરીને અથાગ મહેનતે સંસ્કૃતમાં કેટલાક પ્રબંધો રચ્યા. એવામાં મહારાજ

એમના આસને આવીને લખાણના કાગળો જોવા લાગ્યા. શુકમુનિને એમ કે મહારાજ એ વાંચીને રાજી થશે માટે મહારાજનો અભિપ્રાય જાણવા માટે આતુરતાથી એ મહારાજ સામે જોઈ રહ્યા. ત્યાં તો કાંઈ કહેવાને બદલે મહારાજે એ કાગળોનો ગોટો વાળીને પાસે પડેલા પાણી ભરેલા ગોળામાં ડુબાડી દીધો અને પછી ત્યાંથી ચાલ્યા ગયા. છતાં પણ શુક સ્વામીને ન તો ક્ષોભ થયો ન કાંઈ ગ્લાનિ થઈ. એમણે મનોમન વિચાર્યુંઃ 'મહારાજની લીલા અકળ છે, એ જે કરતા હશે એની પાછળ જરૂર કોઈ હેતુ હશે!

એ જ દિવસે સંધ્યા આરતી થઈ રહ્યા પછી શ્રીજીમહારાજ, શ્રી નિત્યાનંદ સ્વામી અને શ્રી શુકાનંદ સ્વામી લાડુબાના ઓરડાની પાછળના ખંડમાં બેસીને સત્સંગિજીવનના કેટલાક પ્રકરણો સંબંધિત ગહન ચિંતન તેમ જ લેખન કરી રહ્યા હતા. શુકાનંદ સ્વામી મહારાજ કહે તે પ્રમાણે લખી પછી વાંચી સંભળાવતા, પરંતુ તૈયાર થતું એકે લખાણ મહારાજને પસંદ નહોતું પડ્યું. તેથી અકળાઈને નિત્યાનંદ સ્વામીએ કહ્યુંઃ 'મહારાજ, આપને શું જોઈએ છે તે અમને કેમ ખબર પડે? માટે આપ શાંતિથી વિગતવાર સમજાવો તો એ પ્રમાણે લખાણ તૈયાર થાય.' એ સાંભળી મહારાજ નિત્યાનંદ સ્વામીને કહે, 'સ્વામી, રાતના બાર વાગી ગયા છે તમે સૂઈ જાઓ.' નિત્યાનંદ સ્વામી ગયા પછી મહારાજે શુકમુનિને કહ્યું, 'હવે અમે જેમ કહીએ તે બરાબર સમજીને તેનું લખાણ કરો.' ત્યાં તો દીવામાં દીવેલ ખૂટી જવાથી શુકમુનિ દીવેલ લેવા જવા માટે ઊભા થયા. મહારાજ કહે, 'સ્વામી, અચાનક ક્યાં ચાલ્યા?' 'મહારાજ,

દીવામાં દીવેલ ખૂટી ગયું છે ને દીવો બુઝાવાની તૈયારીમાં છે, માટે દીવેલ લઈને આવું.'

'સ્વામી, તમારે દીવાનું કામ છે કે અજવાળાનું? બેસો... બેસો' એમ કહીને મહારાજે પગની પલાંઠી છોડી જમણા પગને લાંબો કર્યો ત્યાં તો જમણા પગના અંગૂઠામાંથી ઝળહળાટ તેજનો ઓઘ ઉતરવા માંડ્યો. શીતળ શાંત શ્વેત પ્રકાશથી આખોય ઓરડો ભરાઈ ગયો. શુકમુનિની આંખો એકદમ અંજાઈ ગઈ, એમને ન તો કાગળ દેખાય ન કલમ! થોડીવારમાં તો એ દિવ્ય તેજ ઓરડાના પ્રત્યેક પદાર્થોમાં વ્યાપીને એવું ઘૂંટાઈ ગયું કે જાણે દરેક ચીજ દેદિપ્યમાન હોય તેમ સ્પષ્ટપણે દેખાવા લાગી. એ અલૌકિક તેજના અજવાળે શુકમુનિએ સવાર સુધી લખ્યા કર્યું. પ્રાતઃસ્નાનનો સમય થતાં મહારાજ નહાવા પધાર્યા. સ્નાનાદિ પતાવી શ્રીહરિ લાડુબાના ઓરડામાં સવારનું શિરામણ કરવા બેઠા. શુકાનંદ સ્વામી રાતે કરેલા લખાણના કાગળોનો વીંટો લઈને ત્યાંથી નીકળ્યા એટલે મહારાજે તેમને પાસે બોલાવી પોતાના થાળમાંથી પ્રસાદી આપી, સ્વામીને પ્રાતઃ સ્નાન-સંધ્યા(દાતણપાણી) બાકી હતાં છતાં પણ મહારાજની પ્રસાદીના માહાત્મ્યે નિઃસંશય થઈને તેઓ જમી ગયા. આ જોઈ મહારાજ અત્યંત પ્રસન્ન થઈને બોલ્યાઃ 'તમારી ઉપર આજે હું બહુ રાજી થયો છું, માટે આજે તમને એવી અલભ્ય પ્રસાદી આપવી છે જે સદીઓ સુધી સંભારણું બની રહે!' પછી મહારાજે કાતર મંગાવી પોતાની ચોટી કાપીને શુકમુનિને આપતા કહ્યુંઃ 'લ્યો સ્વામી, અમારું આ સંભારણું સદાય તમારી સાથે રહેશે. અમારી આ શિખાની શાખે

સદાય મુમુક્ષુઓને મોક્ષના વરદાન દેજો.' શુકમુનિએ પરમ કૃતાર્થભાવે પરમ પ્રસાદીભૂત શ્રીહરિની શિખાનો સ્વીકાર કરી એને જતનપૂર્વક જાળવીને રાખી.

એકવાર શુકાનંદ સ્વામીને શરીરે ખૂબ તાવ ચડેલો તેથી બેસવા-ઉઠવાની પણ સૂધબુધ નહોતી. રાબેતા મુજબ મહારાજે ભગુજીને સ્વામીની ઓરડીએ એમને બોલાવવા મોકલ્યા. ભગુજીએ આવીને કહ્યું: 'શુકમુનિ, ચાલો મહારાજ બોલાવે છે, એમને લખાવવું છે.' સ્વામી ઊભા થવા ગયા પરંતુ માંદગીને કારણે લથડિયું આવી ગયું. ભગુજી એમને બાવડેથી પકડી સંભાળપૂર્વક અક્ષર ઓરડીમાં મહારાજ પાસે લઈ ગયા. સ્વામીની આવી હાલત જોઈને મહારાજ ચમક્યા.

'અરે.... શુકમુનિને શું થયું?'

'મહારાજ...... તાવ આવ્યો છે' મુનિએ જણાવ્યું.

'અરે... સ્વામી, એક આવશ્યક પત્ર લખવાનો છે. તમારાથી તો બેસાતું પણ નથી. એક કામ કરો, મારી સામે જુઓ...... લ્યો આ તમારો તાવ હંમેશને માટે ગયો!' મહારાજે કહ્યું.

અને સૌના આશ્ચર્ય વચ્ચે શુકમુનિનો તાવ સદાયને માટે ગયો. આ પછી ક્યારેય એમને શરીરે તાવ-તરિયો આવ્યા જ નહિ, શરીર પહેલાં કરતા પણ વધુ તંદુરસ્ત ને તેજસ્વી બન્યું.

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી મહારાજના વિયોગે સ્વામી બહુધા ઉદાસ રહેતા. વિરહની અકથ્ય વેદના એમના અંતરને કોરી ખાતી ત્યારે શરીરની સ્વસ્થતા એમને કઠવા લાગી. એમણે મનોમન મહારાજને પ્રાર્થના કરી: **हे हरे! मम**

**भवान् दृशिगोचरोऽस्तु** । શ્રીહરિએ તત્કાળ દર્શન આપીને પૂછ્યું: 'બોલો મને કેમ બોલાવ્યો?' શુકમુનિએ પ્રાર્થનાપૂર્વક કહ્યું: 'મહારાજ જ્યારથી આપે મને આશીર્વાદ આપેલા ત્યારથી શરીરે તાવ આવતો જ નથી. પરંતુ આપના વિયોગે આ શરીરની સ્વસ્થતા મને કાળરાત્રિ સમ કઠે છે. માટે પ્રભુ, મને મારો તાવ પાછો આપો, જેથી આ દેહમાં કિંચિત્ આસક્તિ જેવું પણ કાંઈ ન રહે!'

મહારાજે હસીને કહ્યું: 'સ્વામી, તમે તો પરમ એકાંતિક મુક્ત છો, તમારા દર્શન કરનારની પણ દેહાસક્તિ ટળી જાય તો તમારામાં તો રહે જ શાની? પરંતુ બીજાના સમાસ માટે તમે આવું માગો છો તો ભલે તમારી ઇચ્છા હશે તેમ થશે.' એ પછી સ્વામીને દેહપર્યંત જિર્ણતાવ રહ્યો.

શુકમુનિએ સંસ્કૃતમાં સાત અને ગુજરાતીમાં નવ ગ્રંથો લખ્યા છે. તેમણે સત્સંગિજીવન ઉપર હેતુ નામની સુંદર ટીકા રચી છે. વચનામૃતના શોધનમાં પ્રમુખ પાંચ સંતોમાં તેઓ પણ હતા. સં. ૧૯૨૫માં માગશર મહિનાની અમાવાસ્યાએ વડતાલમાં તેઓ સ્વધામ સીધાવ્યા. જેમ શ્રીમદ્ ભાગવતનો ગ્રંથ શુકદેવજીના મુખમાં મુકાયો છે તેમ હરિલીલાકલ્પતરુમાં સદ્‌ગુરુ અચિંત્યાનંદ વર્ણીએ શુકમુનિના મુખે કથાપાન કરાવ્યું છે.

**કાવ્યકૃતિ: મહિમા સ્તોત્રમ્**

**સ્વામિન્પરાત્પર વિભો પુરુષોત્તમાદ્ય,**
**નારાયણાક્ષરનિવાસ કૃપાનિધાન ।**
**શ્રીકૃષ્ણનિર્ગુણ સદીશ્વર દિવ્યમૂર્તે,**
**હે શ્રીહરે! મમ ભવાન્ દશિગોચરોડસ્તુ ॥૧॥**

દેવાધિદેવ પરમેશ્વર વાસુદેવ,
યોગેશ્વરાક્ષરનિયામક શાસ્ત્રયૌને ।
ભૂમંસ્તપઃપ્રિય મહાપુરુષાક્ષરાત્મન્,
હે શ્રીહરે! મમ ભવાન્ દશિગોચરોઽસ્તુ ॥૨॥
એકાંતધર્મધર સેશ્વરસાંખ્યયોગ-
માર્ગપ્રવર્તક ઋષીશ્વરવૃંદજુષ્ટ ।
ભક્તેપ્સિતપ્રદવરાભયપાણિપદ્ય,
હે શ્રીહરે! મમ ભવાન્ દશિગોચરોઽસ્તુ ॥૩॥
સર્વેશ્વરેશ હૃષિકેશપતે પરમાત્મન્,
સત્સંગલભ્યપથયોગદસુપ્રવૃત્તે ।
એકાંતિકપ્રિય ભવાંબુધિપારદાયિન્,
હે શ્રીહરે! મમ ભવાન્ દશિગોચરોઽસ્તુ ॥૪॥
શ્રીમન્નવીનજલદાસિતસુંદરાસ્ય,
સત્પુંડરીકનયનપ્રથિતપ્રતાપ
નૈકાવતારપરિરક્ષિત સાધુવૃંદ,
હે શ્રીહરે! મમ ભવાન્ દશિગોચરોઽસ્તુ ॥૫॥
નૈકાંડનાયકનિષેવિતપાદપદ્મ,
કલ્યાણકારી, ગુણવૃંદવિભૂષણાઢ્ય ।
સૂક્ષ્મોજ્જવલાંબરવિધારણશોભિતાંગ,
હે શ્રીહરે! મમ ભવાન્ દશિગોચરોઽસ્તુ ॥૬॥
ધર્માન્વવાયનિહિતસ્વકદેશિકત્વ,
નિષ્કામભક્તપરમપ્રિય નૈષ્ઠિકેન્દ્ર ।
બ્રહ્મણ્યદેવ સકલાશ્રિતસૌખ્યકારિન્,
હે શ્રીહરે! મમ ભવાન્ દશિગોચરોઽસ્તુ ॥૭॥
અજ્ઞાનસંતમસનાશનબોધભાવ,

કામાદિશત્રુગણભીતિદનામધેય ।
પાખંડખંડદલન પ્રણતાત્મબોધ,
હે શ્રીહરે! મમ ભવાન્ દૃશિગોચરોઽસ્તુ ॥૮॥
હે ભક્તિ, ધર્મસુત હે હરિકૃષ્ણનાથ,
હે નીલકંઠ કલિતારણ પૂર્ણકામ ।
સૌમ્યસ્વભાવ શરણાગતવત્સલાત્મન્,
હે શ્રીહરે! મમ ભવાન્ દૃશિગોચરોઽસ્તુ ॥૯॥
સ્વીયેતિતેજસિપરેઽક્ષરસંજ્ઞકે ચ,
ધામ્ન્યક્ષરાત્મનિલયે નિજપાર્ષદાગ્ર્યૈઃ ।
પ્રેમ્ણા નિષેવ્યચરણાબ્જશુકેન ચાત્ર,
હે શ્રીહરે! મમ ભવાન્ દૃશિગોચરોઽસ્તુ ॥૧૦॥

આસ્વાદઃ

શ્રીજીમહારાજના અંગત સચિવ સમા સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી રચિત પ્રસ્તુત મહિમાસ્તોત્ર એના અર્થગાંભીર્ય, માધુર્ય, પ્રાસાદિકતા, લાલિત્ય ને ગેયતાને કારણે અત્યંત આસ્વાદ્ય બન્યું છે. કવિએ આ સ્તોત્રને ચૌદમાત્રાના વસંતતિલકા છંદમાં ગૂંથેલું છે.

પરમાત્માના ચિરકાલિન વિયોગથી વ્યાકુળ બનીને કવિ હૃદયની તીવ્ર આરઝુથી એમના પ્રત્યક્ષ દર્શન ઝંખે છે. જેમ - જેમ દર્શનની આ પ્યાસ ઉત્કટ બનતી જાય છે, તેમ - તેમ કવિના અંતરમાં પ્રભુનો પ્રગલ્ભ મહિમા એની ચરમસીમાએ પ્રગટતો જાય છે. અહીં કવિએ શ્રીજીમહારાજ માટે અનેક મહિમાપૂર્ણ વિશેષણો પ્રયોજ્યા છે.

શુકમુનિ શ્રીહરિને પ્રાર્થતા ગાય છેઃ 'જે સ્વામી છે, પરાત્પર છે, વિભુ છે, આદ્ય પુરુષોત્તમ છે, નારાયણ છે,

અક્ષરનિવાસી છે, કૃપાનિધાન છે, શ્રીકૃષ્ણ છે, નિર્ગુણ છ, સત્સ્વરૂપ ઈશ્વર છે, દિવ્યમૂર્તિ છે એવા હે હરિ! આપ કૃપા કરીને મને દર્શન આપો.'

'સ્વામિનારાયણ' એ નામમાં જે સ્વામી શબ્દ છે તે એમનું સર્વોપરી પ્રભુત્ત્વ દર્શાવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ક્ષર-અક્ષર સર્વના સ્વામી (અધિપતિ) છે, પરંતુ એમના અધિપતિ કોઈ નથી. સર્વથી પર એવા અક્ષરબ્રહ્મથી પણ પર અને વિશિષ્ટ હોવાથી તેઓ પરાત્પર કહેવાય છે. જીવ, ઈશ્વર તેમ જ માયાથી માંડીને અક્ષરબ્રહ્મ પર્યંત સર્વમાં પોતાની અન્વય શક્તિ દ્વારા વ્યાપીને રહેલા હોવાથી તેમને વિભુ પણ કહે છે. તેઓ નિત્યોમાં નિત્ય, ચેતનોમાં ચેતન અને કારણોનું કારણ એવા આદિ પુરુષોત્તમ છે. મુક્તોના સમૂહોમાં નિત્ય રહેતા હોવાથી તેમને નારાયણ કહે છે. તેઓ અક્ષર નામે પોતાના દિવ્યધામમાં નિત્ય નિવાસ કરતા હોવાથી અક્ષરનિવાસી તરીકે પણ ઓળખાય છે. પ્રભુ કૃપાનિધાન - કૃપાસાગર છે. જીવો, ઈશ્વરો, માયા અને અક્ષરબ્રહ્મને આકર્ષીને ધારણ કરી રહેલા હોવાથી તેમનું એક નામ શ્રીકૃષ્ણ છે. તેમનામાં કોઈ માયિક ગુણ ન હોવાથી તેઓ નિર્ગુણ કહેવાય છે. અક્ષર પર્યંત સર્વ કોઈના તેઓ નિયામક છે તેથી તેમને ઈશ્વર પણ કહે છે. તેમનું સ્વરૂપ દ્વિભુજ દિવ્ય સદા સાકાર છે.

શ્રીહરિની દિવ્ય પ્રશસ્તિ કરતા કવિ કહે છેઃ 'જે દેવાધિદેવ છે, પરમેશ્વર છે, વાસુદેવ છે, યોગેશ્વર છે, અક્ષરનિયામક છે, સકલ શાસ્ત્રોનું સત્ત્વ છે, તપઃપ્રિય છે, મહાપુરુષ છે તથા અક્ષરના આત્મા છે એવા હે હરિ! આપ

કૃપા કરીને મને દર્શન આપો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વ દેવોના દેવેશ્વર છે, સર્વ ઈશ્વરોના ઈશ્વર છે. પદાર્થમાત્રમાં સર્વાંતર્યામી શક્તિરૂપે વ્યાપ્ત હોવાથી તેઓ વાસુદેવ કહેવાય છે. તેઓ યોગી માત્ર માટે ધ્યેયમૂર્તિ ઈશ્વર છે તેથી તેમને યોગેશ્વર કહે છે. સર્વના નિયામક એવા અક્ષરબ્રહ્મના પણ તેઓ નિયામક છે. સકલ શાસ્ત્રોના તેઓ સારરૂપ છે. પૃથ્વી ઉપર મનુષ્યરૂપે અવતરીને સર્વજનોમાં તેમણે પોતાને પ્રિય એવા તપનો આદર્શ દાખવ્યો છે. શ્રીહરિ મહાપુરુષ યા ને પુરુષોત્તમ છે, અક્ષરના પણ તેઓ આત્મા યા ને શરીરી છે.

તૃતીય શ્લોકમાં વળી કવિ આર્તસ્વરે પ્રાર્થે છેઃ 'જે એકાંતિકધર્મધર છે, જે સેશ્વરસાંખ્યયોગ માર્ગના પ્રવર્તક છે, જે ઋષીશ્વરવૃંદ દ્વારા પૂજાયેલા છે, જે પોતાના ભક્તજનોના મનોરથો પૂર્ણ કરનારા છે, જે જીવો, ઈશ્વરો, માયા ને અક્ષરબ્રહ્મ પુરુષોને વરણ કરવા યોગ્ય છે તથા જે પોતાના શરણાગતને હંમેશાં અભયવર પ્રદાન કરે છે એવા હે હરિ! આપ કૃપા કરીને મને દર્શન આપો.'

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારેય સાધનોનો જેમાં સુંદર સમન્વય કરવામાં આવ્યો હોય તેને એકાંતિક ધર્મ કહે છે. શ્રીજીમહારાજે આવા સર્વાંગી સંપૂર્ણ એકાંતિક ધર્મનું પ્રવર્તન કર્યું હતું. તેથી જ કવિ તેમને એકાંતિકધર્મધર કહે છે. શ્રીહરિએ સેશ્વરસાંખ્યયોગ માર્ગ, પ્રર્વતાવીને સાંખ્ય અને યોગ માર્ગની મહા મોટી ક્ષતિઓ દૂર કરી હતી. કેટલાક વિદ્વાનો સાંખ્ય અને યોગશાસ્ત્રને નિરીશ્વર માને છે, તેનું ખંડન કરી શ્રીજીમહારાજે (પંચાળાના બીજા)

વચનામૃતમાં સમજાવ્યું છે કે પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જીવો, ઈશ્વરો, માયા અને અક્ષરબ્રહ્મથી જુદા અને વિલક્ષણ છે, તેઓ નિત્ય છે અને અક્ષર પર્યંત સર્વ માટે ધ્યેય અને ઉપાસ્ય છે.

વળી કવિ શુકાનંદ સ્વામી પ્રભુને પ્રાર્થતા કહે છેઃ 'જે સર્વેશ્વર છે, જે ઈશ યાને સર્વ નિયામકોના પણ નિયામક છે, જે અક્ષરપર્યંત સર્વના અંતરમાં રહીને નિયમન કરતા હોવાથી ઋષિકેશ છે, જે અક્ષરપર્યંત સર્વના પતિ છે, જે પરમાત્મા છે, જે સત્સંગલભ્ય છે, જે જન્મમરણરૂપી સંસૃતિમાં ભટકી રહેલા જીવોને આત્યંતિક કલ્યાણનો માર્ગ બતાવવાની સત્પ્રવૃત્તિ કરે છે, જેમને એકાંતિક ભક્તો અત્યંત પ્રિય છે તથા જે ભવસાગરમાં ડૂબી રહેલા મનુષ્યોને સુખરૂપ પાર ઉતારનારા છે એવા હે હરિ! આપ કૃપા કરીને મને દર્શન આપો.'

કવિના શબ્દે શબ્દે શ્રીજીમહારાજનો અપરંપાર મહિમા પ્રગટે છે. શુકમુનિ શ્રીહરિને સત્સંગલભ્ય કહે છે. કારણ કે, સત્પુરુષો, સત્શાસ્ત્રો તથા સદ્ધર્મના સત્-પ્રસંગ દ્વારા જ પ્રભુને ઓળખી -પારખી અંતે પામી શકાય છે. એકવાર સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પૂછેલુંઃ 'મહારાજ! હું ધ્યાન કરું કે વાતો?' ત્યારે મહારાજે મર્માળુ હસતાં કહેલુંઃ 'સ્વામી, તમારા માટે તો ધ્યાન કરતાં વાતો જ શ્રેષ્ઠ છે, તમારી વાતો અસંખ્ય જીવોનું કલ્યાણ કરશે.' સ્વામી કહેતા, 'એ દિવસથી માંડીને અખંડ વાતોનો અખાડો ચાલ્યો છે ને વચમાં ક્યારેય સોપો પડવા દીધો નથી.' સત્સંગની ધારા ગંગા સમાન પતિતપાવની, અધમઉદ્ધારક

અને પરમ કલ્યાણદાયિની છે.

વળી શુકમુનિ શ્રીહરિના દર્શનની વાંછના સાથે પ્રાર્થે છેઃ 'જેમનું મુખ-કમળ નવીન જળયુક્ત નૂતન મેઘ સમાન શ્યામ સુંદર છે, સદૈવ નવપલ્લવિત રહેતા કમળ સમાન જેમના નયનોનો પ્રતાપ સર્વત્ર વિસ્તરેલો છે તથા જે જ્યારે જરૂર પડે ત્યારે અવતારો ધારણ કરીને પોતાના આશ્રિતોનું રક્ષણ કરે છે એવા હે હરિ! આપ કૃપા કરીને મને દર્શન આપો.'

પરમાત્માનું રૂપમાધુર્ય પ્રેમી-ભક્ત કવિને વધુ ને વધુ દર્શનાભિલાષી બનાવે છે. નવીન મેઘ સમાન સુશોભિત ઘનશ્યામ મૂર્તિ કવિના વિરહાતુર મનને વધુ વિવશ કરે છે. પુંડરિકાક્ષ પ્રભુના પ્રતાપી નયનોની પળમાત્રની ઝાંખી માટે કવિ કાલાવાલા કરતાં પ્રભુને વારંવાર પ્રાર્થે છે : 'અનેક બ્રહ્માંડોના અધિપતિઓ જેમના ચરણારવિંદનું નિત્ય સેવન કરી રહ્યા છે, જે સદા સર્વદા અનેક કલ્યાણકારી ગુણોના સમૂહથી અલંકૃત છે તથા જેમના દેહ ઉપર ઝીણાં શ્વેતવસ્ત્રો શોભી રહ્યાં છે એવા હે હરિ! આપ મને દર્શન દેવાની કૃપા કરો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વોપરી મહિમા અહીં કવિ પ્રગલ્ભપણે ગાય છે. અમદાવાદના સાતમા વચનામૃતમાં શ્રીજીમહારાજ શ્રીમુખે જ પોતાનો યથાર્થ મહિમા સમજાવતા કહે છેઃ 'પછી અમે અંતર્દષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો, તે જોતાં જોતાં નંદિશ્વર પોઠિયો આવ્યો તે ઉપર બેસીને કૈલાસમાં ગયા ને ત્યાંથી ગરુડ ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મમહોલને વિશે જાતા હતા, ત્યાંથી આગળ ગરુડ પણ ઊડી શક્યો નહિ એટલે અમે એકલા જ ઊડ્યા.

તે સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, પણ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા ને પછી અમે દેહને વિશે આવ્યા ને ફેર અંતરમાં જોયું ત્યારે એમ જણાણું જે સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું અને મારે તેજે કરીને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન છે ને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિશે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિશે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ.'

હવે સપ્તમ શ્લોકમાં કવિ પ્રાર્થનાપૂર્વક પ્રભુને કહે છેઃ 'ધર્મના રક્ષણ અને પોષણ માટે જ જેમણે પોતાનું જગદ્‌ગુરુપદ અનર્હિત કરી રાખેલું છે. જેમને નિષ્કામભક્તો અતિ પ્રિય છે, જે નૈષ્ઠિક વ્રતધારીઓમાં સર્વશ્રેષ્ઠ છે, જે બ્રાહ્મણોમાં સર્વશ્રેષ્ઠ દેવ છે તથા જે પોતાના સર્વ આશ્રિતોને સદા સુખ આપનારા છે એવા હે હરિ! આપ કૃપા કરીને મને દર્શન આપો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ લોકમાં પ્રાગટ્ય ધર્મના રક્ષણ અને સંસ્થાપન અર્થે જગદ્‌ગુરુરૂપે થયું છે. તેથી જ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ એમની આરતી ઉતારતા ગાયું - 'જય સદ્‌ગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ બળવંત બહુનામી.'

પંડિત દીનાનાથ ભટ્ટે પણ એમના ગુરુસ્તવન સ્તોત્રમાં લખ્યું છે:

भवसंभवभीतिभेदनं, सुखसंपत्करुणानिकेतनम् ।
व्रतदानतपःक्रियाफलं, सहजानंदगुरुं भजे सदा ।।

પરાત્પર પરબ્રહ્મ પરમાત્માએ પહેલી જ વાર આ બ્રહ્માંડમાં ભગવાન શ્રી સ્વામિનારાયણરૂપે સાધુવેશે પ્રગટી સમગ્ર જગતને આત્યંતિક કલ્યાણનો રાજમાર્ગ બતાવી પોતાનું જગદ્‌ગુરુપદ સાર્થક કર્યું છે.

શુકમુનિ વળી આર્તસ્વરે પ્રભુને પ્રાર્થે છે: 'જેમના સ્વરૂપનું જ્ઞાન અંધકારરૂપી ગાઢ અજ્ઞાનનો નાશ કરનારું છે, જેમના નામનું સંકિર્તન અને સ્મરણ કરવાથી કામાદિક અંતઃશત્રુઓ નાશ પામે છે, જે પાખંડ ધર્મનું ખંડન કરનારા છે, જે પોતાના આશ્રિતોને સ્વસ્વરૂપનું અને એ સ્વરૂપમાં અંતર્યામી શક્તિરૂપે રહેલા પરમાત્મા સ્વરૂપના જ્ઞાનનો બોધ આપનારા છે એવા હે શ્રીહરિ! આપ કૃપા કરીને મને દર્શન આપો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપનું જ્ઞાન અને તેનો દૃઢ નિશ્ચય એ જ ઉપાસનાનું તાત્ત્વિક સ્વરૂપ છે. ભગવાનના નામનું સંકીર્તન ભક્તની ત્રિવિધ તાપ થકી અચૂક રક્ષા કરે છે. વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના સ્વસ્વરૂપનું અગમ્ય જ્ઞાન ખૂબ જ સરળતાપૂર્વક સમજાવી પોતાના આશ્રિત ભક્તો ઉપર અપાર કરુણા કરી છે.

હરિદર્શનની ઉત્કટ પ્યાસથી વ્યાકુળ હૈયે કવિ પ્રભુને પ્રાર્થના કરે છે: 'હે ભક્તિધર્મના પુત્ર! હે હરિકૃષ્ણ! હે નાથ! હે નીલકંઠ! કળિયુગના દોષોથી જે પોતાના ભક્તજનોનું રક્ષણ કરે છે, જેને ભજનારા પૂર્ણકામ બને છે, જે સહજ

સ્વભાવે શાંત અને સૌમ્ય છે અને જેમને શરણાગત ભક્તો પ્રિય છે એવા હે હરિ! આપ કૃપા કરીને મને દર્શન આપો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના વિવિધ મહિમાપૂર્ણ નામો પોકારીને કવિ પ્રભુને દર્શનના દાન માટે આર્તસ્વરે આજીજી કરે છે. ભગવાન તો ગુણોના સાગર છે, એમના ગુણોનું મહિમાગાન અનંત કાળ પર્યંત કર્યા કરવામાં આવે તો પણ એનો અંત આવે તેમ નથી. તેથી જ વેદોએ **नेति नेति** કહીને મૌન સેવી લીધું છે.

અંતે કવિનું પ્રશસ્તિગાન એની પરાકાષ્ટાએ પહોંચે છે. પરમાત્માના નિત્ય દર્શનની અભિપ્સા સાથે કવિ પ્રભુને પ્રાર્થે છેઃ 'સર્વથી પર અધોઉર્ધ્વ ચારેકોર પ્રમાણેરહિત તેજના મહારાશિ એવા અક્ષર નામે પોતાના ધામમાં બિરાજેલા સર્વેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળની સેવા અને ભક્તિ-ઉપાસના અગ્રગણ્ય સેવક ભક્તો અતિ પ્રેમપૂર્વક કરી રહ્યા છે. તે જ પ્રમાણે આ લોકમાં જેમના ચરણકમળની સેવા ઉપાસના હું શુકમુનિ કરી રહ્યો છું એવા હે હરિ! આપ મને કૃપા કરીને નિત્ય દર્શન આપો.'

જે રીતે અક્ષરધામમાં પરમ એકાંતિક મુક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય વ્યતિરેક સ્વરૂપ સમક્ષ હજુરની સેવામાં અખંડ રહ્યા છે તે જ રીતે કવિ કહે છે કે હું આ લોકમાં પણ શ્રીહરિની નિત્ય સેવામાં રહ્યો છું. અહીં કવિનું પૂર્ણકામપણું અનાયાસે અભિવ્યક્ત થાય છે, અને છતાં પણ પ્રભુના નિત્ય દર્શનની ઝંખના તો કવિની સનાતન પ્રાર્થના જ બની રહે છે!

## ૧૧

# સદ્‌ગુરુ શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારી

વડતાલના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સવારે લગભગ અગિયાર વાગ્યાના સુમારે ત્રણ બ્રાહ્મણ કુમારો લક્ષ્મીનારાયણ દેવ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજના દર્શન કરીને પગથિયાં ઉતરતાં કોઈક સત્સંગીને આતુરતાપૂર્વક પૂછે છે : 'ભાઈ, અમે સાંભળ્યું છે કે આ મંદિરમાં કોઈ યોગસિદ્ધ સ્વામીજી રહે છે, એ ક્યાં મળશે?' સત્સંગી સદ્‌ગૃહસ્થે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનું આસન બતાવતાં કહ્યું: 'તમે જેમને મળવા માગો છો એ વિરલ વિભૂતિ અહીં બિરાજે છે.' બ્રહ્મકુમારો સહસા સ્વામીજી પાસે પહોંચી એમના ચરણોમાં ઝૂકી પડ્યા. નમ્ર, વિવેકી અને બ્રહ્મતેજથી ઝળકતા બ્રહ્મકુમારોને જોઈને સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન થયા. એ ત્રણેયમાં અધિક તેજસ્વી દેખાતા નમણાં નયનવાળાં એક બ્રહ્મકુમારને સદ્‌ગુરુશ્રીએ પૂછ્યું : 'ભૂદેવ, આપનું નામ શું છે? ક્યાંથી પધારો છો?'

'સ્વામીજી, મારું નામ ગંગારામ છે. ડાકોર પાસે આવેલા તૃણોલ ગામમાં ટોળકીયા ઋગ્વેદી બ્રાહ્મણ જ્ઞાતિમાં મારો જન્મ છે. મારા પિતાશ્રી દિનકર ભટ્ટ ઉચ્ચ કોટીના વિદ્વાન છે. તેઓ ડાકોર મંદિરમાં પુરાણોની કથા વાંચે છે. અમારું ગોત્ર કશ્યપ, શાખા આશ્વાલાયિની અને પ્રવર ત્રણ છે. મેં

પંચકાવ્ય તથા શ્રીમદ્ ભાગવતનો અભ્યાસ કર્યો છે. વધુ અભ્યાસ માટે હું મારા મિત્રો સાથે કાશી જવા નીકળ્યો છું. રસ્તામાં વડતાલ આવતાં અહીં દર્શન કરવા રોકાયો ત્યારે જાણવા મળ્યું કે આપ અત્રે બિરાજમાન છો, તેથી આપને મળવા માટે મન વિવશ બની ગયું.'

ગંગારામની મધુર વાણી સાંભળી સ્વામીશ્રી અત્યંત પ્રસન્નપણે બોલ્યા : 'ગંગારામ, તમે માઘ તો ભણ્યા જ હશો ને? માઘ વિષે કહેવાય છે - **मुरारि पदचिन्ता चेतदा माघे मतिंकुरु**' સ્વામીશ્રીના મુખે માઘની પ્રશસ્તિનો શ્લોક સાંભળી ગંગારામ તત્કાળ બોલી ઊઠ્યા : 'દયાળુ, આપની વાત સત્ય છે. માઘ માટે કવિ મલ્લીનાથ કહે છે - **माघेमेघेगतंवयः।** અર્થાત્ માઘ અને મેઘદૂત આ બંનેની ટીકા કરવામાં જ મારી આખી આવરદા ચાલી ગઈ.'

ગંગારામનો મધુર સ્વર, સુસ્પષ્ટ ઉચ્ચારો અને પ્રખર વિદ્વત્તા જોઈ સત્સંગના મોભી સમા સંત શિરોમણિ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને વિચાર આવ્યો : આ તો અણમોલ રત્ન છે. આજે શ્રીજીમહારાજ સદેહે આ લોકમાં વિદ્યમાન હોત તો આ સરસ્વતીપુત્રને મળીને કેટલા રાજી થાત! સત્સંગની વાટિકામાં આવા મૂર્ધન્ય મોરલા સાહિત્યના સર્જન અને સંવર્ધન દ્વારા એની સોળે કળાએ ખીલે તો આ આખોય સંપ્રદાય ઓર દીપી ઊઠે!

શ્રી ગોપાળાનંદ સ્વામીએ તત્કાળ નિત્યમુનિને બોલાવી ગંગારામનો પરિચય કરાવ્યો. ગંગારામના મુખમાંથી અસ્ખલિતપણે વહેતા વાક્પ્રવાહથી નિત્યાનંદ સ્વામી પણ અત્યંત પ્રસન્ન થયા. બંને મહામુનિવર્યોએ નક્કી કર્યું કે

ગંગારામને આપણે જ અહીં રાખી ભણાવવા અને સંપ્રદાય માટે એક અમૂલ્ય સાહિત્યરત્ન તૈયાર કરવું. જમવાનો સમય થઈ ગયો હોવાથી એ ભૂદેવોને સ્વામીશ્રીએ મંદિરની ભોજનશાળામાં જમવા મોકલ્યા.

મંદિરનો મહાપ્રસાદ આરોગી સારી પેઠે તૃપ્ત થઈ એ બ્રહ્મકુમારો ફરી શ્રી ગોપાળાનંદ સ્વામી પાસે આવીને ગોઠવાઈ ગયા. સ્વામીશ્રીએ રમૂજ કરતાં કહ્યું : 'ગંગારામ, તમે આજે માત્ર બે જ મોદક કેમ આરોગ્યા? હા... તમારા આ બંને મિત્રો તો આરામથી પાંચ પાંચ લાડુ જમી ગયા!' ગંગારામના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમને થયું : સ્વામીજી તો એમના આસનેથી બહાર આવ્યા નથી, છતાં એમણે કેવી રીતે જાણ્યું કે અમે કેટલા લાડુ જમ્યા? ગંગારામના મનની મૂંઝવણ પામી જઈ એનો ખુલાસો કરતાં ગોપાળ મુનિ બોલ્યા : 'ભૂદેવો, એમાં તો એવું છે કે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અખિલ બ્રહ્માંડમાં શું બને છે તે સઘળું હું હસ્તામલકવત્ જોઈ શકું છું. એટલું જ નહિ, અત્યારે તમારા મનમાં શું વિચારો ઘોળાય છે તે પણ વાંચી શકું છું. કહો તો તમારું આખું અત્યાર સુધીનું જીવન સ્થળ-કાળ સાથે કહી સંભળાવું. સાંભળો... ગંગારામ, તમારો જન્મ સં. ૧૮૭૯માં થયેલો છે. વળી બીજી એક વાત પણ તમે અમને નથી બતાવી કે તમે વિવાહિત છો. તમારા પત્ની સ્વભાવે અત્યંત કર્કશા હોવાથી તમારું મન સંસાર પ્રતિ ઉદાસિન થતાં તમે વધુ વિદ્યાભ્યાસના મિષે ઘર છોડીને ચાલી નીકળ્યા છો...'

આ સાંભળીને ગંગારામ તો સ્વામીશ્રીના ચરણોમાં લોટી

પડ્યા. અનરાધાર આંસુઓના અભિષેકથી સદ્‌ગુરુવર્યના પાદ પ્રક્ષાલી તેમણે ગદ્‌ગદ્‌ કંઠે પ્રાર્થના કરતાં કહ્યું : 'દયાળુ, આજથી મારા સઘળાં તીર્થો અને આયખાભરનો અભ્યાસ આપના ચરણોમાં જ હું માનું છું. આ નાચીજનો આપના શિષ્ય તરીકે... આપના ચરણરજ સેવક તરીકે સ્વીકાર કરી... પ્રભુ, મારા યોગક્ષેમનું વહન કરો.' મર્માળુ સ્મિત કરતાં ગોપાળાનંદ સ્વામીએ ગંગારામના મસ્તક ઉપર પોતાનો વરદ્‌ હસ્ત મૂકી એમના અંતરંગ મિત્રો ભણી દૃષ્ટિ કરી. સ્વામીશ્રીની સૂચક દૃષ્ટિના જવાબ રૂપે ગંગારામના મિત્રો બોલ્યા : 'સ્વામી, ગંગારામને રહેવું હોય તો ભલે અહીં રહે, અમે તો વધુ વિદ્યાભ્યાસ માટે કાશી જરૂર જઈશું.' સ્વામીશ્રીએ એમને કાશી જવાની અનુજ્ઞા આપતાં તેઓ ચાલી નીકળ્યા.

ગંગારામે તો શ્રી ગોપાળાનંદ સ્વામીના ચરણોમાં જ અઠે દ્વારિકા માની વડતાલમાં જ રોકાઈ જઈ સ્વામીશ્રી તથા શ્રી નિત્યાનંદ સ્વામી પાસેથી વિશેષ વિદ્યાભ્યાસ કરીને પોતાની અપ્રતિમ વિદ્વત્તાને અનોખો ઓપ આપ્યો. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ગંગારામને પાર્ષદની દીક્ષા અપાવી પોતાની સેવામાં રાખ્યા. એ વાતની જાણ એમના કુટુંબીજનોને થતાં તેઓ ગંગારામને ઘરે પાછા લઈ જવા માટે વડતાલ આવ્યા. ગંગારામે સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : 'ગુરુદેવ, મારે કોઈ પણ સંજોગોમાં ઘરે પાછા નથી જવું, માટે આપ મને જો થોડા સમય માટે અન્ય સલામત સ્થળે મોકલી આપો તો મારા માથેથી આ ઉપાધિ ટળે.' તે સમયે સમૈયા નિમિત્તે સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધારેલા,

ગંગારામનો તીવ્ર વૈરાગ્ય જોઈને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ તેમને શ્રી ગુણાતીતાનંદ સ્વામી સાથે જૂનાગઢ જવાની આજ્ઞા કરી. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ગંગારામને ધરપત દેતાં કહ્યું : 'ગંગારામ, અહીં વડતાલમાં તો તમે પુરાણોનો અભ્યાસ કરો છો... પરંતુ જૂનાગઢમાં હું તમને પુરાણની સાથે કુરાનનો પણ અભ્યાસ કરાવડાવીશ.' અને સાચ્ચે જ જૂનાગઢમાં શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ગંગારામને એક વિદ્વાન મુસ્લિમ કાજી પાસે મુસ્લિમ ધર્મગ્રંથ કુરાનનો અભ્યાસ કરાવ્યો તેમ જ એક શાસ્ત્રજ્ઞ પંડિત રાખીને સંસ્કૃત વાઙ્મયનો વિશદ અભ્યાસ પણ કરાવ્યો.

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના સતત સહવાસ અને નિત્ય સમાગમથી ગંગારામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અનન્ય નિષ્ઠા અને ઊંડો ભક્તિભાવ જાગૃત થયા. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પણ અવારનવાર જૂનાગઢ પધારતા ત્યારે તેઓ શ્રીહરિના સર્વોપરી અવતારી સ્વરૂપની જે વાતો કરતા તે સાંભળી ગંગારામ તે જ્ઞાનને આત્મસાત્ કરી શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપમાં રસબસ થઈ મૂર્તિનું મહાસુખ માણતા. ધીરે ધીરે ગંગારામની અનન્ય ભક્તિનિષ્ઠા અને પ્રખર વિદ્વત્તાની સુવાસ સમસ્ત સંપ્રદાયમાં વ્યાપી ગઈ. ધ. ધુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પણ ગંગારામની નમ્ર વિદ્વત્તાપૂર્ણ વાણીથી અત્યંત પ્રસન્ન થતા.

સં. ૧૯૦૮માં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી સ્વધામ પધાર્યા બાદ તરત જ વૈશાખ વદ ૬ને સોમવારના શુભદિને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે ગંગારામને વડતાલમાં બ્રહ્મચારીની ભાગવતી દીક્ષા આપી તેમનું નામ 'અચિંત્યાનંદ

બ્રહ્મચારી' પાડ્યું. જોકે આચાર્યશ્રી બહુધા તેમને વર્ણીરાજ કહીને બોલાવતા હતા.

દીક્ષા ગ્રહણ કર્યા પછી વર્ણીરાજે રઘુવીરજી મહારાજ સાથે ઉમરેઠ જઈ પોતાના જ્ઞાનગુરુ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને શ્રદ્ધાંજલિ આપવાના મિષે શ્રી ગોપાળાનંદ સ્વામી કૃત ગીતાભાષ્ય ઉપર કથા કરી. શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીની આ કથાથી ઉમરેઠના વિદ્વાન બ્રાહ્મણોને પણ શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ગૂઢ રહસ્યોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થતાં તેઓ ખૂબ જ પ્રસન્ન થયા. એક વાર જૂનાગઢમાં સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી બ્રહ્મચારીજીએ એક જ વિષય ઉપર કલાકો સુધી જ્ઞાનવાર્તા કરીને ત્યાંના નાગરોના દિલ જીતી લીધા હતા. ભાવનગરના નાગરો તો અચિંત્યાનંદજીના વેદાંત ઉપરના પ્રવચનો સાંભળીને મંત્રમુગ્ધ બની ગયા હતા. વળી એક વાર શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીએ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના સાનિધ્યમાં જૂનાગઢના નવાબને કુરાનેશરીફની આયાતો સંભળાવી, તેનું વિશદ અર્થઘટન ઉપનિષદની ઋચાઓના સંદર્ભ સાથે કરી રામ અને રહીમ - ઈશ્વર અને અલ્લાહ એનું સમ્યક્ સામ્ય સમજાવ્યું ત્યારે નવાબ સાહેબ બ્રહ્મચારીની વિદ્વત્તા ઉપર વારી ગયા હતા. બ્રહ્મચારીજીની એ ખાસીયત હતી કે તેઓ જે રીતે હિન્દુઓને આપણા ધર્મશાસ્ત્રોની વાતો કરી સત્સંગ કરાવતા એ જ રીતે તેઓ મુસ્લિમ બિરાદરોને પણ કુરાન તથા સૂફી સંતોની વાતો કહીને સન્માર્ગે વાળતા.

આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞાથી શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીએ સં. ૧૯૧૩માં શ્રીહરિલીલાકલ્પતરુ

મહાકાવ્યની રચનાનો પ્રારંભ કરી બે વરસમાં એ ગ્રંથનું લેખનકાર્ય પૂર્ણ કર્યું. આ ગ્રંથના નિર્માણકાર્ય દરમ્યાન બ્રહ્મચારી દરરોજ બસ્સો શ્લોક રચતા, પરિણામે બે વર્ષના અંતે બાર સ્કંધ અને તેમાંના તેત્રીસ હજાર શ્લોક ધરાવતો મહાન ગ્રંથ તૈયાર થયો. આ ગ્રંથમાં કવિવર શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીએ શ્રીજીમહારાજના લીલાચરિત્રોની સાથે એમની સર્વોપરી ઉપાસનાનું ખૂબ જ સુંદર રીતે પ્રતિપાદન કર્યું છે. શ્રીહરિલીલાકલ્પતરુ મહાગ્રંથ એ ખરેખર તો મહાકવિ શ્રી અચિંત્યાનંદજીની સ્વામિનારાયણ સંપ્રદાયને મહામૂલી ભેટ છે! આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે આ ગ્રંથની 'રસબોધિની' નામની સંસ્કૃતમાં ટીકા લખેલી છે. બ્રહ્મચારીજીએ આ ગ્રંથ ઉપરાંત બીજા અનેક ગ્રંથો અને સ્તોત્રોની રચના કરેલી છે.

સં. ૧૯૩૦માં બ્રહ્મચારી ધ. ધુ. આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ સાથે ઉમરેઠ પધારેલા. એ અરસામાં ઉમરેઠમાં કૈલાસાનંદ નામનો એક શુષ્કવેદાંતી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અવૈદિક છે એવો અપપ્રચાર કરીને ત્યાંના હરિભક્તોને રંજાડતો હતો. કવિવર શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીએ સતત પાંચ વરસ સુધી ઉમરેઠમાં રહીને કૈલાસાનંદ સાથે શાસ્ત્રાર્થ દ્વારા તેનો પરાજય કરી ઉમરેઠમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો ડંકો વગાડી દીધો હતો.

વૃદ્ધાવસ્થામાં બ્રહ્મચારીને આંખે મોતિયો આવવાથી આંખોનું તેજ ક્ષીણ થઈ ગયું હતું. વડોદરાના એક મુસ્લિમ ડૉક્ટરે તેમની આંખનું ઓપરેશન કરીને તેમની અલભ્ય સેવાનો લાભ લીધો હતો. ઓપરેશન માટેની પોતાની ફી

લેવાનો અસ્વીકાર કરીને ડૉક્ટરે બ્રહ્મચારી પાસે માત્ર દુવાની માગણી કરી. કોઈકે બ્રહ્મચારીને કહ્યું કે ડૉક્ટરને કાંઈ સંતાન નથી, માટે તેમને પુત્ર થાય એવા આશીર્વાદ આપો. કહેવાય છે કે શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીના આશીર્વાદથી એ મુસ્લિમ ડૉક્ટરને એક પુત્રની પ્રાપ્તિ થઈ હતી.

છેલ્લી અવસ્થામાં બ્રહ્મચારી મહારાજને મધુપ્રમેહની તકલીફ થઈ હતી, પરિણામે તેઓ શરીરે અસ્વસ્થ રહેતા હતા. સં. ૧૯૪૦ના ફાગણ સુદ ૪ના દિવસે અચિંત્યાનંદ બ્રહ્મચારી સ્વતંત્રથકા વડતાલમાં અક્ષરવાસી થયા. પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે તેમને શ્રદ્ધાંજલિ અર્પતા 'શ્રીહરિલીલામૃતમ્'માં નોંધ્યું છે :

**'અચિંત્યાનંદાખ્ય પ્રવર વર્ણીના ગુણ કહુ,**
**ભલા યોગાભ્યાસી જગ થકી ઉદાસી દિલ બહુ.**
**કર્યાં કાવ્યો કેવા સુખકર સુધાસાગર સમાં,**
**સદા રાખી વૃત્તિ પ્રગટ પ્રભુ કેરા ભજનમાં.**
**કહે વાર્તા જ્યારે અમૃતરસ ત્યારે મુખ ઝરે,**
**વિરાગી ને ત્યાગી સકળ શ્રુતિના અર્થ ઉચ્ચરે.**
**સદાચારી સારી મતિ સુહિતકારી સહુતણી,**
**મુખી વિદ્વાનોના સકળ મુનિઓના શિરોમણિ.'**

કાવ્યકૃતિ :

**શ્રી નીલકંઠ! હરિકૃષ્ણ! હરે! દયાલો!**
**સ્વામિન્! પરાત્પર વરાક્ષરધામવાસિન્,**
**હારિપ્રસાદ! પુરુષોત્તમ! ધર્મપુત્ર!**
**નારાયણં સુખનિધિં પ્રણમામ્યહમ્ ત્વામ્.** ૧
**યદ્વદ્રમન્તિ પરમાણુગણા ગવાક્ષે,**

ભૂમન્નસંખ્યભુવનાનિ તથોદ્વજન્તિ;
ત્વદ્ધામરોમવિવરે નિખિલાર્તિહારિન્, નારાયણં. ૨
વિઘ્નાઘપૂગદલનસ્મરણં શરણ્યમ્,
યાષંડખંડનવિચક્ષણમાપ્તકામમ્;
શેષાગમશ્રુતિશિરોઽક્ષરમુક્તગીતમ્, નારાયણં. ૩
સંસારનીરનિધિમજ્જદસંખ્યજીવાન્,
નિર્હેત્વદભ્રદયયાદ્રુતમુદ્ધરન્તમ્;
અપ્રાકૃતાન્યતુલનોજ્જિતપુણ્યકીર્તિમ્, નારાયણં. ૪
નિર્દોષભક્તજનમુષ્ટમનંતકોટી-
બ્રહ્માંડજન્મપરિપાલનભંગલીલમ્;
કલ્યાણકારિસકલાચરિતં સ્વતંત્રમ્, નારાયણં. ૫
દિવ્યાજ્યુતાઽનવધિકાતિશયસ્વસિદ્ધ-
જ્ઞાનાદિસદ્‌ગુણનિધાનમનન્યસાન્યમ્;
એકાંતધર્મમવનૌ પરિપોષયન્તમ્, નારાયણં. ૬
વાક્યામૃતાબ્ધિપરિતર્પિતભક્તમતમ્,
સ્વીયાન્તરારિદલનાઽતુલનપ્રતાપમ્;
અજ્ઞાનસંજ્ઞતિમિરવ્રજહારિબોધમ્, નારાયણં. ૭
ઇન્દીવરાસિતમણીન્દ્રપયોદવર્ણ-
કોટીસ્મરસ્યવિભેદન દિવ્યરૂપમ્;
સંચિંતિતંપરમહંસગણૈરજસ્રમ્, નારાયણં. ૮

આસ્વાદ :

પ્રસ્તુત અષ્ટકના રચયિતા કવિવર શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રગણ્ય મહા પ્રાસાદિક મહાકવિ છે.

વસંતતિલકા છંદમાં રચાયેલા આ અષ્ટકમાં नारायणं

सुखनिधिं प्रगमाम्यहं त्वाम् એ ધ્રુવપંડિત છે. અષ્ટકના સર્વે શબ્દો ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રગલ્ભ મહિમા ગાવા માટે વિશેષણરૂપે પ્રયોજાયેલા છે.

અષ્ટકનો આરંભ કવિ 'શ્રી' શબ્દથી કરે છે. શ્રી એટલે યશ, સંપત્તિ, સત્તા, વિજય, વિદ્યા, સુખ અને શ્રેય આ સર્વે જેની પાસે છે તે મહાનુભાવ. લખવા ખાતર તો આપણે બધાના નામની આગળ શ્રી વિશેષણ લગાડીએ છીએ, પરંતુ શાસ્ત્રોક્ત દૃષ્ટિએ કેવળ પરમાત્મા જ શ્રી વિશેષણના અધિકારી છે.

કવિ કહે છે : જે શ્રી નીલકંઠ, હરિકૃષ્ણ, હરિ, દયાળુ, સ્વામી, પરાત્પર, વરવા યોગ્ય, અક્ષરધામમાં દિવ્ય સાકાર સ્વરૂપે નિવાસ કરનારા, હરિપ્રસાદ પાંડેના પુત્ર, પુરુષોત્તમ અર્થાત્ પ્રકૃતિપુરુષ પર્યંત સર્વ કોઈ માટે આરાધ્ય અને ઉપાસ્ય છે તથા ધર્મદેવના પુત્ર છે એવા સર્વસુખના નિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું.

જેમના ધામનાં રોમેરોમે અનંત કોટી બ્રહ્માંડો જેમ જાળીના છિદ્રમાંથી આવતા પ્રકાશના કિરણમાં અસંખ્ય પરમાણુઓ ઊડતા દેખાય છે તેમ ઊડતા ફરે છે અને જે પોતાના ભક્તજનોના સર્વ પ્રકારના દુઃખો દૂર કરનારા છે એવા સર્વ સુખના નિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું.

સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખ સાક્ષી પૂરે છે કે ભગવાન શ્રી સહજાનંદ સ્વામી કેટલા ભક્તવત્સલ અને દયાળુ હતા. પોતાના પટ્ટાભિષેક પ્રસંગે તેમણે ગુરુ રામાનંદ સ્વામી પાસે વર માગ્યો હતો કે મારા ભક્તોના ભાગ્યમાં

રામપાત્ર હોય તો તે મને મળે પરંતુ મારા ભક્તોને ક્યારેય કોઈ દુઃખ ન પડે. શ્રીજીમહારાજના આશ્રય માત્રથી જ ભક્તોના સર્વ પ્રકારના દુઃખ દૂર થઈ જાય છે.

અચિંત્યાનંદ વર્ણીરાજ પ્રાર્થે છે : જેમનું નામસ્મરણમાત્ર સર્વ પ્રકારના વિઘ્નો, તાપો અને પાપોનો નાશ કરે છે, જે અક્ષરબ્રહ્મ અને અક્ષરમુક્તો સહિત સર્વે માટે આશ્રય કરવા યોગ્ય છે. જેમનો સંકલ્પમાત્ર સર્વ પ્રકારનાં પાખંડોનો નાશ કરવા સમર્થ છે અને જેમનાં લીલાચરિત્રોના મહિમાનું ગાન શેષ, શારદા, શ્રુતિઓ અને અક્ષરમુક્તો નિત્ય કરે છે એવા સર્વ સુખના નિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું.

જે સંસારરૂપી સાગરના જળમાં ડૂબી રહેલા અસંખ્ય જીવોનો તદ્દન નિઃસ્વાર્થભાવે કેવળ દયાથી પ્રેરાઈને જલદી ઉદ્ધાર કરનારા છે, જેની યશકીર્તિને અક્ષરબ્રહ્મ પર્યંત કોઈ પહોંચી શકે તેમ નથી, જે દિવ્યાતિદિવ્ય અને સર્વોત્તમ પાવનકારી છે એવા સર્વ સુખના નિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું.

વર્ણીરાજ દ્વારા રચાયેલી આ પ્રાર્થના એક અદ્ભુત પ્રશસ્તિ ગાન છે. એના શ્લોકે શ્લોકે શ્રીજીમહારાજનો પ્રગલ્ભ મહિમા અંતરના ઊંડા ભક્તિભાવ દ્વારા ગવાયો છે.

કવિવર કહે છે : અનેક નિર્દોષ ભક્તોને સદા આનંદ આપનારા, અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપી લીલામાત્ર કરનારા, જેમના સર્વ પ્રકારના ચરિત્રો હંમેશાં કલ્યાણકારી જ છે, જે સર્વતંત્ર સ્વતંત્ર છે એવા સર્વે સુખના નિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું.

જે સદા દિવ્યાતિદિવ્ય છે, જે અદ્‌ભુત છે, જે સ્વયંસિદ્ધ છે, જે જ્ઞાન ઈત્યાદિ ગુણોના ભંડાર છે, જેમના સમાન અન્ય કોઈ નથી અને જે આ લોકમાં એકાંતિક ધર્મનું પરિપોષણ કરનારા છે એવા સર્વે સુખના નિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું.

પૃથ્વી ઉપર જેટલાં પણ સદ્‌ગુણો છે, જેટલાં પણ ઐશ્વર્ય છે, જેટલી પણ દિવ્યતા છે એ સર્વ પરમાત્મા પ્રેરિત છે. ભગવાન જેવું અન્ય કોઈ નથી. પરમાત્માના આશ્રય માત્રથી જ એકાંતિક કલ્યાણ અનાયાસે સિદ્ધ થાય છે. સર્વોપરી ઉપાસના એ જ કલ્યાણનો પરમ હેતુ છે.

સ. ગુ. શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારી કહે છે : જે પોતાના ભક્તજનોને જ્ઞાનોપદેશરૂપી વચનામૃત દ્વારા સદા સંતોષ અને આનંદ આપનારા છે, જે પોતાના આશ્રિતોના અંતઃશત્રુઓનો નાશ કરવાની અતુલિત શક્તિ ધરાવે છે અને જેમની વાણી અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનારી છે એવા સર્વે સુખના નિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું.

જેમના શરીરનો વર્ણ નવીન મેઘ સમાન શ્યામ છે, જેમનું રૂપ કોટી કામદેવોના ગર્વને હરી લે એવું દિવ્ય છે અને જેમના મહિમાનું ગામ એમના ભક્તો અખંડ કરી રહ્યા છે એવા સર્વે સુખના નિધિ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું.

શબ્દમાધુર્ય, પદલાલિત્ય, અર્થગાંભીર્ય તથા ગેયતાની દૃષ્ટિએ આ અષ્ટક દૃષ્ટાંતરૂપ છે.

## ૧૨

## સદ્ગુરુ શ્રી અવિનાશાનંદ બ્રહ્મચારી

શ્રીજીમહારાજ એકવાર અમદાવાદ પધાર્યા હતા. કાળુપુર વિસ્તારના નવાવાસમાં લીમડાના વૃક્ષ નીચે સભા ભરીને શ્રીહરિ વિરાજમાન હતા, ત્યારે વિરમગામના વિસનગરા નાગર વિપ્ર ભવાનીશંકર મનમાં એવો સંકલ્પ કરીને ત્યાં આવ્યા કે જો સહજાનંદ સ્વામી પોતાના બંને ચરણોમાં સોળે ચિહ્નો આબેહૂબ દર્શન કરાવે તો તેમને ભગવાન માનું. સંપ્રદાયની તવારીખમાં આવા તો સેંકડો દૃષ્ટાંતો નજરે ચડે છે જેમાં શ્રીજીમહારાજને પોતાના ભગવાનપણાના ડગલે ને પગલે પુરાવા આપવા પડ્યા છે, ત્યારે અસંખ્ય જીવોને તેમના સ્વરૂપનો નિશ્ચય અને ઉપાસના થયા છે. ભવાનીશંકર જેવા સભામાં આવ્યા તેવા જ મહારાજે તેમને નામ દઈને પોતાની પાસે બોલાવી પોતાના બંને ચરણારવિંદમાં સોળે સામુદ્રિક ચિહ્નો સુપેરે બતાવ્યા. પોતાનો સંકલ્પ સત્ય થતાં નાગર વિપ્ર શ્રીહરિના અનન્ય આશ્રિત બન્યા.

ભવાનીશંકરના પત્ની યમુનાબાઈ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ખ્યાતનામ જેતલપુરના ગંગામાની ભત્રીજી હતાં. ભવાનીશંકરને બે પુત્રો હતા. મોટા બાપાલાલ અને નાના મોતીલાલ. મોતીલાલ બાલ્યકાળથી જ વૈરાગ્યવાન હતા.

મોતીલાલ પાંચેક વરસના થયા ત્યારે ભવાનીશંકર કાયમ માટે વિરમગામ છોડી અમદાવાદ રહેવા આવી ગયા. પિતાએ નાનેરા મોતીને મયા મહેતાની પાઠશાળામાં ભણવા મૂક્યા. પ્રારંભિક શિક્ષણ પૂરું કર્યા પછી મોતીલાલે ખાડિયા પોલીસ ચોકી પાસે રહેતા બાપુ શાસ્ત્રી પાસે સંસ્કૃતનો વિશદ અભ્યાસ કર્યો.

મોતીલાલ પહેલેથી જ સ્વધર્મ-નિષ્ઠ અને કૃતનિશ્ચયી હતા. એક વાર એવું બન્યુંઃ નાગર જ્ઞાતિમાંથી નાતની વાડીમાં ઘરના સર્વેને જમવા જવાનું આમંત્રણ આવેલું. મોતીલાલે ઘરમાં કહી દીધું - હું નાતમાં જમવા નહિ આવું, ઘરે ખીચડી રાંધી ખાઈશ. તેમના ભાભીને આ ન ગમ્યું. મોતીલાલ ખીચડી જમવા બેઠા ત્યારે ભાભીએ ભવાનીશંકરના કાન ભંભેર્યા, તેથી ડોસાએ ગુસ્સે થઈ બેચાર કડવાં વેણ બોલી ખીચડીની થાળી પાછી ખેંચી લીધી. બસ આટલી અમથી વાતે જ મોતીલાલના અંતરમાં ચટકી વૈરાગ્ય પ્રેર્યો. તેઓ તત્કાળ ઘર છોડીને ચાલી નીકળ્યા.

ઘરેથી નીકળી મોતીલાલ સીધા જેતલપુર જઈ મંદિરમાં સદ્‌ગુરુ શ્રી આનંદાનંદ સ્વામી પાસે રહેવા લાગ્યા. ગંગામાને ભાળ મળતાં તેમણે યમુનાબાઈને કહેવડાવ્યું કે મોતી જેતલપુર છે, તેથી મા તાબડતોબ જેતલપુર આવી મોતીલાલને સમજાવીને અમદાવાદ પરત લઈ ગયા, પરંતુ આ બનાવથી મોતીલાલનું અંતર સંસારમાંથી સાવ ઊઠી ગયું.

કિશોરાવસ્થામાં ડગ માંડતાં જ મોતીલાલને યજ્ઞોપવિત

આપવાનું નક્કી થયું. વૈદિક સંસ્કાર કર્મ દરમ્યાન સામાજિક રિવાજ પ્રમાણે બટુકને ભિક્ષા પીરસવા તેમના સાસરિયા આવ્યા. એ વખતે બાળ બ્રહ્મચારી મોતીલાલે ભિક્ષાનો સાદર અસ્વીકાર કરી લગ્ન કરવા બાબત પોતાની અનિચ્છા દર્શાવી. આથી બડવો દોડાવીને તેમને બારોબાર કાળુપુર મંદિરમાં લઈ જવામાં આવ્યા.

માત્ર સોળ વરસની કુમાર અવસ્થાએ સં. ૧૯૦૬માં મોતીલાલને ધ.ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની નિશ્રામાં સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારીને સોંપવામાં આવ્યા. વાસુદેવાનંદ વર્ણીના સતત સહવાસમાં રહેવાથી મોતીલાલમાં સાહિત્ય પ્રત્યેની અદમ્ય અભિરુચિ અને પ્રબળ ભક્તિનિષ્ઠા જન્મ્યાં. એમના દૃઢ વૈરાગ્ય અને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયને નિહાળીને આચાર્યશ્રીએ એમને બ્રહ્મચારીની ભાગવતી દીક્ષા આપી એમનું નામ શ્રી અવિનાશાનંદ બ્રહ્મચારી પાડ્યું. કાવ્ય-સર્જન પ્રત્યેની એમની તીવ્ર અભીપ્સા જોઈને આચાર્ય મહારાજે તેમને ભુજની ખ્યાતનામ કાવ્યશાળામાં અભ્યાસાર્થે મોકલ્યા. ત્યાં પૂરા પાંચ વરસ રહીને તેમણે પિંગળશાસ્ત્રનો સઘન અભ્યાસ કર્યો. અંતરના ઉત્કટ ભક્તિ ભાવોને હવે તેઓ કાવ્યરૂપે કથિત કરવા લાગ્યા.

ભુજથી પરત અમદાવાદ આવ્યા બાદ તેઓ આચાર્યશ્રી સાથે મૂળી, વડતાલ, જેતલપુર તથા છપૈયાની ધર્મયાત્રામાં જોડાયા. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી પ્રત્યે તેમના અંતરમાં અનન્ય ગુરુભાવ હતો. બ્રહ્મચારીની દિનચર્યા એક ભક્તકવિની દિનચર્યા જેવી રહેતી. દરરોજ પ્રાતઃકાળે ચાર

વાગે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી નારાયણ ધુન્ય, માનસી પૂજા તથા પ્રભાતી કીર્તનોનું પ્રગલ્ભગાન કર્યા બાદ શૌચ-સ્નાનાદિ પતાવી તેઓ મંદિરની પ્રાતઃ સભામાં વચનામૃતની ચિંતન-કથા કરતા. સભા સંપન્ન થયા પછી તેઓ પોતાના આસને જઈ સ્લેટ-પેન લઈ નવા કાવ્ય-કીર્તનોની રચના કરતા. બપોરના ભોજન બાદ થોડી વાર વામકુક્ષી કર્યા પછી તેઓ ફરી વચનામૃત ગ્રંથનું વાચન-મનન કરતા. ત્યાર બાદ સવારે સ્લેટમાં જે નવું કાવ્ય રચ્યું હોય તેના ઉપર ઊંડું ચિંતન કરી તેને મઠારી પાકી નોંધપોથીમાં ઉતારતા. સાંજે સ્નાન સંધ્યા પતાવી મંદિરમાં સંધ્યા આરતી કરી વાળુ કરવા મંદિરના રસોડે જતા. ત્યાર બાદ સભામંડપમાં યોજાતી રાત્રી સભામાં પોતાના નવા રચેલા કાવ્ય-કીર્તન ગાઈ સંભળાવી તેનો વિચાર-વિસ્તાર કરતા. રાત્રે નિત્યનિયમથી પરવારી અડધો કલાક ધ્યાન કર્યા પછી રાત્રે દશના સુમારે તેઓ સૂઈ જતા.

શ્રી અવિનાશાનંદ બ્રહ્મચારી દેખાવે શ્રી બ્રહ્માનંદ સ્વામીની જેમ રુષ્ટપુષ્ટ હતા. તેમનું કાઠું નીચું અને બાંધી દડીનું હતું. તેઓ હાજરજવાબી અને સ્પષ્ટવક્તા હતા. તેમની પ્રકૃતિ ઉગ્ર અને ચહેરો તેજસ્વી હતો. એક વાર કાઠીયાવાડના એક દરબારે મજાકમાં તેમને ટોણો મારતાં કહ્યુંઃ ‘શા તોપના ગોળા જેવા બ્રહ્મચારી છે?’ એક પળનો પણ વિલંબ કર્યા વિના બ્રહ્મચારીએ દરબારને પરખાવ્યુંઃ ‘અમારા જેવા તોપના ગોળા ના હોત તો દરબાર, તમારા જેવા પાપના પહાડ તૂટત શી રીતે?’ દરબારની હાલત કાપો તો લોહી ના નીકળે એવી થઈ ગઈ.

કહેવાય છે કે એક વાર કવિશ્વર દલપતરામ બ્રહ્મચારીને મળવા કાળુપુરના મંદિરે આવેલા, ત્યારે વાતમાં વાત નીકળતાં દલપતરામે પૂછ્યું: 'બ્રહ્મચારી મહારાજ, નંદ સંત-કવિઓમાં આપના મતે સર્વશ્રેષ્ઠ કોણ?' દલપતરામનો આવો અણધાર્યો વિકટ પ્રશ્ન સાંભળી મુંઝાવાને બદલે મર્મમાં મલકી બ્રહ્મચારીએ શીઘ્ર કાવ્ય પંક્તિઓ રચી ઉત્તર આપતાં કહ્યું:

**'બ્રહ્મમુનિ કવિ ભાનુ સમ, પ્રેમ મુક્ત દોઉ ચંદ,**
**ઓર કવિ ઉડુગણ સમ, કહે કવિ અવિનાશાનંદ.'**

દલપતરામ જેવા સિદ્ધહસ્ત કવિ પણ બ્રહ્મચારીનો આવો જડબાતોડ જવાબ સાંભળીને દંગ થઈ ગયા.

કવિરાજ અવિનાશાનંદ બ્રહ્મચારીની સત્સંગ-સાહિત્ય સેવા અદ્‌ભુત હતી. તેમણે હરિરસ, વાસુદેવ માહાત્મ્ય, નિષ્કામ શુદ્ધિ, કવિપ્રિયા ઇત્યાદિ ગ્રંથો રચ્યાં છે. તેમનું એક કાવ્ય અવધવિરહ ઉચ્ચ કોટીનું સાબિત થયું હતું. તેમના એક કાવ્ય 'લાંઘણજ લીલા'માં શ્રીજીમહારાજે લાંઘણજમાં કરેલા ચરિત્રોનો રસમય ઇતિહાસ છે. 'છપૈયા માહાત્મ્ય' નામના તેમના કાવ્યમાં તેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણની જન્મભૂમિ છપૈયાનું અગાધ માહાત્મ્ય સુંદર રીતે ગાયું છે. તેમની મોટામાં મોટી સાહિત્ય સેવા તો એ છે કે તેમણે હરિલીલાસિંધુના સાત રત્નો ઉત્તર ગુજરાતમાં એકાંતવાસ સેવીને નવ વરસમાં પૂરા કર્યાં હતાં.

બ્રહ્મચારી માણસા મંદિરમાં મહંતપદે પણ થોડો સમય રહ્યાં હતાં. ત્યાર બાદ તેઓ મકાખાડ અને માણેકપર એ બંને પાસપાસેના ગામોમાં ઘણું રહ્યાં. સં. ૧૯૩૯ના માગશર

વદ ત્રીજના દિવસે માત્ર ૪૯ વર્ષની ઉંમરે બ્રહ્મચારીએ વરસોડા ગામમાં દેહોત્સવ કર્યો. ત્યાં એમના દેહોત્સર્ગના સ્થાને ઝાંઝરીના કિનારે એમના સ્મારક સ્વરૂપે ઓટો આજે પણ વિદ્યમાન છે.

**કાવ્યકૃતિ :**

**અનિહાંરે ખેલત રંગ હોરી રે,**
**સહજાનંદ જગવંદ ખે.ટેક**
**બસન બસંતી લસંતિ બિહારી,**
**ધારે ધરમ ધુર ધોરી રે. ખે.૧**
**કેસર કુમકુમ અંગ અરગજા,**
**છિરકત રંગ બરજોરી રે. ખે.૨**
**રંગમેં રોરત રંગ રેલ રસિલે,**
**કેસર ગાગર ઘોરી રે. ખે.૩**
**અવિનાશાનંદ મરક કિયે રંગમેં,**
**ચંચલ જન ચીત્ત ચોરી રે. ખે.૪**

**આસ્વાદ :**

કવિરાજ અવિનાશાનંદ બ્રહ્મચારીએ પ્રસ્તુત હોળીપદમાં પોતાના પ્રિયતમ સ્વામી શ્રી સહજાનંદજીની ધ્યાનાકર્ષક હોળીખેલન રસિકક્રીડાનું રોચક નિરૂપણ કર્યું છે.

'અનિહાંરે'નો ઉપાડ અહીં ભાવના લાલિત્યને પોષક થાય છે. એ લહેકો કવિના અતૃપ્ત અંતરના ઉત્કટ દર્શનોલ્લાસને પ્રગલ્ભપણે અભિવ્યક્ત કરે છે. પહેલી જ પંક્તિમાં કવિ પોતાના ઇષ્ટદેવ સહજાનંદ સ્વામીને 'જગવંદ' જેવા વિશેષણથી નવાજી એમના પ્રત્યેના પોતાના અનન્ય પ્રેમ અને અપરિમિત આદરભાવને દર્શાવે છે.

**બસન બસંતી લસંતિ બિહારી,**
**ધારે ધરમ ધુર ધોરી...**

અહીં વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસનો સુભગ સમન્વય કરીને કવિએ ભાવનું તીવ્ર સ્પંદન પ્રગટાવ્યું છે. વાસંતી વસ્ત્રોમાં શોભતા શ્રીહરિને કવિ ધર્મધુરંધર કહીને બિરદાવે છે. સદ્ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ અન્યત્ર લખ્યું છે: **'તમ વિના ધર્મધુર જેહ રે, બીજા થકી ન ઉપડે તેહ રે.'**

ધર્મની ધુરા ધારણ કરવી એ સ્વયં પરમાત્મા અથવા પરમાત્મા પાસેથી આદેશપ્રાપ્ત વ્યક્તિ સિવાય શક્ય નથી.

કસુંબલ વાસંતી વસ્ત્રોમાં સજ્જ થઈને શ્રીહરિ પોતાના પ્રેમી ભક્તો સાથે રંગલીલા રમવાનો પ્રારંભ કરે છે. એક બાજુ એકલા અવિનાશી અને બીજી બાજુ ભાવનાની રસસમાધિમાં રસબસ સંત સમાજ. છતાં પણ પ્રભુ એ સર્વેને બળપૂર્વક પોતાના કેસરવર્ણા કેસૂડાંના રંગમાં રંગીને રસબસ કરી નાખે છે. ચારેબાજુ રંગની ધૂમ મચી છે. શૃંગાર રસ એની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે.

**રંગમેં રોરત રંગ રેલ રસિલે,**
**કેસર ગાગર ઘોરી રે...**

વેદોમાં પરમાત્માને **रसो वै सः ।** કહ્યાં છે. પરાત્પર પરબ્રહ્મ રસરૂપ છે, આનંદસ્વરૂપ છે. એમના સાન્નિધ્યમાં આનંદરસના ઓઘ ઉતરે છે. કવિને લાગે છે કે જાણે કેસર ઘોળીને એના રંગથી ભરેલી ગાગર પ્રભુ એમના ઉપર ઢોળીને એમને પોતાના રસમય સ્વરૂપના આનંદરસમાં તરબોળ કરી દે છે. શ્રીહરિની રંગલીલાનું દર્શન અનાયાસે ચિત્તને પ્રભુના સ્વરૂપમાં ગરકાવ કરી દે છે.

શ્રીજીમહારાજની રંગલીલાનું આધ્યાત્મિક રહસ્ય સમજવા જેવું છે. કેસર, કુમકુમ, અબીલ, ગુલાલ ઇત્યાદિ રંગો મુમુક્ષુની આધ્યાત્મિક અભીપ્સાના પ્રતીક છે. પરમાત્મા ભાવુક ભક્તોની અલૌકિક અભીપ્સાઓને સંતોષી એમને પોતાના દિવ્ય સ્વરૂપમાંથી નિષ્પન્ન થતા અનિવર્ચનીય આનંદમાં રસબસ કરી દે છે. હોળી ખેલન ક્રીડા એટલે બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચેની અલૌકિક આનંદલીલા. અક્ષરધામમાં તો આવો રંગોત્સવ મહારાજ અને મુક્તો વચ્ચે અખંડ અને અવિરતપણે અનાદિકાળથી ચાલ્યા જ કરે છે!

કાફી હોરી રાગમાં તરજ બાંધીને ગવાતું આ પદ અવિનાશાનંદની રસિક રચના છે.

# ૧૩

## સદ્‌ગુરુ શ્રી નિષ્કામાનંદ બ્રહ્મચારી

શ્રીજીમહારાજે ધોલેરામાં શ્રી મદનમોહનજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારે તેમણે વરુણીમાં ધોલેરાના પવિત્ર અને વિદ્વાન બ્રાહ્મણ નાગજીભાઈ દવે તથા તેમના ત્રણે પુત્રો વિરજીભાઈ, દેવેશ્વરભાઈ અને ઘેલાભાઈને બેસાડ્યા હતા. દેવેશ્વર બાલ્યકાળથી જ અત્યંત વૈરાગ્યવાન, જ્ઞાની અને ભગવદીય હતા. સંતોના સતત સહવાસથી તેમના અંતરમાં સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્યની ઉત્પત્તિ થઈ. તેમણે ત્યાગી થઈને સંપ્રદાયની સેવા કરવાનો પોતાનો સદ્‌વિચાર પોતાના કુટુંબીજનોને જણાવ્યો. પરિવારજનોએ રાજીખુશીથી તેમને ત્યાગી થવા માટે સંમતિ આપી. એટલું જ નહિ, તેમના પિતાશ્રી નાગજીભાઈ દવે તો તેમને લઈને વડતાલ આવ્યા ને સ્વહસ્તે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને દેવેશ્વરનો હાથ સોંપી તેમને બ્રહ્મચારીની ભાગવતી દીક્ષા આપવા ભલામણ કરી. આચાર્યમહારાજે દેવેશ્વરમાં ત્યાગી થવા માટેની ઉત્તમ યોગ્યતા ચકાસી તેમને બ્રહ્મચારીની દીક્ષા આપી તેમનું નામ 'નિષ્કામાનંદ' પાડ્યું.

દીક્ષા ગ્રહણ કર્યા બાદ નિષ્કામાનંદ બ્રહ્મચારી વડતાલ મંદિરમાં સ. ગુ. શ્રી નારાયણાનંદ બ્રહ્મચારીના શિષ્ય થઈને તેમની પાસે રહીને સેવા-સમાગમ તથા દેવસેવા કરતા.

પૂર્વાશ્રમમાં જ સંસ્કૃત વાઙ્મયનો તલસ્પર્શી અભ્યાસ કરેલો હોવાથી બ્રહ્મચારી થયા બાદ થોડા સમયમાં જ સંપ્રદાયના શાસ્ત્રોમાં પ્રાવિણ્ય પ્રાપ્ત કરી તેઓ સમગ્ર સત્સંગમાં વિદ્વાન વક્તા અને કુશળ કવિ તરીકે ખ્યાતનામ થયા. તેમણે રચેલ સુંદર સંસ્કૃત સ્તોત્ર અષ્ટકોમાં હર હર ગોપીનાથ... એક અનેરી ભાત પાડે છે.

ધ. ધૂ. શ્રી વિહારીલાલજી મહારાજના સમયમાં વડતાલ દેશમાં જે વિદ્વાન સંતરત્નો વિદ્યમાન હતા તેમાં શ્રી નિષ્કામાનંદ બ્રહ્મચારીનું નામ પણ ગૌરવભેર ગણાતું. 'શ્રીહરિલીલામૃતમ્'ની રચના વખતે આચાર્ય મહારાજે જે નવ વિદ્વાન સંતોને સલાહ સૂચન માટે આમંત્રેલા તેમાં શ્રી નિષ્કામાનંદ બ્રહ્મચારી એક હતા.

સત્સંગ સાહિત્યની આજીવન અજોડ સેવા કરી અનેક જીવોને આત્યંતિક કલ્યાણના માર્ગે લઈ જનાર સંતવર્ય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શ્રી નિષ્કામાનંદજી સં. ૧૯૫૭ના જેઠ વદ આઠમે વડતાલમાં સ્વધામે સિધાવ્યા.

**કાવ્યકૃતિ : (રાગ - ઠૂમરી)**

**હર હર ગોપીનાથ! મમ કષ્ટમ્ હર હર ગોપીનાથ (ધ્રુવપદમ્)**
**સુરનરમુનિવર! જલધરસુંદર! મારમહામદમાર! મમ. ૧**
**રાજીવલોચન! પાપવિમોચન! દુર્ગપુરી સુવિહાર! મમ. ૨**
**હાટકભૂષણ! હતજનદૂષણ! દિવ્યગુણાલયસાર! મમ. ૩**
**વૃષકુલનાયક! સુરસુખદાયક! કુન્દકુસુમશુભહાર! મમ. ૪**
**મંગલકારણ! ગતિજિતવારણ! પ્રેમવતિસુકુમાર! મમ. ૫**
**માનસમોદન! દિતિસુતરોદન! ભૂમિનિવારિતભાર! મમ. ૬**
**વિશ્વવિભાવન! દુર્મતિપાવન! કાલદવાનલહાર! મમ. ૭**

**સુરકુલરંજન! નિત્યનિરંજન! ભાનુસુતાવિતનાર! મમ. ૮**
**બ્રહ્મપુરાસન! જનહિતશાસન! નિષ્કામાનંદનિધાન! મમ. ૯**

**આસ્વાદ :**

સદ્‌ગુરુ શ્રી નિષ્કામાનંદ બ્રહ્મચારી રચિત પ્રસ્તુત સ્તોત્રની બંદિશ કોઈ છંદમાં નહિ પરંતુ શાસ્ત્રીય સંગીત ઉપર આધારિત ઠૂમરી રાગમાં કરવામાં આવેલી છે. આ ઠૂમરીનો રાગ કાફીના સ્વરો યુક્ત છે. તેના સ્વર અને તાલ અત્યંત મધુર અને કર્ણપ્રિય છે.

સ્તોત્રનો ઉપાડ હર હર ગોપીનાથ... એવા પ્રગલ્ભ પોકાર સાથે થાય છે. ગોપીનાથનો સીધો શબ્દાર્થ તો વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણ એવો થાય છે, પરંતુ અહીં કવિને એ અર્થ અભિપ્રેત નથી. જ્યારે ગઢપુરમાં શ્રી ગોપીનાથજીની મૂર્તિ નારાયણજીભાઈ નામના શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત અને કુશળ શિલ્પકાર ઘડતા હતા ત્યારે એમની સામે મોડેલ તરીકે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં બિરાજ્યા હતા. શિલ્પીએ શ્રીહરિના અંગોઅંગને પ્રત્યક્ષ નીરખી-માપીને તેમની પ્રતિકૃતિરૂપે શ્રી ગોપીનાથજીની મૂર્તિ કંડારી છે. શ્રી ગોપીનાથજીની પ્રાણપ્રતિષ્ઠા બાદ શ્રીજીમહારાજે સૌ સંત હરિભક્તોની સભામાં જાહેરમાં એવું કહ્યું હતું કે આ ગોપીનાથજીની મૂર્તિમાં અમે અખંડ રહ્યા છીએ. તેથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'ગોપીનાથ' એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણ એવો અર્થ સર્વે સત્સંગીઓની સમજણમાં દઢપણે પ્રવર્તે છે.

કવિ આરતભર્યા અંતરે આજીજીપૂર્વક અવિનાશી અલબેલ ભગવાન શ્રી સ્વામિનારાયણને વારંવાર વિનવતા કહે છે કે

હે મહારાજ! મારા કષ્ટ તમે કાપો. કવિના મતે કષ્ટ એટલે કેવળ ત્રિવિધ તાપ યાને આધિ, વ્યાધિ અને ઉપાધિ જ નહિ પરંતુ અનેક જન્મોની સંસૃતિરૂપ અજ્ઞાન, કર્મપાશ અને વાસનાનું કષ્ટ પણ એમાં સમાવિષ્ટ છે. સ્તોત્રના પ્રત્યેક ચરણમાં ભગવાનના સ્વરૂપના વિશેષણરૂપે અનેક નામો વપરાયા છે.

દેવો, મનુષ્યો તથા ઋષિમુનિઓ સર્વેને જે વરવા યોગ્ય છે, જે જળ ભરેલા નવીન મેઘ સમાન શ્યામસુંદર છે, જેમણે એકલાએ જ કામદેવનો મદ ઉતાર્યો છે એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ! તમે કૃપા કરીને મારું કષ્ટ તત્કાળ દૂર કરો.

જેમનાં નેત્રો પૂર્ણ વિકસિત કમળ સમાન છે, જે પોતાના આશ્રિતોને સર્વ પ્રકારનાં પાપોથી મુક્ત કરનારા છે, તથા જે ગઢપુરમાં નિવાસ કરીને રહેલા છે એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ! તમે કૃપા કરીને મારું કષ્ટ દૂર કરો.

ભક્તજનોના લાલનપાલન માટે જેમણે સુવર્ણ અને રત્નોના આભુષણ ધારણ કરેલા છે, પોતાના આશ્રિતજનોના દોષમાત્રનો જેમણે નાશ કરેલો છે અને જે અનંત કલ્યાણકારી દિવ્ય ગુણોના ધામરૂપ સાર છે એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ! તમે કૃપા કરીને મારું કષ્ટ તત્કાળ દૂર કરો.

જે ધર્મકુળમાં શ્રેષ્ઠ છે, સત્પુરુષોને માટે જે હંમેશાં સુખદાયક છે અને જેમણે કંઠમાં દાડમના પુષ્પોના હાર ધારણ કરેલા છે એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ! તમે કૃપા કરીને મારું કષ્ટ તત્કાળ દૂર કરો.

જે સર્વનું સર્વ પ્રકારે મંગળ કરનારા છે, જેમની ચાલ હાથીની ચાલ કરતાં પણ મસ્ત છે, અને જે પ્રેમવતી યાને ભક્તિદેવીના પુત્ર છે એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ! તમે મારું સર્વ પ્રકારના કષ્ટથી રક્ષણ કરો.

મુમુક્ષુમાત્ર માટે જે પરમાનંદનું કારણ છે, જે આસુરી સંપત્તિવાળા દુષ્ટજનોનો પરાભવ કરનારા છે અને જે અધર્મસર્ગનો ઉચ્છેદ કરી પૃથ્વી ઉપરથી પાપનો ભાર નિવારનારા છે એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ! તમે મારું કષ્ટ કૃપા કરીને હરો.

જે અનંત કોટી બ્રહ્માંડોને ધારણ કરીને નિભાવનારા છે, જે દુષ્ટ બુદ્ધિવાળા અસુરોને પણ અહૈતુકી કૃપા દાખવીને પાવન કરનારા છે અને જે કાળના પણ મહાકાળ છે એવા હે શ્રીજીમહારાજ! તમે કૃપા કરીને મારું કષ્ટ કાપો.

જે સત્પુરુષોને આનંદ આપનારા છે, જે નિત્ય છે, જે નિરંજન અર્થાત્ માયામાં પ્રવેશ કરવા છતાં માયાથી હંમેશાં અલિપ્ત રહે છે અને જે મૃત્યુના ભયથી પોતાના આશ્રિતોનું રક્ષણ કરનારા છે એવા શ્રીહરિ! તમે મારું સર્વ પ્રકારના કષ્ટથી કૃપા કરીને રક્ષણ કરો.

જે બ્રહ્મપુર, અક્ષરધામ, ચિદાકાશ ઇત્યાદિ નામોથી ઓળખાતા દિવ્ય ધામમાં નિત્ય વસે છે, જેમનું જીવન, અવતરણ અને ચરિત્ર સ્વભક્તોના લૌકિક અને પરલૌકિક હિત માટે જ હતું અને જે કવિ શ્રી નિષ્કામાનંદ બ્રહ્મચારીનું આશ્રયસ્થાન છે એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ! આપ કૃપા કરીને મને સર્વ પ્રકારના કષ્ટમાંથી મુક્ત કરો.

ગેયતા અને માધુર્યની દૃષ્ટિએ આ ઠૂમરી અત્યંત રોચક

છે. એમાં માત્ર શબ્દમાધુર્ય કે પદલાલિત્ય જ નથી પરંતુ અર્થગાંભીર્ય પણ એટલું જ અનોખું છે. સંપ્રદાયના સાહિત્યમાં આ સ્તોત્ર એક અનેરું સ્થાન ધરાવે છે.

# ૧૪

## પંડિત દીનાનાથ ભટ્ટ

આષાઢી સં. ૧૮૬૩માં દિપોત્સવી પર્વ પ્રસંગે શ્રીજીમહારાજે ગઢપુરમાં દાદાના દરબારમાં વાસુદેવનારાયણની મૂર્તિ સમક્ષ અન્નકૂટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવ્યો હતો. સૌથી ઉલ્લેખનીય વાત તો એ છે કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં આ સૌથી પહેલો અન્નકૂટોત્સવ હતો. શ્રીજીના સુખદ સાંન્નિધ્યમાં સૌએ ખૂબ ઉત્સાહભેર આ મહોત્સવ ઉજવ્યો ને માણ્યો. અન્નકૂટ દર્શન બાદ શ્રીહરિ થાળ જમવા પધાર્યા અને પછી એમણે જ સ્વહસ્તે પીરસીને સર્વે સંતોને પ્રેમપૂર્વક જમાડ્યા. તમામ પરમહંસોને જમાડ્યા પછી મહારાજે ત્યાં જ સભા કરી. સભામાં કથા-કીર્તન થતા હતા એટલામાં બહારગામનો એક બ્રાહ્મણ ત્યાં દર્શને આવ્યો. તેના પહેરવેશ ઉપરથી તે સ્પષ્ટપણે ગુજરાતી વર્તાતો હતો. ગોઠણ સુધી લાંબુ અંગરખુ, માથે ગુજરાતી પાઘડી, કપાળમાં ત્રિપુંડ્ર, ગળામાં રુદ્રાક્ષની માળા અને ખભે ખેસ! સભામાં બિરાજમાન શ્રીહરિને નિરખીને એ સ્થિર થઈ ગયો હોય એમ લાગતું હતું. મહારાજે એને આવકાર્યો. સભાએ માર્ગ કરી દીધો એટલે વિપ્રે શ્રીહરિ સન્મુખ જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પ્રણામ કરીને વિપ્ર બે હાથ જોડીને શ્રીહરિની સમીપ

જઈ બેઠો ત્યાં તો દિવ્યતેજના મહાપુંજ વચ્ચે સુંદર શ્વેતસિંહાસન ઉપર પ્રભુના અલૌકિક તેજોમય સ્વરૂપે એને દર્શન થયા. પરમાત્માના દિવ્ય દર્શન થતાં જ તેના મુખમાંથી સ્તુતિના શબ્દો સરી પડ્યા,

'महातेजःपुंज स्फुरदमभसिंहासनपरे ।
स्थितं सर्वाधीशं नरवकिरणविद्योतितसभम् ।।'

શ્રીહરિએ તેમના મસ્તક ઉપર પોતાનો અભય હાથ મૂક્યો. પછી પૂછ્યુંઃ 'વિપ્રવર્ય! આપ ક્યાંથી પધારો છો? આપનું શુભ નામ શું છે?' બ્રાહ્મણે સજળ નેત્રે હાથ જોડીને કહ્યુંઃ 'પ્રભુ! હું ગુજરાતમાં ભરુચ પાસે આવેલા આમોદ ગામનો વતની છું. જન્મે બ્રાહ્મણ છું ને નામ દીનાનાથ ભટ્ટ છે! સૌરાષ્ટ્રમાં ભગવાન પ્રગટ્યા છે એવી વાત સાંભળી વિચાર થયો કે મારી વિદ્વત્તાથી ભગવાનની કસોટી કરવી, કેટલાય અટપટા પ્રશ્નો પૂછવાના મનસૂબા ઘડીને, પ્રભુ - હું અહીં આવ્યો પણ આપના દર્શન થતાં જ અંતરમાં શાંતિ થઈ ગઈ અને વગર પૂછ્યે મને બધા જ જવાબ મળી ગયા. હવે તો બસ એ જ પ્રાર્થના છે પ્રભુ, કૃપા કરીને મને આપનો આશ્રિત કરો.'

મહારાજ ભટ્ટજીની આર્તપ્રાર્થના સાંભળી બહુ રાજી થયા અને એમને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા.

દીનાનાથ ભટ્ટ સંસ્કૃતના પ્રખર પંડિત હતા. શ્રીમદ્ ભાગવત જેવા કેટલાક સત્શાસ્ત્રો એમને કંઠસ્થ હતા. જ્યોતિષવિદ્યાનું પણ સારું જ્ઞાન તેઓ ધરાવતા હતા. એકવાર મહારાજે એમને પૂછ્યુંઃ 'ભટ્ટજી, તમે શ્રીમદ્ ભાગવતના કેટલા શ્લોક કંઠસ્થ કર્યા છે?'

દીનાનાથે ગર્વથી જવાબ આપ્યો, 'મહારાજ, વધુ નહિ પણ ૧૮૦૦૦ શ્લોક તો કંઠસ્થ છે!'

મહારાજે વળી આગળ પૂછયુંઃ 'એમાંથી તમારા કલ્યાણ માટે કેટલા શ્લોક તમે માન્યા છે?'

ભટ્ટજી તો આ સાંભળી વિચારમાં પડી ગયા. મહારાજે આ તો ગજબ પૂછી નાંખ્યું. આવા પ્રખર પંડિતે પણ આ બાબતનો કદી વિચાર સુદ્ધા નહોતો કર્યો!

ભટ્ટજીએ તો નિષ્કપટભાવે કહી દીધુંઃ 'મહારાજ! એ તો મેં નથી તપાસ્યું.'

મહારાજે ઘણીવાર ભટ્ટજીને ભરીસભામાં નવા નવા ભારે વસ્ત્રો આપીને તેમના ઉપર પોતાની પ્રસન્નતા બતાવેલી. છતાં પણ કુસંગના દોષો યા વિદ્યાના ગર્વે દીનાનાથજીને એકવાર શ્રીજીથી અળગા કર્યા હતા. મહારાજે શિક્ષાપત્રી લખી એમાં પોતાના આશ્રિત તરીકે ગૃહસ્થોમાં મયારામ ભટ્ટનું નામ લખ્યું એથી દીનાનાથને મનમાં ઓછું આવેલું. એમને થયેલું કે મહારાજે સત્સંગી સંસારીઓમાં મયારામને પ્રતિનિધિ માન્યા અને મને નહિ! મયારામ તો અભણ છે ને મારા જેવા વિદ્વાનની બસ આટલી કદર? એ સમયે નિર્વિકલ્પાનંદ નામના એક શાસ્ત્રી સાધુ પોતાની વિદ્વત્તાના ઘમંડને કારણે સત્સંગમાંથી નિકળી ગયા હતા. એમણે દીનાનાથને બરાબર ભરમાવ્યા. એ પછી દીનાનાથના મનમાં મહારાજ માટે અભાવ પેસી ગયો અને એમણે દર્શને આવવાનું સદંતર બંધ કરી દીધું.

બનવાકાળ એ પછી એવું બન્યું કે એમની દીકરી યમુનાને વળગાડ થયો. જાતજાતના મંત્રોપચાર કરવા છતાં એ ઉપદ્રવ

શાંત થયો નહિ. ઘરનાં સૌ મૂંઝાયા. વળગાડ પણ હઠીલો હતો. દિવસે દિવસે વધુ ને વધુ ત્રાસ આપવા લાગ્યો. એવામાં ભટ્ટજીને રસ્તામાં કોઈ સત્સંગી ભેટી ગયા. વાતમાં વાત નીકળતા તેમણે ભટ્ટજીને સૂચન કર્યું કે તમે મહારાજ પાસે જ જાવ ને! પ્રભુ તો કરૂણાનિધાન છે, એ બધું જ સારું કરી દેશે. દીનાનાથ દીકરીના દુઃખે અતિ વ્યાકુળ થઈ ગયા હતા, એમની ધીરજ હવે ખૂટી ગઈ હતી. મહારાજની યાદ આવતા એમની આંખો ભરાઈ આવી. એમને પોતાની ભૂલ પળમાં સમજાઈ ગઈ. સૂરજ સામે પોતે ધૂળ નાખવા ગયા અને એ ધૂળ પોતાની જ આંખોમાં પડી! એની જ આ કારમી વેદના છે, એમ હવે એમને સમજાઈ ચૂક્યું હતું. પ્રશ્ચાતાપના અગ્નિમાં અહં અને મત્સરના સર્વ દોષોને બાળીને તત્કાળ એ ગઢડા દોડી ગયા. શ્રીજીના ચરણોમાં ઢળી પડી ભટ્ટજી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. એમના પરમ પવિત્ર થયેલા હૃદયે શ્રીજીની સાચી શરણાગતિ આજે સ્વીકારી હતી, આ ઘડીએ સ્વીકારી હતી અને એટલે જ, એ પળે જ, એમના મુખમાંથી અનાયાશે ગુરુસ્તવનસ્તોત્રની કડીઓ શીઘ્ર રચના પામીને સરવા લાગી.

**'भवसंभवभीतिभेदनम् सुखसंपत्करुणानिकेतनम् ।**
**व्रतदानतपःक्रियाफलम् सहजानंदगुरुंभजे सदा ।।'**

મહારાજ દીનાનાથનું આ સ્તવન સાંભળી ખૂબ રાજી થયા. પછી જ્યારે ભટ્ટજીએ દીકરીની પરિસ્થિતિ અંગે મહારાજને પ્રાર્થના કરી ત્યારે મહારાજ કહે, 'બ્રાહ્મણને વળી ભૂત કેવું?'

દીનાનાથ કહે, 'પ્રભુ, ખૂબ દુઃખી થયો છું. હવે તો આપ

આમોદ પધારશો તો જ આ બલા ટળશે એમ લાગે છે!'

મહારાજ આ સાંભળી હસ્યા. પ્રભુ તો જાણતા જ હતા કે આને માન નડ્યું, મત્સરને કારણે અભાવ આણ્યો એ જ વળગાડ છે, હવે એ છૂટે એટલે લપ ટળે.

એમણે કહ્યું: 'આપણા મયારામ ભટ્ટ મોટા છે, એમને તેડી જજો.'

મયારામ ભટ્ટ આમોદ ગયા. એમણે ન્હાઈ ધોઈને પૂજા શરૂ કરી ત્યાં જ વળગાડે નાસવા માંડ્યું. નહિ કોઈ વિધિ ને નહિ કોઈ અનુષ્ઠાન! મયારામ ભટ્ટની ભક્તિનો પ્રભાવ જોઈને દીનાનાથ એમના ચરણમાં નમી પડ્યા. એમનું માન, ઈર્ષ્યા ને મત્સર વળગાડની સાથે જ વિદાય થઈ ગયા.

**કાવ્યકૃતિઃ**

**ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરુણાનિકેતનમ્;**
**વ્રતદાનતપઃક્રિયાફલં, સહજાનંદગુરું ભજે સદા ॥૧॥**
**કરુણામયચારુલોચનં, શરણાયાતજનાર્તિમોચનમ્;**
**પતિતોદ્ધારણાયતત્પરં, સહજાનંદગુરું ભજે સદા ॥૨॥**
**નિજતત્ત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વત એવ દુર્ગમમ્;**
**ઇતિ ચિન્ત્ય ગૃહિતવિગ્રહં, સહજાનંદગુરું ભજે સદા ॥૩॥**
**વિધિશંભુમુખૈરનિગ્રહં, ભવપાથોધિપરિભ્રમાકુલમ્;**
**અપિધાર્ય મનોનરપ્રભં, સહજાનંદગુરું ભજે સદા ॥૪॥**
**નિજપાદપયોજકીર્તનં, સતતંસ્યાદ્ભવજીવગોચરમ્;**
**ઇતિ યઃ કુરુતે ક્રતૂત્સવં, સહજાનંદગુરું ભજે સદા ॥૫॥**
**બહિરીક્ષણલોકમાનુષં, નિજદત્તાંબકદર્શિનાં હરિમ્;**
**ભજનીયપદં જગદ્ગુરું, સહજાનંદગુરું ભજે સદા ॥૬॥**
**શરણાગતપાપપર્વતં, ગણયિત્વા ન તદીયસદ્ગુણમ્;**

**અણુમપ્યતુલં હિ મન્યતે, સહજાનંદગુરું ભજે સદા ॥૭॥**
**ભવવારિધિમોક્ષસાધનં, ગુરુરાજપ્રકટસ્વસંગમમ્;**
**પ્રકટીકૃતવાન્ કૃપાવશઃ સહજાનંદગુરું ભજે સદા ॥૮॥**
**ભગવન્ ! કૃપયાત્વયાકૃતં, જનતાયામુપકારમીદૃશમ્;**
**ક્ષમતે પ્રતિકર્તુમત્ર કઃ, કુરુતે દીનજનસ્તતોંજલિમ્ ॥૯॥**

**આસ્વાદઃ**

માણસ જ્યારે પોતાના પ્રિયપાત્રથી વિખૂટો પડી વિયોગની વસમી વ્યથા ભોગવે છે, ત્યારે મહદ્અંશે વિરહના તાપમાં તેનું અંતર વ્યથિત થઈને વધુ ને વધુ પ્રિયતમમય બનતું જાય છે. વિરહના અતિરેકમાં ક્યારેક પ્રેમી મિલનનો આસ્વાદ માણે છે! પ્રભુના વિયોગે પ્રેમી ભક્તો પણ વિરહની વ્યથામાં જ વધુ ને વધુ પ્રભુ સમીપ પહોંચ્યા છે, વધુ ને વધુ પ્રભુમય બન્યાં છે. વિરહ પછીનું એ મિલન ભક્તના હૃદયના પ્રેમોત્કટ ભાવોને સહજપણે જ્યારે ઉમળકાભેર વ્યક્ત કરે છે, ત્યારે સાહિત્યમાં આવા હૃદયોત્કટ ભાવોને અભિવ્યક્ત કરવા માટે 'વિયોગિનીવૃત્ત' છંદ પ્રયોજાય છે.

પ્રસ્તુત સ્તોત્રની રચના વિયોગિનીવૃત્તમાં કરવામાં આવી છે તે આ સંદર્ભમાં યથાર્થ જ છે. પંડિતપ્રવર શાસ્ત્રી દીનાનાથ ભટ્ટને શ્રીજી માટે સહેજ અવળો સંકલ્પ થતાં, એ માનસિક દુષ્કૃત્યના પરિણામે વિમુખ બનેલા નિર્વિકલ્પાનંદનો એમને કુસંગ થયો અને એ કુસંગના રંગે ભટ્ટજી પણ સત્સંગથી વિમુખ બન્યા. પ્રભુથી વિમુખતા એ જ પ્રભુનો વિયોગ. પ્રભુના વિયોગે ભટ્ટજી સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિના ઝંઝાવાતમાં ફસાઈ ગયા. વ્યવહારમાં

કહેવાય છે ને કે 'દુઃખનું ઓસડ દહાડાં', પણ ભટ્ટજીનું દુઃખ કાંઈ આધિભૌતિક દુઃખ નહોતું, એ તો આધિદૈવિક દુઃખ હતું. એ દુઃખ તો શ્રીજી સિવાય કોણ ટાળી શકે? અંતે પ્રશ્ચાતાપના અશ્રુએ વિરહના એ તાપને શમાવ્યો અને ભટ્ટજી પુનઃ પ્રભુના આશ્રયે આવ્યા; ત્યારે એમના અંતરના ઉત્કટભાવો આ સ્તોત્રરૂપે વિયોગીનીવૃત્તમાં અભિવ્યક્તિ પામ્યા.

આ સ્તોત્ર નાનું પણ અર્થગંભીર છે. એમાં કવિ દીનાનાથ ભટ્ટ મુખ્ય વાત તો એ કહેવા માગે છે કે, શ્રી સહજાનંદ સ્વામી મારા ગુરુ છે તેથી એ ભગવાન છે એમ હું નથી કહેતો, પણ શ્રી સહજાનંદ વાસ્તવમાં પ્રગટ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે તેથી જ મેં એમને મારા ગુરુદેવ માન્યા છે.

કેટલાક લોકો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને ગુરુમુખી એટલે કે ગુરુને જ ભગવાન માનનારો પંથ કહે છે, પણ આ આક્ષેપ વજૂદ વિનાનો છે. સંપ્રદાયમાં ગુરુપદે તો રામાનંદ સ્વામી પણ બિરાજેલા હતા, પણ તેમને કોઈએ ભગવાન તરીકે નથી ઉપાસ્યા. ઊલટું ગુરુ રામાનંદ સ્વામીએ જ પોતાના શિષ્ય સહજાનંદ સ્વામીને પરબ્રહ્મ પ્રગટ પુરુષોત્તમરૂપે ઓળખાવેલા. સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ યાને સ્વામી સહજાનંદજી સ્વયં પ્રગટ પ્રમાણ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ છે અને તેથી જ તેમને 'પરમગુરુ' તરીકે ગણવામાં આવ્યા છે. કારણ કે, ભગવાન એ જ એકમાત્ર સર્વ ગુરુના ગુરુ છે.

સ્તોત્રના પહેલાં ત્રણ ચરણોઃ **सहजानंद गुरुं भजे सदा** એ

ધ્રૂવસૂત્રના વિશેષણો જેવા છે.

'**भवसंभवभीतिभेदनम्**'થી પ્રારંભાતા પ્રથમ ચરણમાં કવિ પોતાના ઇષ્ટ આરાધ્ય સ્વામી સહજાનંદજીની ગુરુરૂપે વંદના કરતા કહે છેઃ 'જે જન્મમરણરૂપી સંસૃતિની ભીતિનો નાશ કરનારા છે, જે સુખના ધામ છે, જે સંપત્તિ માત્રનું આશ્રયસ્થાન છે અને કરૂણાનિધાન છે, જે જાતજાતના વ્રતો, દાન અને તપરૂપી ક્રિયામાત્રનું ફલ છે, એવા મારા ગુરુરાજ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનું હું નિરંતર ભજન કરું છું.'

બીજા ચરણમાં કવિ કહે છેઃ 'જેમનાં નયનો કરુણાથી ભરેલાં છે, અને એ અતિ સુંદર છે, જે પોતાને શરણે આવેલા જીવને દુઃખમાત્રથી મુક્ત કરનારા છે, જે પાપી અને પતિતનો પણ ઉદ્ધાર કરવા હંમેશાં તત્પર છે, એવા મારા ગુરુરાજ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનું હું નિરંતર ભજન કરું છું.'

**निजतत्त्वपथावबोधनं जनतायाः स्वत एव दुर्गमम् ।**
**इति चिन्त्य गृहितविग्रहं, सहजानंदगुरुं भजे सदा ॥**

- 'વ્રત, દાન, તપ, ત્યાગ,યોગ, યજ્ઞ વગેરે જાતજાતનાં સાધનોકરવા છતાં, જેમના દિવ્ય અને સૂક્ષ્મ સ્વરૂપનું જ્ઞાન થવું યોગીજનો માટે પણ દુષ્કર છે, અર્થાત્ જે યજ્ઞાદિક ઉત્સવ સમૈયા કરે છે, એવા મારા ગુરુરાજ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનું હું નિરંતર ભજન કરું છું.'

ભગવાન પોતાના ભક્તજનોના લાલનપાલન અર્થે, અર્થાત્ ભક્તોના હૃદયની મનોકામનાઓ પૂર્ણ કરવા માટે જ મનુષ્ય શરીર ધારણ કરે છે અને મનુષ્યની જેમ વર્તે છે. પણ એ ખરેખર તો અક્ષરથી પણ પર, દિવ્યાતિત દિવ્ય છે.

તેથી જ ભગવાને આ રીતે ધારણ કરેલ મનુષ્યસ્વરૂપ અને અક્ષરધામસ્થ તેજોમય દિવ્યસાકાર સ્વરૂપ બંને (મહિમાની દૃષ્ટિએ) અભિન્ન એટલે કે એક જ છે. એવી નિર્વિકલ્પ નિશ્ચયાત્મિકા બુદ્ધિ થયા વિના આત્યંતિક કલ્યાણ થતું નથી. આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ માટે પ્રગટ ઉપાસના અત્યંત અનિવાર્ય છે. શ્રીજી મહારાજ તો સત્સંગમાં સદાય પ્રગટ જ છે અને એક એમનો જ દૃઢ આશ્રય પરમ કલ્યાણકારક છે.

'बहिरीक्षणलोकमानुषं......' એ ચરણમાં કવિ કહે છે: 'જે બ્રાહ્યદૃષ્ટિએ જોતાં મનુષ્યવત્ આચરણ કરે છે, પણ જેમને એમણે દૃષ્ટિ આપેલી છે, અર્થાત્ જેમના ઉપર એમની કૃપા ઉતરેલી છે એવા ભક્તજનો માટે, જેમનાં ચરણકમળ હંમેશાં ભજવા યોગ્ય છે અને જે ગુરુમાત્રના ગુરુ છે, એવા મારા ગુરુરાજ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનું હું નિરંતર ભજન કરું છું.'

'જે પોતાને શરણે આવેલા જીવોનાં પર્વત જેવાં પાપોના સમૂહને જોતા નથી, પણ એમનો અલ્પ સરખો સદ્ગુણ હોય તેને અતુલ માને છે અર્થાત્ મોટો માને છે, એવા મારા ગુરુરાજ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનું હું નિરંતર ભજન કરું છું.'

કૃપાનિધાન પ્રભુની ગદ્ગદભાવે વંદના ગાતા કવિ આગળ કથે છે:

'સંસારસાગર તરી જવા માટે યાને મોક્ષ માટેનું પરમ સાધન એ પ્રભુનું મનુષ્યરૂપે પ્રગટ થઈ જીવને પોતાના નિકટ રહેવાનો જે અલભ્ય યોગ આપવો એ જ છે. કૃપાવશ

થઈને જેણે પ્રગટ થઈ આ અલભ્ય યોગ ભક્તોને આપ્યો છે એવા મારા ગુરુરાજ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનું નિરંતર ભજન કરું છું.'

અંતે દીન બનીને બે હાથ જોડીને ભગવાનને ભવ્ય ભાવાંજલિ અર્પતા કવિ કહે છેઃ

'હે ભગવન્ ! મનુષ્યદેહ ધારણ કરીને સર્વજનોને દર્શન દેવારૂપી જે મહાઉપકાર જીવપ્રાણીમાત્ર ઉપર કરેલો છે, તેનો બદલો વાળવા માટે આ લોકમાં કોણ સમર્થ છે? કોઈ જ સમર્થ નથી. તેથી દીનજન એવો હું દીનાનાથ ભટ્ટ આપની સમક્ષ માત્ર હાથ જોડીને, હૃદયની અંજલિ આપતો, નમ્રભાવે ઊભો છું.'

દીનાનાથ ભટ્ટે પહેલવહેલા ગઢડામાં જ્યારે શ્રીજીમહારાજના દર્શન કરેલા, ત્યારે શરણાગતિના જે અનુપમ ભાવો એમના અંતરમાં સ્વયંભૂ પ્રગટેલા તેવા જ ભાવો આ પ્રસંગે પણ જાગ્યા એ જોગાનુજોગ ઉલ્લેખનીય ગણાય. 'महातेजःपुंज....' સ્તોત્રમાં પણ અંતે એ ગાય છે - 'ततो वंदे दीनस्तव पदयुगं दण्डवदहम् । અને આ સ્તોત્રમાં પણ અંતે એમણે લખ્યું કે - कुरुते दीनजनस्ततोऽञ्जभिम् । આ નાનકડાં સ્તોત્રના અર્થનો હૃદયના શુદ્ધભાવથી જેમ જેમ આસ્વાદ લેવાતો જાય છે, તેમ તેમ આનંદની માત્રા વધતી જાય છે.

# ૧૫

## સદ્‌ગુરુ શ્રી જગદીશાનંદ બ્રહ્મચારી

સદ્‌ગુરુ શ્રી જગદીશાનંદ બ્રહ્મચારીનો જન્મ સંવત ૧૯૨૨માં સૌરાષ્ટ્રના પિપલાણા ગામમાં પવિત્ર બ્રાહ્મણ મહેતા પરિવારમાં થયો હતો. તેઓ બાળપણથી જ અત્યંત ભગવદીય અને વૈરાગ્યવાન હતા. જૂનાગઢ મંદિરમાં વિદ્વત્‌વર્ય અચિંત્યાનંદ બ્રહ્મચારીનો અનાયાસે યોગ થતાં તેઓ બ્રહ્મચારી મહારાજની વિદ્વતા, સત્સંગપરાયણતા અને શ્રીજીમહારાજ પ્રત્યેની સર્વોપરી ઉપાસના તથા દૃઢનિષ્ઠાથી અત્યંત પ્રભાવિત થયા. તત્કાળ તેમણે સ. ગુ. શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીને પોતાના જ્ઞાનગુરુ તરીકે સ્વીકારી જીવનપર્યંત તેમની પાસે રહેવાનો નિર્ધાર કર્યો. ધ.ધૂ. આચાર્ય મહારાજ પાસેથી બ્રહ્મચારીની ભાગવતી દીક્ષા ગ્રહણ કર્યા પછી તેમણે શાસ્ત્ર, પુરાણ, વ્યાકરણ વગેરેનો અભ્યાસ કવિવર અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે કર્યો. વળી સં. ૧૯૫૩માં તેમણે રાજકોટના જીવણરામ શાસ્ત્રી પાસે સંસ્કૃત વાઙ્‌મયનો વિશદ વિદ્યાભ્યાસ કર્યો.

બ્રહ્મચારી જગદીશાનંદજી એક પ્રખર શાસ્ત્રજ્ઞ વિદ્વાન તો હતા જ, પરંતુ સાથે સાથે તેઓ એક સિદ્ધહસ્ત રસકવિ હતા. તેમની કાવ્યરચનાઓ 'રસિક પદ રચના' નામે પ્રકાશિત થયેલી છે. જગદીશાનંદજીને કવિવર દલપતરામ

સાથે ઘણું હેત હતું. પિંગળશાસ્ત્રનું પૂર્ણ જ્ઞાન તેમને દલપતરામ પાસેથી મળેલું. તેથી ગુરુ ઋણમાંથી મુક્ત થવા માટે બ્રહ્મચારીએ દલપતરામના ગુણાનુવાદ કરતો લઘુગ્રંથ 'દલપતબત્રીસી' રચ્યો જે સં. ૧૯૬૨માં રાજકોટથી પ્રસિદ્ધ થયો હતો.

જગદીશાનંદ બ્રહ્મચારીએ સત્સંગસાહિત્યની અણમોલ સેવા કરી છે. શ્રીજીમહારાજે પંચાળામાં જે રાસોત્સવ કર્યો તેનું વિશદ વર્ણન કરતો લઘુગ્રંથ 'પંચાળા-રાસોત્સવ' તથા શ્રીહરિની અંતર્ધ્યાન લીલાનું વર્ણન કરતો 'શ્રીહરિ દેહોત્સવ' ગ્રંથ તેમની અપ્રતિમ સત્સંગસેવાના જીવંત દૃષ્ટાંતો છે.

આ રીતે દેવસેવા, કથાવાર્તા અને સત્સંગ સાહિત્ય નિર્માણ દ્વારા સંપ્રદાયની અનેરી સેવા કરનાર બ્રહ્મનિષ્ઠ કવિ સદ્‌ગુરુ શ્રી જગદીશાનંદ બ્રહ્મચારી સં. ૧૯૬૮ના કારતક સુદ એકાદશીના દિવસે માણાવદરમાં અક્ષરધામમાં પધાર્યા.

**કાવ્યકૃતિ :**

**ધર્મકુંવર ક્યારે આવશો, વ્હાલા શ્યામ સુજાણ;**
**તમરે વિના મારા નાથજી, પડ્યા પરવશ પ્રાણ. ધર્મ.૧**
**વિરહે વ્યાકુળ ચિત્ત મારું, અતિશે અકળાય;**
**જીવન તમને જોયા વિના, ઘડી જંપ ન થાય. ધર્મ.૨**
**દિવસે તો દિલમાં ગોઠે નહિ, રાત રોઈ રોઈ જાય;**
**નેણે આંસુની ધારા વહે, ક્યાંય શાંતિ નવ થાય. ધર્મ.૩**
**મંદિર મોહન તમ વિના, ખાલી ખાવાને ધાય;**
**નિત્યે નિશ્વાસ મૂકું હરિ, કેમે દિવસ ન જાય. ધર્મ.૪**

**વાધે છે વિરહ વેદના, વ્હાલા જાણો જરૂર;**
**દુર્બળ દેહે ખમાય નહિ, ન થાય દુઃખડા દૂર. ધર્મ.૫**
**જેમ ચકોરને ચંદ્ર છે, તેમ તમે છો નાથ;**
**વણદીઠે અકળાઉં છું, ચિત્ત મારું તમ સાથ. ધર્મ.૬**
**દીનદયાળુ કહી સદા, નિગમાગમ ગાય;**
**દુઃખ દેખી શકો દાસનું, એ આશ્ચર્ય ગણાય. ધર્મ.૭**
**વિનંતી વ્હાલા સુણી મારી, શ્રીહરિ તતખેવ;**
**જીવન જગદીશાનંદના, દેજો દર્શન દેવ. ધર્મ.૮**

**આસ્વાદ :**

પ્રેમીભક્ત કવિ શ્રી જગદીશાનંદ બ્રહ્મચારી પ્રસ્તુત પદમાં પોતાના પ્રાણપ્યારા પ્રિયતમ સ્વેષ્ટ શ્રી સહજાનંદ સ્વામીના વિરહમાં વ્યાકુળ અંતરે મિલનનો મીઠો તલસાટ અભિવ્યક્ત કરે છે.

વિરહાનુભૂતિ પણ ઈશ્વરભક્તિનું એક અભિન્ન અંગ જ છે. જ્યાં સુધી પ્રેમીભક્ત પરમ વિરહાસક્તિ નથી અનુભવતો ત્યાં સુધી તેનો પ્રેમ નવધા ભક્તિની પરાકાષ્ઠારૂપ પ્રેમલક્ષણા ભક્તિના અંતિમ ચરણે નથી પહોંચતો. ખરેખર તો પરમ વિરહાસક્તિ એ જ પ્રભુપ્રેમની સર્વોચ્ચ અને મહત્ત્વપૂર્ણ અવસ્થા છે.

કવિનું હૈયું આજે પોતાના વ્હાલીડાના વિયોગે વ્યાકુળ બન્યું છે. પ્રીતમ વિના પ્રેમવિયોગી ભક્તના પ્રાણ પરવશ થયાં છે. પ્રાણાધાર પ્રભુના દર્શન વિના દિલને ચેન પડતું નથી. બેકરારીના અજંપામાં દિવસો વીતે છે, જ્યારે રાત્રિના એકાંતમાં વિરહની અકથ્ય વેદના આંસુઓની ધારાઓમાં ધોવાય છે. છતાંય અંતરમાં શાંતિની શીળી છાયા વર્તાતી

નથી. જ્યાં સુધી અંતરમાં પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર નથી થતો ત્યાં સુધી મનનું મંદિર માણિગરની મૂર્તિ વિના સાવ ખાલી ભાસે છે. સૂનું અંતર કવિને કઠે છે. એમની વિરહવેદના હવે માઝા મૂકે છે. કવિ રસિક પિયા મનોહર મૂર્તિ ઘનશ્યામ પ્રભુને આરતભર્યા અંતરે પોકારે છે : હે નાથ! આ દુર્બળ દેહ હવે વધુ વિરહની વેદના ખમી શકે તેમ નથી. જેમ ચાતક આતુર નયને ચંદ્રને નિરખ્યા કરે છે એમ હે પ્રીતમ! મારું અંતર અહોનિશ આપના દર્શન ઝંખ્યા કરે છે. વ્હાલા! મારું મનડું તો આપની રસિક રૂપમાધુરીએ હરી લીધું છે. વળી શાસ્ત્રોમાં આપને દીનદયાળુનું બિરુદ આપવામાં આવ્યું છે. છતાં પણ આપના આ દાસનું અસહ્ય દુઃખ આપ દેખી રહ્યા છો પણ દૂર નથી કરતા એ અત્યંત આશ્ચર્યની વાત છે. કૃપાનાથ! મારી અંતરની આટલી આરઝુ સ્વીકારી મને તત્કાળ દર્શન દેવા કૃપા કરશો.

કવિ જગદીશાનંદ બ્રહ્મચારીની પ્રસ્તુત વિરહવિભાવના કરુણાત્મક વિયોગશૃંગારનું જ્વલંત દૃષ્ટાંત છે. પદ સુગેય તથા પ્રાસાદિક છે.

# સંદર્ભગ્રંથ - સૂચિ


૧. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો - સંપા. શ્રી હરિજીવનદાસ શાસ્ત્રી
૨. અવિનાશાનંદ કાવ્ય
૩. કીર્તનરત્નમાળા - પ્ર. શ્રી નિત્યાનંદ સાહિત્ય મંદિર, અમદાવાદ
૪. કીર્તન સાર સંગ્રહ - પ્ર. પુરાણી સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી, ભુજ
૫. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો - પ્ર. શ્રી કૃષ્ણવલ્લભદાસ સ્વામી, અમદાવાદ
૬. ભક્તચિંતામણિ - સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી
૭. મધ્યકાળનો સાહિત્યપ્રવાહ (ખં.૫) - સંપા. ક. મા. મુનશી
૮. વચનામૃત રહસ્યાર્થ - પ્ર. શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
૯. વડોદરાનું સત્સંગદર્શન - લે. રમેશચંદ્ર પંડ્યા
૧૦. શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ - લે. શાસ્ત્રી મૂળજીભાઈ રામનાથ
૧૧. શ્રી સહજાનંદ ચરિત્ર - લે. બ્ર. શ્રી આત્માનંદ સ્વામી
૧૨. શ્રીહરિ ચરિત્ર ચિંતામણી - લે. સ. ગુ. શ્રી રૂગનાથચરણદાસ સ્વામી
૧૩. શ્રીહરિચરિત્રામૃત - સ. ગુ. શ્રી કૃષ્ણાનંદ સ્વામી

૧૪. શ્રીહરિ ચરિત્રામૃત સાગર - સ. ગુ. શ્રી આધારાનંદ સ્વામી
૧૫. શ્રીહરિ લીલામૃત (ભા. ૧-૨) - લે. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ
૧૬. શ્રીહરિલીલાકલ્પતરુ - લે. બ્ર. શ્રી અચિંત્યાનંદ સ્વામી
૧૭. શ્રીહરિચરિત્ર - લે. સ. ગુ. શ્રી અખંડાનંદ બ્રહ્મચારી
૧૮. શ્રીહરિ દિગ્વિજય - લે. સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી
૧૯. શ્રી સ્વામિનારાયણ સ્મૃતિ - લે. સ. ગુ. શ્રી ઈશાનંદ બ્રહ્મચારી
૨૦. રસબસ હોઈ રહી રસિયા સંગ (કીર્તનસંગ્રહ) - પ્ર. શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૨૧. Provinces of India (Vol - II)

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

સર્વજીવહિતાવહ
બ્રહ્મયજ્ઞના
૨૫ વર્ષ
રજત પર્વે અમૃત સમિપે
૧૯૮૧ - ૨૦૦૬

ભગવાનના સ્વરૂપની અખંડ સ્મૃતિ રહે
તે મોટામાં મોટી પ્રાપ્તિ છે
અને તેનું દિવ્ય સુખમાં રૂપાંતર થાય
તે જ સાક્ષાત્કારની સ્થિતિ.

- પૂજ્યશ્રી નારાયણભાઈ